દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 37 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 February 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


મેટિની પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## લાલ કિલ્લા આતંકી હુમલાનું સૂત્રધાર જૈશ-એ-મોહંમદ જ: યુએન રિપોર્ટ

નવી દિલ્હી: વૈશ્વિક શાંતિ અને સુરક્ષાના મામલે સંયુક્ત રાષ્ટ્ર (યુએન) દ્વારા એક અત્યંત ગંભીર અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ૩૭મા રિપોર્ટમાં ભારત વિરોધી આતંકવાદને લઈને ચોંકાવનારા ખુલાસા થયા છે. આ રિપોર્ટમાં સ્પષ્ટપણે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહંમદની ભારતની ધરતી પર વધતી ગતિવિધિઓ અને તાજેતરના હુમલાઓમાં તેમની સંડોવણીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ખાસ કરીને દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પાસે થયેલા હુમલાના તાર સીધા જૈશ સાથે જોડાયેલા હોવાનું સામે આવતા આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચી ગયો છે.

### લશ્કરને અત્યાધુનિક બનાવવા ૩.૬ લાખ કરોડ રૂપિયાના ખર્ચે શસ્ત્ર-સરંજામની ખરીદી કરાશે

# ૧૧૪ રાફેલ ખરીદવાને મંજૂરી

નવી દિલ્હી: ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની આગેવાની હેઠળની ડિફેન્સ એક્વિઝિશન કમિટીએ ગુરુવારે ભારતની ત્રણેય સેના દ્વારા મોકલવામાં આવેલી ૩.૬ લાખ કરોડની એક્વિઝિશન પ્રપોઝલ્સને મંજૂરી આપી દીધી છે. આમાં ફ્રાન્સ પાસેથી ૧૧૪ રાફેલ ફાઇટર જેટ ખરીદવાના મોટા સોદાનો પણ સમાવેશ થાય છે. ઓપરેશન સિંદૂર પછી લશ્કરને વધુ અત્યાધુનિક બનાવવાના ભાગરૂપે આ ખરીદી કરવાનો નિર્ણય લેવાયો છે.

ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન આવતા સપ્તાહમાં ભારતની મુલાકાતે આવવાના છે, એ પહેલા આ મેગા ડીલને મંજૂરી આપવામાં આવી છે. અહેવાલ મુજબ આ સોદો રૂ.૩.૨૫ લાખ કરોડ રૂપિયાનો હશે, જેને ભારતની અત્યાર સુધીની સૌથી મોટી ફાઈટર એરક્રાફ્ટ ડીલ ગણાવવામાં આવી રહી છે.

ડિફેન્સ પ્રોક્યોરમેન્ટ બોર્ડે ગત મહીને ફ્રાન્સ પાસેથી રાફેલ વિમાન ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપી હતી. અહેવાલ મુજબ રાફેલ વિમાન બનાવતી ફ્રાન્સની દસોલ્ટ એવિએશન સાથે ઔપચારિક વાટાઘાટો પણ પૂર્ણ કરવામાં આવી છે. જો કે આ સોદા અંગે સરકાર દ્વારા હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

નોંધનીય છે કે ભારતની ચીન અને પાકિસ્તાન સાથેની સરહદો પર તણાવ સતત વધી રહ્યો છે, બીજી તરફ ભારતીય વાયુ સેના ફાઈટર જેટની તીવ્ર અછતમાંથી પસાર થઇ રહી છે. સીમા વિસ્તારને

(જુઓ પાનું ૨) ▶▶



ઉજવણી: જર્મનીના કોલોનમાં અલ્ટર માર્કેટ ખાતે સ્ટ્રીટ કાર્નિવલની ઉજવણી કરતા લોકો. (એપી-પીટીઆઇ)

ઈશાન કિશન અને હાર્દિક પંડ્યાની આતશબાજી સામે નામિબિયા ઘૂંટણિયે ૧૦

# ‘રાહુલ ગાંધીનું સાંસદપદ રદ કરો’

### ...ને તેમના ચૂંટણી લડવા પર આજીવન બંધી મૂકો: ભાજપે આવી માગ સાથે રજૂ કર્યો લોકસભામાં પ્રસ્તાવ

નવી દિલ્હી: ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ગુરુવારે કહ્યું હતું કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ સબ્સ્ટેન્શિવ મોશન (મૂળ અને નક્કર પ્રસ્તાવ) ચલાવવાની, લોકસભાનું તેમનું સભ્યપદ રદ કરવાની અને ચૂંટણી લડવા તેમના પર આજીવન પ્રતિબંધ મૂકવાની માગણી કરતી નૉટિસ મેં દાખલ કરી છે.

સંસદના પરિસરમાં પ્રસારમાધ્યમ સાથેની વાતચીતમાં દુબેએ કહ્યું હતું કે વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિદેશની મુલાકાત લઈ કઈ રીતે સોરોસ ફાઉન્ડેશન, યુએસએઆઈડી, ફોર્ડ ફાઉન્ડેશન સાથે હાથ મિલાવે છે અને દેશવિરોધી તત્ત્વો સાથે મળીને દગામાં સંતલસ કરે છે નૉટિસમાં એ જણાવ્યું છે. સબ્સ્ટેન્શિવ મોશન સ્વતંત્ર, સ્વતઃસંપૂર્ણ પ્રસ્તાવ છે જેનો મુસદ્દો અભિપ્રાય કે નિર્ણય માટે તૈયાર કરી મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે. મેં વિશેષાધિકારની નૉટિસ નથી આપી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે મેં સબ્સ્ટેન્શિવ મોશનની નૉટિસ આપી છે જેમાં રાહુલ ગાંધી અવારનવાર

(જુઓ પાનું ૨) ▶▶

## જૂઠાડા, લુચ્ચા રાહુલ દેશમાં આંતરવિગ્રહ શરૂ કરાવવા માગે છે: ગિરિરાજ સિંહ

નવી દિલ્હી: કેન્દ્રના પ્રધાન ગિરિરાજ સિંહે ગુરુવારે રાહુલ ગાંધીને ‘જૂઠા અને લુચ્ચા’ કહ્યા હતા અને જણાવ્યું હતું કે કૉંગ્રેસના આ નેતા દેશમાં આંતરવિગ્રહ શરૂ કરાવીને પોતાના નાનાને ત્યાં (વિદેશમાં) નાસી જશે. રાહુલ નકલી ખેડૂત છે. તેમને જવ અને ઘઉંની વચ્ચેનો તેમ જ વાછરડી અને વાછરડા વચ્ચેનો તફાવત ખબર નથી.

તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસ પક્ષ કેન્દ્રમાં સત્તા પર આવવામાં નિષ્ફળ જતો હોવાથી રાહુલ દેશમાં આંતરવિગ્રહ શરૂ કરાવવા માગે છે. રાહુલ ભારત અને અમેરિકા વચ્ચે થયેલા વેપાર-સોદા અંગે દેશના ખેડૂતોના મનમાં ગૂંચવણ ઊભી કરી રહ્યા છે. દરમિયાન, ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ રાહુલ ગાંધીનાં દેશવિરોધી તત્ત્વોની સાથે ઘનિષ્ઠ સંબંધ હોવાનો આક્ષેપ કર્યો

(જુઓ પાનું ૨) ▶▶

## નશામાં ધૂત પોલીસ કારને ઈ-રિક્ષા સાથે અથડાવતા યુવતીનું મોત

અંબાલા: ગુડગાંવમાં અંબાલા કેન્ટોનમેન્ટમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ દ્વારા કથિત રીતે દારૂ પીને ઝડપી ગતિએ ચલાવવામાં આવેલી કારે ઈ-રિક્ષાને ટક્કર મારતા એક ખાનગી કંપનીમાં કામ કરતી એક યુવતીનું કચડાઈને મોત થયું હતું.

પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના બુધવારે સાંજે કાલી પલટન બ્રિજ પાસે બની હતી.

આરોપી પોલીસ અધિકારી અમિત કુમાર, જે હરિયાણા પોલીસના હેડ કોન્સ્ટેબલ છે, તેની ધરપકડ કરવામાં આવી છે.

મૃતક નિકિતા બજાજ તેના ભાઈ સાથે રાત્રે લગભગ ૮.૩૦ વાગ્યે કેન્ટોનમેન્ટથી ઈ-રિક્ષામાં સવાર થયા હતા.

ઈ-રિક્ષા ચાલક, રવિન્દર સિંહે જણાવ્યું હતું કે, જ્યારે વાહન અંબાલા શહેર નજીક પહોંચ્યું, ત્યારે હેડ કોન્સ્ટેબલ દ્વારા કથિત રીતે ઝડપી ગતિએ ચલાવવામાં આવેલી હોન્ડા સિટી કારે પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

ટક્કરને કારણે ઈ-રિક્ષાએ કાબૂ ગુમાવ્યો હતો અને નિકિતા રસ્તા પર પટકાઈ હતી. ત્યારબાદ કાર તેના પર ચડી ગઈ હતી. તેને અંબાલા શહેરની સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

સિંહે જણાવ્યું હતું કે સ્થાનિક લોકો ઘટનાસ્થળે ભેગા થયા હતા, તેમણે ડ્રાઇવરને પકડીને પોલીસને સોંપી દીધો હતો.

કેટલાક પ્રત્યક્ષદર્શીઓ અને મહિલાના સંબંધીઓએ આરોપ લગાવ્યો હતો કે અકસ્માત સમયે અધિકારી નશામાં હતો અને પોલીસ પર તેમના સાથીદારને બચાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો.

નિકિતાના પિતા, જસપાલ બજાજે, આરોપી તરફથી બેદરકારીનો આરોપ લગાવતા કડક કાનૂની કાર્યવાહી અને ન્યાયી તપાસની માગ કરી હતી.

હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં મોડી રાત સુધી તણાવ ફેલાયો હતો કારણ કે સંબંધીઓ અને અન્ય લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું, અને માંગ કરી હતી કે આરોપીની તબીબી તપાસ મીડિયાની હાજરીમાં કરવામાં આવે.

વ્યવસ્થા જાળવવા માટે વધારાના પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે આરોપોની તપાસ કરવામાં આવી રહી છે અને આ મામલાની તપાસ ચાલુ છે.

નિકિતાના પરિવારના જણાવ્યા મુજબ, નિકિતા છેલ્લા ચાર વર્ષથી ગુડગાંવમાં કામ કરતી હતી, જ્યારે તેનો ભાઈ નવી દિલ્હીની એક હોટલમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે.



**નસીબનું તાળું ખોલવા આ મંદિરમાં તાળું લગાવો...:** પ્રયાગરાજમાં નાગેશ્વરનાથ મહાદેવ મંદિરમાં માનતા પૂરી કરવા માટે ભક્તોમાં અહીં પોતાનું નામ લખીને તાળું લગાવવાની પ્રથા છે. ૫૦૦થી પણ વધુ વર્ષ પ્રાચીન આ મંદિરનું નિર્માણ મોગલકાળમાં થયું હતું. મહાશિવરાત્રિ પહેલા અહીં ફરી લોકોનો ધસારો શરૂ થયો છે.(એજન્સી)

## ‘રેરા’ ડિફૉલ્ટર બિલ્ડર્સને મદદ કરે છે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે ગુરુવારે જણાવ્યું હતું કે બધા રાજ્યે રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઑથૉરિટી (રેરા)ના બંધારણ - રચના અંગે પુનર્વિચાર કરવાની જરૂર છે, કારણ કે આ સંસ્થા ડિફૉલ્ટર બિલ્ડર્સને સહાય કરવા સિવાય કંઇ નથી કરતી. તેને નાબૂદ કરો તો સારું છે અને અમે કોઇ વાંધો નહિ લઇએ. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બૅન્ચે જણાવ્યું હતું કે જે લોકો માટે ‘રેરા’ની રચના કરાઇ હતી, તેઓ (‘રેરા’ની કામગીરીથી) ‘સંપૂર્ણ હતાશ થઇ ગયા છે, કંટાળી ગયા છે અને નિરાશ થઇ ગયા છે’ તેમ જ જો આ સંસ્થાને નાબૂદ કરાય તો પણ અમને કોઇ વાંધો નથી જણાતો. બૅન્ચને જ્યારે જણાવાયું કે ‘રેરા’ની ઑફિસમાં એક નિવૃત્ત આઇએએસ અધિકારીની નિમણૂક કરાઇ છે, ત્યારે દેશના મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે દરેક રાજ્યમાં ‘રેરા’ એક ‘રિહેબિલિટેશન સેન્ટર’ (પુનર્વસન કેન્દ્ર) બની ગઇ છે. આ સંસ્થામાં બધે આવા જ લોકો ભર્યા છે. ‘રેરા’ જનતાને કોઇ અસરકારક રાહત નથી આપતી. સર્વોચ્ચ અદાલતે હિમાચલ

(જુઓ પાનું ૨) ▶▶



વિરોધ: આર્જેન્ટિનાના પ્રમુખ જેવિયર મિલેઇ દ્વારા સૂચિત શ્રમિકોને લગતા ખરડાના વિરોધમાં બ્યુનોસ એરીસમાં પોલીસની હાજરીમાં દેખાવ કરી રહેલા વિપક્ષના ટેકેદારો અને ટ્રેડ યુનિયનના સભ્યો. (એપી-પીટીઆઇ)

## ગાર્મેન્ટ નિકાસમાં અમેરિકા ભારતને પણ બાંગ્લાદેશ જેવો જ લાભ આપશે: પીયૂષ ગોયલ

નવી દિલ્હી: વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકા સાથેના વેપાર કરાર હેઠળ ભારતને અમેરિકાના યાર્ન અને કપાસમાંથી બનેલા વસ્ત્રો પર મળતી સમાન રાહત ડ્યૂટીનો લાભ મળશે જે હાલમાં બાંગ્લાદેશને મળી રહ્યો છે. અમેરિકા બાંગ્લાદેશી માલસામાન પર પારસ્પરિક ડ્યૂટી ઘટાડીને ૧૯ ટકા કરશે, પરંતુ કાપડ પર શૂન્ય ડ્યૂટી ત્યારે જ લાગશે જ્યારે તે અમેરિકાના કપાસ અને કૃત્રિમ રેસામાંથી બનેલા વસ્ત્રો હોય. હાલમાં બાંગ્લાદેશી વસ્ત્રો પર ૩૧ ટકા ડ્યુટી (૧૨ ટકા મોસ્ટ ફેવર્ડ નેશન ડ્યૂટી અને ૧૯ ટકા પારસ્પરિક ડ્યૂટી) લાગે છે અને જો અમેરિકન રેસાનો ઉપયોગ કરવામાં આવે છે તો ડ્યુટી ઘટાડીને ૧૨ ટકા થઈ જશે.

ગોયલે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, બાંગ્લાદેશને જે મળ્યું છે, તે ભારતને પણ અંતિમ કરારમાં મળવાનું છે. તેમણે કહ્યું કે જો કોઈ ભારતીય કંપની અમેરિકાથી યાર્ન અને કપાસ ખરીદીને કપડાં બનાવે છે અને તેને

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકામાં પોલીસ કાર નીચે આવેલી ભારતીય યુવતીના પરિવારને ૨૬૨ કરોડ રૂપિયાનું વળતર



**પોલીસે હસતાં-હસતાં કહેલું કે ઈન્ડિયન સ્ટૂડન્ટ જાહ્નવી કંડુલાની જાનની કિંમત મામૂલી**

વૉશિંગ્ટન: અમેરિકાના વૉશિંગ્ટનના સિએટલમાં ૨૦૨૩માં રસ્તો ઓળંગતી વખતે પોલીસ અધિકારીની ઝડપથી આવતી કાર નીચે કચડાયેલી ભારતીય વિદ્યાર્થિની જાહ્નવી કંડુલાના પરિવારને ૨.૯ કરોડ ડૉલર (અંદાજે રૂપિયા ૨૬૨ કરોડ) ચૂકવવા સમાધાન થયું હતું.

શહેરના એટર્ની એરિકા ઇવાન્સે બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે જાહ્નવી કંડુલાનું મૃત્યુ હૃદયદ્રાવક હતું અને અમે આશા રાખીએ છીએ કે વળતરની આ રકમથી જાહ્નવી કંડુલાના પરિવારને થોડી રાહત મળશે. જાહ્નવીનું જીવન તેના પરિવારના સભ્યો, તેના મિત્રો અને અમારા સમાજ માટે અમૂલ્ય હતું.

જાહ્નવી કંડુલા આંધ્ર પ્રદેશની હતી અને સાઉથ લૅક યુનિયનમાં નૉર્થઇસ્ટર્ન યુનિવર્સિટી કૅમ્પસમાં માસ્ટરની ડિગ્રી માટે અભ્યાસ કરતી હતી. તે સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ ૨૦૨૧માં બેંગલૂરુથી અમેરિકા ભણવા આવી હતી અને આ ડિસેમ્બરમાં ગ્રેજ્યુએટ થવાની હતી.

પોલીસ અધિકારી કેવિન ડેવ કલાક દીઠ ૪૦ કિલોમીટર (કલાક દીઠ પચીસ માઇલ)ની ઝડપની મર્યાદા જ્યાં હતી ત્યાં કલાક દીઠ ૧૧૯ કિલોમીટર

(જુઓ પાનું ૨) ▶▶

## બાંગ્લાદેશમાં બળવા પછી પહેલી ચૂંટણી: નોંધપાત્ર મતદાન

ઢાકા: બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીમાં મતદાન બાદ તુરત મતગણતરી શરૂ કરી દેવાઇ હતી. બળવા પછીની આ પહેલી ચૂંટણીમાં નોંધપાત્ર મતદાન થયું હતું.

બાંગ્લાદેશની સંસદની ૩૦૦માંથી ૨૯૯ બેઠક પર મતદાન ગુરુવારે સવારે સ્થાનિક સમય મુજબ ૭.૩૦ વાગ્યે શરૂ થયું હતું. એક બેઠકના ઉમેદવારના નિધનને લીધે ત્યાં મતદાન મુલતવી રખાયું હતું.

બાકી હિંસાની છૂટીછવાઈ ઘટનાઓ બની હતી.સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરાઇ હતી.

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી અને તેના એક સમયના સાથી પક્ષ જમાતે ઇસ્લામી વચ્ચે સીધી સ્પર્ધા થઇ હતી.

પદભ્રષ્ટ કરાયેલા વડાં પ્રધાન શેખ હસીનાના પક્ષ અવામી

(જુઓ પાનું ૨) ▶▶

## ઈન્કમ ટૅક્સની ઊંચી વસૂલાતનો અર્થ મિડલ કલાસ કચડાયો હોવાનો નથી: સીતારમણ

નવી દિલ્હી : વ્યક્તિગત આવકવેરાની ઊંચી વસૂલાતનો અર્થ એ નથી કે દેશમાં મધ્યમ વર્ગ દબાઈ રહ્યો છે અથવા કચડાઈ રહ્યો છે, તેવું નાણા પ્રધાન નિર્મલા સીતારમણે ગુરુવારે રાજ્યસભામાં જણાવ્યું હતું.

દેશમાં મધ્યમ વર્ગના કોઈ દમનના કોઈ પુરાવા નથી, પરંતુ મધ્યમ વર્ગના વિસ્તરણના પુરાવા છે, એમ તેમણે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ પર ચર્ચાનો જવાબ આપતા કહ્યું.

ઉચ્ચ વ્યક્તિગત આવકવેરાની વસૂલાતનો અર્થ એ નથી કે દેશમાં મધ્યમ વર્ગ દબાઈ રહ્યો છે અથવા કચડાઈ રહ્યો છે, એમ તેમણે કહ્યું.

સીતારમણે કહ્યું કે બજેટમાં લેવામાં આવેલા પગલાં એક સ્થિતિસ્થાપક, આત્મનિર્ભર ભારત બનાવવાના દેશના સંકલ્પને સાબિત કરે છે અને રાજ્યસભાના સભ્યોને બજેટમાં જાહેર કરાયેલી યોજનાઓમાં ભાગ લેવા માટે તેમની સંબંધિત રાજ્ય સરકારોને કહેવા વિનંતી કરી હતી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીનું નામ એપસ્ટીન સાથે કઈ રીતે જોડી શકાય?

**અંતે** વિકૃત માનસિકતા ધરાવતા સેક્સ અપરાધી જેફરી એપસ્ટીનનો રેલો ભારત લગી આવી ગયો. અઠવાડિયા પહેલાં જેફરી એપસ્ટીનને લગતા ૩૦ લાખ જેટલા દસ્તાવેજો અમેરિકન સરકારે બહાર પાડ્યા ત્યારથી દુનિયાભરમાં જેફરી એપસ્ટીન ફાઈલ્સની ચર્ચા થવા માંડેલી પણ ભારતમાં મીડિયા ચૂપ હતું. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરીનાં નામોનો ઉલ્લેખ હોવા છતાં ભારત સરકાર પણ ચૂપ હતી.

કેટલાક કૉંગ્રેસી નેતાઓએ એપસ્ટીન ફાઈલ્સમાં મોદીના ઉલ્લેખને આધાર બનાવીને ગંભીર આક્ષેપ કરેલા. ફેબ્રુઆરીના પહા સપ્તાહમાં કૉંગ્રેસે એપ્સ્ટીન ફાઇલ્સનો મુદ્દો ઉઠાવ્યો હતો પણ મીડિયાએ તેને મહત્ત્વ નહોતું આપ્યું. કૉંગ્રેસના નેતા પવન ખેરાએ ૧૬ માર્ચ, ૨૦૧૭ના રોજ અનિલ અંબાણી અને જેફરી એપ્સટીન વચ્ચેની ચેટના સ્ક્રીનશોટ એક્સ પર મૂકેલા. આ ચેટમાં અનિલ અંબાણી ટ્રમ્પના જમાઈ જેડ કુશનર અને ટ્રમ્પના ખાસ માણસ બેનને મળવા માટે તથા ટ્રમ્પ-મોદીની મુલાકાત ગોઠવવામાં એપસ્ટીનની મદદ માગી રહ્યા છે. ગુજરાતમાં કૉંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ વીડિયો મૂકીને મોદીને સેક્સ અપરાધી સાથે સાંઠગાંઠ હોવાનો આક્ષેપ કરેલો, મોદીનો ઉલ્લેખ ધરાવતા એપસ્ટીને કરેલા કહેવાતા કેટલાક ઈ-મેલ પણ સોશિયલ મીડિયામાં ફરતા થઈ ગયેલા છતાં ભારત સરકારે કોઈ ચોખવટ કરવાનું મુનાસિબ નહોતું માન્યું.

હવે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીની એપસ્ટીન સાથેની મુલાકાતોનો ઉલ્લેખ કર્યો એ સાથે જ ભારત સરકાર સફાળી જાગી છે ને સ્પષ્ટતા કરી છે કે, મોદીના ઉલ્લેખ સાથે ફરતા થયા ઈ-મેલમાં જૂઠાણાં છે. વિદેશ મંત્રાલયે એપસ્ટીન ફાઈલ્સ અંગે સત્તાવાર નિવેદન આપીને કહ્યું છે કે, અમે એપસ્ટેઈન ફાઈલ્સ સંબંધિત એક ઈમેલ અંગેના અહેવાલો જોયા છે કે જેમાં વડા પ્રધાનની ઈઝરાયલ મુલાકાતનો ઉલ્લેખ છે. જુલાઈ ૨૦૧૭માં વડા પ્રધાનની ઈઝરાયલ મુલાકાત સત્તાવાર હતી પણ ઈમેલમાં લખાયેલી બીજી વાતો એક દોષિત અપરાધીએ કરેલો બકવાસ છે અને તેને સંપૂર્ણપણે નકારી કાઢવો જોઈએ.

રાહુલ ગાંધીએ લોકસભામાં વિવાદમાં તેમનું નામ લેતાં દોડતા થઈ ગયેલા કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ તો પ્રેસ કોન્ફરન્સ કરી નાંખી. પુરીએ એપસ્ટીનના ગુનાહિત કેસો સાથે પોતાને કોઈ સંબંધ હોવાના આક્ષેપોને બકવાસ ગણાવ્યા છે પણ સાથે સાથે કબૂલ્યું છે કે, પોતે જેફરી એપસ્ટીનને ત્રણ-ચાર વાર મળ્યા હતા પણ તેમની વાતચીત અને મુલાકાતો સંપૂર્ણપણે પ્રોફેશનલ હતી.

પુરીનો દાવો છે કે, પોતે મે ૨૦૦૯માં ન્યૂ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત તરીકે કાર્યભાર સંભાળ્યો પછી ઇન્ડિપેન્ડન્ટ કમિશન ઓન મલ્ટિલેટરલિઝમ અને અન્ય આંતરરાષ્ટ્રીય કાર્યોના સંદર્ભમાં એપસ્ટીનને મળ્યા હતા પણ એપસ્ટીનના જાકુબીના બીજા ધંધાઓ સાથે પોતાને કોઈ લેવાદેવા નથી. પુરીએ પોતે એપસ્ટીનના ખાસ સાથી મનાતા લિંક્ડઇનના સ્થાપક રીડ હોફમેનને મળ્યા હોવાનું પણ કબૂલ્યું છે પણ આ બેઠકો ભારતમાં ઇન્ટરનેટ અને પ્રોફેશનલ તકો વિશે ચર્ચાઓ માટે હતી એવો દાવો પણ કર્યો છે.

મોદીની નજીક કહેવાતા રવિ મંથાનો પણ એપસ્ટીન ફાઈલ્સમાં ઉલ્લેખ છે. અનિલ અંબાણીનો ઘણી વાર ઉલ્લેખ છે. અનિલે મોદી ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે અમેરિકાના અધિકારીઓ સાથે મોદીની મુલાકાતો ગોઠવવા એપસ્ટીનનો સંપર્ક કરેલો એવા ઈ-મેલમાં ઉલ્લેખ છે. ડોનલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા ત્યારે પણ અનિલે મોદી વતી ટ્રમ્પની નજીકના માણસો સાથે મુલાકાતો ગોઠવવા કહેલું એવા ઉલ્લેખ છે.

જેફરી એપસ્ટીને મોદીનો સીધો ઉલ્લેખ કરીને કરેલા ઈ-મેલમાં મોદી ૨૦૧૭માં ઈઝરાયલ ગયા હતા ત્યારે ડોનલ્ડ ટ્રમ્પના ઈશારે નાચ્યા હતા અને ગાયું હતું એવો ઉલ્લેખ છે. આ વાતનો મતલબ મોદીએ ડાન્સ કરેલો એવો નથી પણ ટ્રમ્પના ઈશારે વર્ત્યા હતા એવો થાય છે. મોદીની મુલાકાત પછી ભારતની ઈઝરાયલ પાસેથી શસ્ત્રોની ખરીદી વધી ગયેલી એ સંદર્ભમાં આ વાત છે. ભારત સરકારે આ ઈ-મેલના સંદર્ભમાં જ સ્પષ્ટતા કરી છે.

જેફરી એપસ્ટીન વિકૃત માનસિકતા ધરાવતો હતો. એપસ્ટીન ધનિકોને સેક્સ માટે સગીર છોકરીઓ અને છોકરા પૂરા પાડતો હતો. કુખ્યાત જેમ્સ એપસ્ટીન અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની માર-અ-લાગોનો સભ્ય હતો અને ટ્રમ્પનો મિત્ર હતો. એપસ્ટીન પોતાનો વિકૃત્તિનો ધંધો માર-અ-લાગોમાં જ ચલાવતો હતો એવું કહેવાય છે. એ સિવાય બીજા ટાપુઓ પર પણ એપસ્ટીન સેક્સ પાર્ટીઓ કરતો ને તેમાં દુનિયાભરના ધનિકો આવતા.

એપસ્ટીનને તેનાં કુકર્મો બદલ સજા થયેલી અને ૨૦૧૯માં જેલમાં જ તેણે આપઘાત કરી લીધો હતો. એપસ્ટીન ખરેખર મર્યો નથી પણ મરવાનું નાટક કરીને તેને ટ્રમ્પે ઈઝરાયલ મોકલી દીધેલો એવી વાતો પણ ચાલે છે. આ વાતો સાચી છે કે નહીં ખબર નથી પણ એપસ્ટીન મળવા જેવો કે સંબંધો રાખવા જેવો માણસ નહોતો એ સંપૂર્ણ સત્ય છે તેથી હરદીપ પુરી તેને મળ્યા હોય એ ખરાબ તો કહેવાય જ પણ માત્ર મળવાથી જ એપસ્ટીનનાં પાપોમાં ભાગીદાર હતા કે તેનો કોઈ ગેરફાયદો લીધો હતો એવું સાબિત થતું નથી.

એપસ્ટીન વગદાર માણસ હતો ને દુનિયામાં ઘણા શાસકો સાથે તેને દોસ્તી હતી. ડોનલ્ડ ટ્રમ્પનો તો એ ખાસ ગોઠિયો ગણાતો તેથી અમેરિકામાં ને બીજા દેશોમાં પણ ભારતમાં કામ કઢાવવા માટે હરદીપ પુરી એપસ્ટીનને મળ્યા હોઈ શકે છે પણ તેના કારણે પુરીનો પગ કુંડાળામાં પડેલો કે બીજા વિકૃતોની જેમ એપસ્ટેઈન સાથે તેમના વિકૃતિઓ સંતોષવા માટેના સંબંધો હતા એવું ના કહી શકાય.

મોદી તો કદી એપસ્ટીનને મળ્યા પણ નથી એ જોતાં મોદીનું એપસ્ટીન સાથે નામ જોડવું એ એક પ્રકારની માનસિક વિકૃતિ જ ગણાય. એપસ્ટીને પોતે મોદીનો ઉલ્લેખ કર્યો છે પણ એ પોતે સાચું બોલતો હોય તેની ગેરંટી નથી. દુનિયાભરના શાસકો પોતાના ઈશારે નાચે છે ને પોતાની આગળપાછળ ફરે છે એવું બતાવવા તેણે ફિશિયારી મારી હોય એ શક્ય છે. જે માણસ પોતે અત્યંત ગંભીર પ્રકારના અપરાધો માટે દોષિત ઠરી ચૂક્યો છે તેની વાતને સંપૂર્ણ સાચી કઈ રીતે માની શકાય ?

અનિલ અંબાણી મોદી વતી મુલાકાતો માટે મથતા હતા એવી વાતો સાચી હોય તો પણ તેનો અર્થ નથી. દેશના હિતમાં બીજા દેશના વગદાર લોકો સાથે મીટિંગો કરવા માટે ઘણી ચેનલો ચલાવાતી હોય છે. અનિલ અંબાણીએ પોતાના જોરદાર કોન્ટેક્ટ્સ હોવાની વાતો કરી હોય તેથી એ ચેનલ ચલાવાઈ હોય એ શક્ય છે પણ તેનો અર્થ એ પણ નથી કે, અનિલ અંબાણી એપસ્ટેઈન મારફતે બધી ગોઠવણો કરી રહ્યા છે તેની મોદીને ખબર હોય.

ટૂંકમાં મોદી કે હરદીપસિંહ પુરીને એપસ્ટીનના ખરાબ ધંધા સાથે કોઈ રીતે જોડી શકાય તેમ નથી. કૉંગ્રેસે રાજકીય ફાયદાને ખાતર આ સ્તરે જવાની જરૂર નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, શુક્રવાર, તા. ૧૩-૨-૨૦૨૬, વિજ્યા એકાદશી (પેંડા)

- ભારતીય દિનાંક ૨૪, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૬મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ સાંજે ક. ૧૬-૧૨ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૮-૩૫, રાત્રે ક. ૨૨-૩૬
- ઓટઃ બપોરે ક. ૧૫-૧૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૮ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માઘ કૃષ્ણ-એકાદશી. વિજ્યા એકાદશી (પેંડા), સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી ક. ૧૨-૫૩ સુધી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૧૨-૫૩ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સંક્રાંતિ પુણ્યકાળમાં સાંસારિક, માંગલિક કાર્ય વર્જ્ય છે, નદી-સંગમ-તીર્થમાં, સ્નાન-તર્પણ, શ્રાદ્ધ, સૂર્ય-વિષ્ણુ-શિવપૂજા, બ્રાહ્મણ ભોજન, આદિ ધર્મકાર્યનો મહિમા. મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, શુક્ર-કેતુ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પ્રાણી પાળવા, બી વાવવું, ધાન્ય ભરવું, ખેતીવાડી.
- આચમનઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ કળાપ્રેમી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## કાનપુર લેમ્બોર્ગિની અકસ્માતઃ અમીર નબીરાને કલાકોમાં જામીન

કાનપુરઃ ઉત્તર પ્રદેશના કાનપુરમાં થયેલા લેમ્બોર્ગિની અકસ્માતનો મામલો દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો છે, પોલીસ પર આરોપ લગાવવામાં આવી રહ્યા હતાં કે તે શહેરના જાણીતા ઉદ્યોગપતિ કે કે મિશ્રાના દીકરા શિવમ મિશ્રાને આ કેસમાંથી બચાવવાનો પ્રયાસ કરી રહી છે. એવામાં આજે પોલીસે ૨૬ વર્ષીય શિવમ ધરપકડ કરી હતી. જોકે આરોપીને ગણતરીના કલાકોમાં જ ૨૦ હજાર રૂપિયાના હાથમુચરકા પર જામીન મળ્યા હતા.

ગત રવિવારે બપોરે કાનપુરના વીઆઈપી રોડ પર અકસ્માત સર્જાયો હતો, ૧૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતની ઇટાલિયન લક્ઝરી સ્પોર્ટ્સ કાર લેમ્બોર્ગિની એ કેટલાક વાહનો અને રાહદારીઓને હડફેટે લીધા હતાં.

પોલીસના જણાવ્યા મુજબ કારે પહેલા ઓટોરિક્ષા અને એક પાર્ક કરેલી મોટરસાઇકલને ટક્કર મારી, ત્યાર બાદ કાર ફૂટપાથ પર ચઢી અને વીજળીના થાંભલ સાથે અથડાઈ. આ અકસ્માતમાં ઓટોરિક્ષા ચાલક તૌસીફ અહેમદ અને બે મોટરસાઇકલ સવાર વિશાલ અને સોનુ ત્રિપાઠીને ઈજા પહોંચી હતી. સદભાગ્યે કોઈ જાનહાનિ થઇ ન હતી.

આ મામલો એટલા માટે ચર્ચાનો વિષય બન્યો કેમ કે પોલીસે શિવમ મિશ્રાને બચાવવાનો પ્રયાસ કર્યો અને તેને વીઆઇપી ટ્રીટમેન્ટ આપી. અકસ્માત થયાના તુરંત બાદ પોલીસ પહેલા પ્રાઈવેટ બાઉન્સરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં, લેમ્બોર્ગિની કારમાંથી શિવમ મિશ્રા બહાર કાઢ્યો અને તેને ઘટનાસ્થળેથી દૂર લઇ જવાનો પ્રયાસ કર્યો.

થોડી વાર બાદ સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને લેમ્બોર્ગિની કાર જપ્ત કરી હતી, પરંતુ શિવમ મિશ્રાનો એક પ્રાઈવેટ બાઉન્સર કાર ચલાવીને પોલીસ સ્ટેશન લઇ ગયો. પોલીસ સ્ટેશનમાં કાર પર કોઈ લીસોટાના પડે એ માટે કવરથી વ્યવસ્થિત ઢાંકવામાં આવી. લોકો આરોપ લગાવી રહ્યા છે પુરાવા સાથે છેડછાડ કરવા માટે આવું કરવામાં આવ્યું હતું.

## સેવા તીર્થ, કર્તવ્ય ભવનોનું મોદી આજે ઉદ્ઘાટન કરશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ ફેબ્રુઆરીએ વડા પ્રધાન કાર્યાલયના નવા મકાન સેવા તીર્થ અને કર્તવ્ય ભવન એક અને બેનું ઉદઘાટન કરશે, એમ તેમના કાર્યાલયે બુધવારે જણાવ્યું હતું.

શુક્રવારે ઉદઘાટન ભારતના વહીવટી શાસન સ્થાપત્યમાં એક પરિવર્તનશીલ સીમાચિહ્નરૂપ છે અને આધુનિક, કાર્યક્ષમ, સુલભ અને નાગરિક-કેન્દ્રિત શાસન ઇકોસિસ્ટમ બનાવવા માટે વડા પ્રધાનની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, એમ વડા પ્રધાન કાર્યાલયના એક નિવેદનમાં જણાવાયું છે.

દાયકાઓથી, ઘણી મુખ્ય સરકારી કચેરીઓ અને મંત્રાલયો સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં અનેક સ્થળોએ ફેલાયેલા ખંડિત અને જૂના માળખામાંથી કાર્યરત હતા.આ વિખેરાઈ જવાથી કાર્યકારી બિનકાર્યક્ષમતા, સંકલન પડકારો, વધતા જાળવણી ખર્ચ અને ઓછા કાર્યકારી વાતાવરણ તરફ દોરી ગયા. નવા મકાન સંકુલ આધુનિક, ભવિષ્ય માટે તૈયાર સુવિધાઓમાં વહીવટી કાર્યોને એકીકૃત કરીને આ મુદ્દાઓને સંબોધિત કરે છે, એમ તેમાં જણાવાયું છે.

સેવા તીર્થમાં વડા પ્રધાન કાર્યાલય, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલય આવેલા છે, જે બધા અગાઉ અલગ અલગ સ્થળોએ સ્થિત હતા.કર્તવ્ય ભવન એક અને બે માં કાયદો, સંરક્ષણ, નાણાં, આરોગ્ય, કૃષિ અને અન્ય ઘણા મુખ્ય મંત્રાલયોનો સમાવેશ થાય છે.

બંને બિલ્ડિંગ સંકુલમાં ડિજિટલી સંકલિત ઓફિસો, માળખાગત જાહેર ઇન્ટરફેસ ઝોન અને કેન્દ્રિયકૃત સ્વાગત સુવિધાઓ છે.

## ભારતની એઆઈ ટૅકનોલૉજી સર્વસમાવેશક હશેઃ ધર્મેન્દ્ર પ્રધાન

નવી દિલ્હી : કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગુરુવારે જણાવ્યું હતું કે ભારતની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સમાવિષ્ટ, અલગ અલગ ટેકનોલોજી સિસ્ટમ સાથે સરળતાથી કામ કરવામાં સક્ષમ અને સંપૂર્ણપણે ભારતની પોતાની ક્ષમતાઓ પર આધારિત હશે.

તેમણે ''ભારત બોધન એઆઈ સમિટ ૨૦૨૬'' ના ઉદઘાટન સત્રમાં આ નિવેદન આપ્યું હતું. બે દિવસીય આ સમિટમાં કેન્દ્ર અને રાજ્યોના વરિષ્ઠ નીતિ નિર્માતાઓ, સંશોધકો, શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગજગતના દિગ્ગજો હાજરી આપશે. આ સમિટમાં ઈનોવેશન અને રાષ્ટ્રીય ક્ષમતા વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતા ભારતની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવામાં એઆઈની રણનીતિક ભૂમિકા પર ચર્ચા કરવામાં આવશે.

પ્રધાને કહ્યું હતું કે, ભારતની એઆઈ ડિઝાઇનના હિસાબે સમાવિષ્ટ, અલગ અલગ ટેકનોલોજી સિસ્ટમ સાથે સરળતાથી કામ કરવામાં સક્ષમ અને સંપૂર્ણપણે ભારતની પોતાની ક્ષમતાઓ પર આધારિત હશે. આપણે આપણા વિદ્યાર્થીઓને સશક્ત બનાવવા અને આપણા શિક્ષકોની મદદ માટે શિક્ષણમાં એઆઈનો ઉપયોગ કરવો પડશે. હું તમામ હિસ્સેદારોને આહવાન કરું છું કે તેઓ શિક્ષણ ક્ષેત્રમાં પરિવર્તિત લાવવા અને વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવા માટે સુરક્ષિત, જવાબદાર, નૈતિક, સમાવિષ્ટ અને ભારત કેન્દ્રિત સાર્વભૌમ એઆઈ મોડલ વિકસિત કરે.

## 'ઘૂસખોર પંડત': આઈબી, સીબીએફસી, નીરજ પાન્ડેને સુપ્રીમની નૉટિસ

નવી દિલ્હીઃ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના નામે સમાજના એક વર્ગને તમે બદનામ ન કરી શકો એમ જણાવી કોર્ટે ગુરુવારે ફિલ્મના શીર્ષક 'ઘૂસખોર પંડત'ના નિર્માતા નીરજ પાન્ડેને આડેહાથ લીધા હતા. મનોજ વાજપેયી અભિનિત આ ફિલ્મને ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રીલિઝ કરવા પર સ્ટે આપવાની માગણી કરતી અરજીની કોર્ટ સુનાવણી કરી રહી હતી. ન્યાયાધીશ બી. વી. નાગરત્ન અને ઉજ્જલ ભુયાનની બનેલી ખંડપીઠે અરજીને મામલે માહિતી અને પ્રસારણ ખાતા, સેન્ટ્રલ બૉર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન અને પાન્ડેને નૉટિસ પાઠવી હતી. આ પ્રકારના શીર્ષકનો ઉપોગ કરી શા માટે તમે સમાજના એક વર્ગને બદનામ કરી રહ્યા છો. અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય તમને કોઈનું અપમાન કરવાની પરવાનગી નથી આપતી.

## ડીડીનાં ન્યૂઝ-રીડર સરલા મહેશ્વરીનું નિધન

નવી દિલ્હીઃ ૮૦ અને ૯૦ના દાયકામાં ટીવીના સૌથી જાણીતા ચહેરાઓમાંના એક, દૂરદર્શનના ભૂતપૂર્વ સમાચાર વાચક સરલા મહેશ્વરીનું ગુરુવારે અહીં અવસાન થયું. તેઓ ૭૧ વર્ષના હતા.મહેશ્વરી ૧૯૭૬થી ૨૦૦૫ સુધી ટીવી સમાચારનો પરિચિત ચહેરો હતા, તેમની સાથે સલમા સુલતાન, મીનુ તલવાર, શમ્મી નારંગ, ગીતાંજલી ઐયર, નીતિ રવિન્દ્રન અને અન્ય લોકો પણ હતા, તેમના નામ ભારતના પ્રસારણ અને બ્લેક અને વાઇટથી રંગીન સુધીના તેના વિકાસની યાદો ઉજાગર કરે છે. તે દિવસો જ્યારે પ્રસારણ દિવસમાં થોડા કલાકો સુધી મર્યાદિત હતા અને જ્યારે જોવા માટે ફક્ત એક જ ચેનલ હતી.તેમના મૃત્યુની - સૌપ્રથમ સહ-એન્કર અને મિત્ર શમ્મી નારંગ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી - તેમના સાથીદારો, મિત્રો, કૉંગ્રેસ અને ફક્ત જૂના સમયના દર્શકો દ્વારા શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો, જેમણે તેમની શાંતિ, સંતુલન અને તેમની વિશિષ્ટ 'સીધા પલ્લા' સાડીને યાદ કરી હતી.

## રાજપાલ યાદવ ચાર રાત જેલમાં રહેશેઃ કોર્ટ

નવી દિલ્હીઃ જામીનની અરજીની સુનાવણી દરમિયાન દિલ્હી હાઈ કોર્ટે વચનનું પાલન ન કરવા બદલ ગુરુવારે બોલિવૂડના અભિનેતા રાજપાલ યાદવને આડેહાથ લીધો હતો. રાજપાલ યાદવને તિહાર જેલમાં મોકલી દેવાનાં અનેક કારણો પણ કોર્ટે જણાવ્યાં હતાં.

કોર્ટે આદેશ ન આપ્યો હોવાને કારણે તમે જેલમાં નહોતા ગયા. હવે તમે જેલમાં ગયા છો કેમ કે તમે કોર્ટને આપેલાં વચનનું જાતે જ પાલન નથી કર્યું. કોર્ટે જણાવ્યું એટલે તમે રૂપિયા નથી આપ્યા, તમે સમાધાન કર્યું એટલે તમે રૂપિયા આપ્યા છે, એમ ન્યાયાધીશ સ્વર્ણકાંત શર્માએ કહ્યું હતું. દિલ્હી હાઈ કોર્ટે જામીનની અરજીની સુનાવણી સોમવાર, ૧૬ ફેબ્રુઆરી પર મોકૂફ રાખતા રાજપાલ યાદવે ઓછામાં ઓછી ચાર રાત્રી તિહાર જેલમાં વીતાવવી પડશે. વચનનું પાલન ન કર્યા બાદ કેસ ફરી ચાલુ કરવાને મામલે કોર્ટે રાજપાલ યાદવનો કાન આમળ્યો હતો. મારા અસીલને ગેરમાર્ગે દોરવામાં આવ્યો હોવાનું યાદવના વકીલે જણાવ્યા બાદ ઠપકો આપતા કોર્ટે કહ્યું હતું કે રાજપાલ યાદવ અગાઉ પચીસથી ત્રીસ વાર કોર્ટમાં આવ્યો હતો અને કોર્ટની કાર્યવાહી અંગે તેને ગેરમાર્ગે દોરવામાં નહોતો આવ્યો. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### ગાર્મેન્ટ નિકાસમાં

અમેરિકામાં નિકાસ કરે છે તો તે વસ્ત્રોને પણ બાંગ્લાદેશી કંપનીઓની જેમ જ અમેરિકામાં ડ્યૂટી-મુક્ત પ્રવેશ મળશે. ગોયલે કહ્યું હતું કે આ અમેરિકા અને બાંગ્લાદેશના કરારમાં લખાયેલું છે અને આપણા કરારમાં પણ હશે. તેમણે એમ પણ કહ્યું કે આનાથી ભારતમાં કપાસનું ઉત્પાદન કરતા ખેડૂતોને કોઈ અસર થશે નહીં.

મંત્રીએ કહ્યું હતું કે અમેરિકામાં કપાસનું ઉત્પાદન મર્યાદિત છે. તેની નિકાસ માત્ર ૫૦ લાખ અમેરિકન ડોલર છે જ્યારે ભારતનું લક્ષ્યાંક ૫૦ અબજ અમેરિકન ડોલર છે. ભારત અને અમેરિકાએ દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા માટે એક માળખું તૈયાર કરી લીધું છે. તે માર્ચમાં અમલમાં મુકાય તેવી શક્યતા છે.

આ ટિપ્પણીઓ મહત્વપૂર્ણ છે કારણ કે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે ભારત-અમેરિકા વચગાળાનો વેપાર કરાર સંપૂર્ણ રીતે આત્મસમર્પણ છે, જેમાં ભારતની ઉર્જા સુરક્ષાને અમેરિકાને સોંપી દેવામાં આવી છે અને ખેડૂતોના હિત સાથે સમાધાન કરવામાં આવ્યું છે. દરમિયાન અહીં આયોજીત એક મેડટેક, ઇનોવેશન અને સ્ટાર્ટઅપ કાર્યક્રમને સંબોધતા ગોયલે કહ્યું હતું કે અન્ય દેશો સાથે ભારતના મુક્ત વેપાર કરારો રાહત દરે સ્થાનિક તબીબી ઉપકરણ ઉદ્યોગને વ્યાપક બજાર ઍક્સેસ પ્રદાન કરશે. તેમણે ઉમેર્યું કે કેટલાક મુક્ત વેપાર કરારો ભારતીય તબીબી ઉપકરણો માટે ડ્યૂટી ફ્રી પણ પ્રદાન કરશે.ગોયલે કહ્યું હતું કે, અમે નવ એફટીએના માધ્યમથી વિકસિત બજારો માટે દરવાજા ખોલી રહ્યા છીએ, જેમાં સમૃદ્ધ વસ્તી અને ઉચ્ચ માથાદીઠ આવક ધરાવતા ૩૮ દેશોનો સમાવેશ થાય છે. નેશનલ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન દેશમાં મેડિકલ ડિવાઇસ યુનિટ્સ માટે ૫૦ થી ૧૦૦ એકર જમીન રિઝર્વ રાખવાનું વિચારી શકે છે.

### રાહુલ ગાંધીનું

થાઈલૅન્ડ, વિયેતનામ, કમ્બોડિયા, સોરોસ ફાઉન્ડેશન, ફોર્ડ ફાઉન્ડેશન અને યુએસએઆઈડી તેમ જ દેશવિરોધી તત્ત્વો સાથે મળીને દગામાં સંતલસ કરે છે એ જણાવ્યું છે. રાહુલ ગાંધીનું લોકસભાનું સભ્યપદ રદ કરવાની અને ચૂંટણી લડવા તેમના પર આજીવન પ્રતિબંધ મૂકવાની ભાજપના સાંસદે માગણી કરી છે.

## સ્પીકરનું કૉંગ્રેસી સાંસદો દ્વારા અપમાન કર્યાનો દાવો ખોટોઃ પ્રિયંકા

સ્પીકર ઓમ બિરલાની ચેમ્બરમાં પક્ષના સાંસદો ગેરવર્તન કરી રહ્યા હતા ત્યારે કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડરા તેમને પ્રોત્સાહન આપી રહ્યાં હતાં એ પ્રકારના સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ કરેલા આક્ષેપોને પ્રિયંકાએ જુઠ્ઠા લેખાવ્યા હતા અને કહ્યું હતું કે અમે કોઈનું અપમાન નહોતું કર્યું. કૉંગ્રેસના ૨૦થી ૨૬ સાંસદ ઓમ બિરલાની ચેમ્બરમાં ઘૂસી ગયા હતા અને તેમની સાથે અપમાનજનક વર્તન કર્યું હતું, પરંતુ કે. સી. વેણુગોપાલ અને પ્રિયંકા ગાંધી જેવાં પક્ષના વરિષ્ઠ નેતાઓએ તેમને એમ કરતા નહોતા રોક્યા એવા રિજિજુએ કરેલા દાવા બાદ પ્રિયંકાએ આ નિવેદન કર્યું હતું. કૉંગ્રેસના સાંસદોએ જેવું વર્તન કર્યું હતું તેવું વર્તન અમારા પક્ષના સાંસદોએ કર્યું હોત તો અમારા નેતાઓએ તેમને રોક્યા હોત, પરંતુ કૉંગ્રેસના નેતા તેમના સાંસદોને પ્રોત્સાહન આપી રહ્યા હતા, એમ રિજિજુએ કહ્યું હતું. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ભૂતપૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ અને ઈંદિરા ગાંધી અંગે કરેલી ટિપ્પણીનો વિરોધ કરવા વિપક્ષના સાંસદો સ્પીકરની ચેમ્બરમાં ગયા હતા અને કઈ રીતે અપમાનજનક વર્તન કર્યું હતું કે દર્શાવતો વીડિયો રિજિજુએ ગુરુવારે સોશ્યલ મીડિયા પર પૉસ્ટ કર્યો હતો. (એજન્સી)

### ૧૧૪ રાફેલ

ધ્યાનમાં રાખતા વાયુ સેના પાસે ૪૨ની સ્ક્વોડ્રન સામે લગભગ ૨૯ સ્ક્વોડ્રન જ છે.

ગત વર્ષે ઓપરેશન સિંદૂર દરમ્યાન રાફેલ વિમાને તેની કાર્યક્ષમતાનો પરચો બતાવ્યો હતો.

આ ડીલની સત્તાવાર વિગતો હજુ સુધી આપવામાં આવી નથી, અહેવાલ મુજબ ૧૪૪માંથી ૮૮ રાફેલ સિંગલ-સીટ અને ૨૬ ટ્વિન-સીટ વેરિયન્ટ્સના હશે. ૧૮ રાફેલ જેટ ફ્લાય-અવે કન્ડિશનમાં આપવામાં આવશે, જ્યારે બાકીના ૯૬ જેટ ભારતમાં એસેમ્બલ કરવામાં આવશે. લગભગ ૮૦ ટકા પાર્ટ્સ ભારતમાં બનાવવામાં આવશે. જેના માટે દસોલ્ટ એવિએશન ભારતમાં મેન્યુફેક્ચરિંગ, એસેમ્બલી અને સપોર્ટ માટે ભારતીય ખાનગી ક્ષેત્રની કંપનીઓ સાથે ભાગીદારી કરી શકે છે.

### અમેરિકામાં

(કલાક દીઠ ૭૪ માઇલ)ની ઝડપે કાર ચલાવતો હતો અને તે ડ્રગ ઑવરડૉઝના એક કૉલના પ્રતિસાદમાં કાર્યવાહી કરવા જતો હતો ત્યારે તેની કાર નીચે જાહ્નવી કચડાઇ ગઇ હતી.

જાહ્નવીના મૃત્યુ બાદ ૨૦૨૩માં મોટા પાયે દેખાવ થયા હતા. આ પોલીસ અધિકારીએ એક વીડિયો ફૂટેજમાં હસતા હસતા જણાવ્યું હતું કે જાહ્નવીના જાનની કિંમત મામૂલી છે.ભારતીય રાજદ્વારીઓએ આ ઘટનાની તપાસ માટે માગણી કરી હતી.પોલીસ વિભાગે આ કાર ચલાવતા અધિકારીને બરતરફ કર્યો હતો અને તેને પાંચ હજાર ડૉલરનો દંડ કર્યો હતો. અંદાજે બે કરોડ ડૉલર શહેરની વીમા કંપની દ્વારા ચૂકવવામાં આવનારા હોવાનું કહેવાય છે. (એજન્સી)

### જૂઠાડા, લુચ્ચા રાહુલ

હતો. દુબેએ રાહુલની વિરુદ્ધ કરેલી ટિપ્પણીને મુદ્દે લોકસભામાં ભારે ધાંધલધમાલ થઇ હતી. વિપક્ષના સાંસદોએ ભારત-અમેરિકા વેપાર-કરાર અને ચાર લૅબલ કૉડ (શ્રમિકોને લગતા કાયદા)ની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો.

ગિરિરાજ સિંહે સંસદના સંકુલમાં પત્રકારોને જણાવ્યું હતું કે રાહુલ ગાંધી સત્યના મંદિર સમાન લોકસભામાં ખોટું બોલે છે. કૉંગ્રેસના આ નેતા જાણી ગયા છે કે પોતે ક્યારેય સત્તા પર આવી નહિ શકે અને તેથી જ દેશમાં અંધાધૂંધી ફેલાવવા માગે છે.

તેમણે દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ખેડૂતોના હિત માટે જે કાર્ય કર્યું છે, તે અત્યાર સુધી કોઇએ નથી કર્યું. મોદી સરકારે પાકના લઘુતમ ટેકાના ભાવમાં મોટો વધારો કર્યો છે. ખેડૂતોને રાહત પેટે તેઓના બૅન્ક ખાતાંમાં રૂપિયા ચાર લાખ કરોડ આપ્યા છે.

નિશિકાંત દુબેએ રાહુલ ગાંધીનાં દેશવિરોધી તત્ત્વોની સાથે ઘનિષ્ઠ સંબંધ હોવાનું કહેતા નિવેદનને લીધે લોકસભામાં ભારે શોરબકોર થતાં અધ્યક્ષે ગૃહની કાર્યવાહી મુલતવી રાખી હતી. (એજન્સી)

### 'રેરા'

પ્રદેશ સરકારને 'રેરા'ની ઑફિસ પોતાની પસંદગીના સ્થળે શિફ્ટ કરવાની પરવાનગી આપી હતી.

બૅન્ચે હિમાચલ પ્રદેશમાંની 'રેરા'ની ઑફિસ શિમલાથી ધરમશાલા શિફ્ટ કરવાના કિસ્સામાં રાજ્યની વડી અદાલતે આપેલા આદેશને પડકારતી અરજી રાજ્ય સરકારે સર્વોચ્ચ અદાલતમાં કરી હતી અને આ બૅન્ચે તેના સંબંધમાં નૉટિસ પાઠવી હતી.

અગાઉ, વડી અદાલતે 'રેરા'ની ઑફિસ શિફ્ટ કરવા માટેના ૨૦૨૫ના જૂનના નૉટિફિકેશન સામે 'સ્થગિત-આદેશ' આપ્યો હતો.બાદમાં, વડી અદાલતે ૨૦૨૫ની ૩૦ ડિસેમ્બરે પોતાના વચગાળાના સંબંધિત આદેશનો અમલ ચાલુ રાખવાનો હુકમ કર્યો હતો.સર્વોચ્ચ અદાલતે વડી અદાલતના ૩૦ ડિસેમ્બરના આદેશ સામે સ્ટે આપ્યો હતો.

દેશના મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે 'રેરા' ડિફૉલ્ટર બિલ્ડર્સને સહાય કરવા સિવાય કંઇ નથી કરતી. આ સંસ્થાને જ નાબૂદ કરશો તો વધારે સારું થશે. અમને તેમાં કોઇ વાંધો નથી. (એજન્સી)

### બાંગ્લાદેશમાં

લીગનું વિસર્જન કરાયું હોવાથી બે મુખ્ય રાજકીય પક્ષ વચ્ચે જ ચૂંટણીમાં સ્પર્ધા થઇ હતી. અવામી લીગ પર ચૂંટણી લડવા પ્રતિબંધ પણ મુકાયો છે.

બાંગ્લાદેશ સંસદની ૨૯૯ બેઠક માટેના મતદાનમાં અંદાજે ૧૨.૭ કરોડ મતદાર માટે ૪૨,૭૭૯ મતદાન કેન્દ્ર ઊભા કરાયા હતા.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના અધ્યક્ષ તારીક રહેમાને જણાવ્યું હતું કે અમે મતગણતરી મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ રીતે થવાની આશા રાખીએ છીએ. (એજન્સી)

## ગુજરાતમાં 'આપ'માં વિખવાદઃ રાજુ કરપડા અને ગોપાલ ઈટાલિયા સામસામે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતા રાજુ કરપડાએ પાર્ટી સાથે છેડો ફાડ્યા બાદ રાજકીય ગરમાવો આવી ગયો હતો. રાજીનામું આપ્યા પછી યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં કરપડાએ વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા અને પક્ષના નેતા મનોજ સોરઠિયા પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ટોચના નેતાઓના અહંકારી વર્તનને કારણે પાર્ટી નબળી પડી રહી છે. વધુમાં, ખેડૂતોને કાયદાકીય મદદ ન પૂરી પાડવાના મુદ્દે પણ તેમણે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. કરપડાએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ કોઈ જૂના કેસ કે જેલના ડરથી રાજીનામું આપી રહ્યા નથી, કારણ કે આ કેસો વર્ષોથી ચાલી રહ્યા છે. પ્રવીણ રામના આક્ષેપોને નકારતા તેમણે ઉમેર્યું કે જેલવાસ દરમિયાન તેઓ ભાજપના કોઈ નેતાને મળ્યા નહોતા. કરપડાના મતે, જ્યારે ખેડૂતો મુશ્કેલીમાં હતા ત્યારે પાર્ટીએ વકીલની વ્યવસ્થા ન કરી, જેને કારણે ખેડૂતોને લાંબો સમય જેલમાં રહેવું પડ્યું, જે બાબત તેમના રાજીનામા પાછળનું મુખ્ય કારણ રહી છે. બીજી તરફ, આપ નેતા પ્રવીણ રામે વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, રાજુ કરપડા સુરેન્દ્રનગર કોર્ટની સજા અને આગામી ચૂંટણી ન લડી શકવાની ચિંતામાં હતા. તેમણે દાવો કર્યો હતો કે જેલવાસમાંથી બચવા માટે કરપડાએ ભાજપના દબાણ હેઠળ રાજીનામું આપ્યું છે. જો તેઓ ભવિષ્યમાં ભાજપમાં જોડાય છે, તો એ સાબિત થશે કે ભાજપે પોતાની 'પ્રેશર ટેકનિક' વાપરીને આ ભંગાણ સર્જ્યું છે.

## સરકારી સેવાઓમાં ગૂંજશે માતૃભાષા, ગુજરાત સરકાર 'ભાષિણી' ટૂલ્સ વડે ડિજિટલ ક્રાંતિ લાવવા સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમિટેડ અને ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ ઈન્ફોર્મેશન ઍન્ડ ટૅકનોલૉજી (મીટી) અંતર્ગત 'ડિજિટલ ઈન્ડિયા ભાષિણી' ના સંયુક્ત ઉપક્રમે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પ્રધાન અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે 'ભાષિણી રાજ્યમ ગુજરાત ચેપ્ટર' વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાના વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રધાને 'અક્ષર દ્રષ્ટિ' પોર્ટલનું લોન્ચિંગ કરીને નાગરિકોની સેવામાં કાર્યરત કર્યું હતું. આ સમગ્ર વર્કશોપ દરમિયાન સરકારી સેવાઓમાં ભાષાંતરની આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે વધારવો તે અંગે વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ભાષાના કારણે કોઈપણ કામ અટકવું જોઈએ નહીં તેવા મંત્ર સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'ડિજિટલ ઇન્ડિયા' અંતર્ગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ- એઆઈ આધારિત ભાષિણી ટૂલ્સ વિકસાવવામાં આવ્યું છે. જેના અમલથી ભારતીયોને વૈશ્વિક સ્તરે સંવાદ કરવામાં ખૂબ જ સરળતાની સાથે અન્ય ઉપર આધારિત રહેવું નહીં પડે અને કામમાં વધુ ઝડપ આવશે.

પ્રધાને કહ્યું હતું કે, એઆઈ આધારિત 'ભાષિણી' પોર્ટલ દ્વારા ગુજરાત સરકારની વેબસાઈટ અને પરિપત્રોને પણ અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવી શક્યા છીએ. રાજ્ય સરકારની બહુભાષી ડિજિટલ શાસનને પ્રોત્સાહન આપતી રાષ્ટ્રીય પહેલ ભાષિણી વિષયક આ એક દિવસીય વર્કશોપ કર્મચારીઓ-અધિકારીઓ માટે ખૂબ જ મહત્ત્વનો સાબિત થશે.



**હર હર મહાદેવઃ** ગુજરાતના જૂનાગઢમાં ભવનાથ મહાદેવ મંદિર ખાતે દર્શનાર્થે આવેલા રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી. (એજન્સી)

## ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકરની ચૂંટણી જાહેરઃ ૧૬ ફેબ્રુઆરીએ યોજાશે મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ દ્વારા આગામી સોમવાર, ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ઉપાધ્યક્ષ (ડેપ્યુટી સ્પીકર) પદ માટેની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. આ અંગે વિધાનસભા સચિવાલય દ્વારા સત્તાવાર સૂચના જારી કરવામાં આવી હતી, જે સભ્યો કોઈ ઉમેદવારનું નામ પ્રસ્તાવિત કરવા માગતા હોય, તેમણે નિર્ધારિત પ્રસ્તાવ અને નોટિસ શુક્રવાર, ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બપોરે ૧૨ વાગ્યા પહેલા વિધાનસભા સચિવને સુપરત કરવાની રહેશે.

ચૂંટણી પ્રક્રિયા અંગે સ્પષ્ટતા કરતા સચિવાલયે જણાવ્યું છે કે, કોઈ પણ સભ્ય પોતાનું નામ પ્રસ્તાવિત કે ટેકો આપી શકશે નહીં તેમ જ એકથી વધુ ઉમેદવારના નામનો પ્રસ્તાવ કે સમર્થન પણ કરી શકશે નહીં. આ મહત્વપૂર્ણ ચૂંટણી ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં જેઠાભાઈ ભરવાડના રાજીનામા બાદ ખાલી પડેલી જગ્યા ભરવા માટે યોજાઈ રહી છે. જેઠાભાઈએ સ્વેચ્છાએ આ પદ છોડ્યું હતું.

## મહાશિવરાત્રી મેળા માટે રાજકોટ, ભાવનગર અને અમદાવાદથી રેલવે દોડાવશે ચાર જોડી સ્પેશિયલ ટ્રેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે જૂનાગઢ અને સોમનાથ જતા શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો કરવા પશ્ચિમ રેલવે દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, રાજકોટ-વેરાવળ, ભાવનગર-વેરાવળ, ગાંધીગ્રામ-વેરાવળ, વેરાવળ-જૂનાગઢ, વેરાવળ-રાજકોટ, વેરાવળ-ગાંધીગ્રામ, વેરાવળ-ભાવનગર અને જૂનાગઢ-વેરાવળ મીટર ગેજ રૂટ પર ૧૩.૦૨.૨૦૨૬ થી ૧૭.૦૨.૨૦૨૬ સુધી વિશેષ ભાડા પર ૦૪ જોડી મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન કરવામાં આવશે. રાજકોટ-વેરાવળ સ્પેશિયલ દરરોજ સવારે ૦૬.૫૫ વાગ્યે રાજકોટથી પ્રસ્થાન કરી તે જ દિવસે સવારે ૧૦.૫૫ વાગ્યે વેરાવળ પહોંચશે આ જ રીતે, પરતમાં ટ્રેન નં. ૦૯૫૧૪ વેરાવળ-રાજકોટ સ્પેશિયલ વેરાવળથી બપોરે ૧૫.૨૦ વાગ્યે પ્રસ્થાન કરી રાત્રે ૨૦.૦૦ વાગ્યે રાજકોટ પહોંચશે. તેવી જ રીતે વેરાવળ-ભાવનગર ટર્મિનસ સ્પેશિયલ વેરાવળથી સવારે ૦૬.૫૦ વાગ્યે પ્રસ્થાન કરી બપોરે ૧૪.૦૦ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. વાપસીમાં ભાવનગર ટર્મિનસથી બપોરે ૧૪.૫૦ વાગ્યે પ્રસ્થાન કરી રાત્રે ૨૧.૩૫ વાગ્યે વેરાવળ પહોંચશે. વેરાવળ-ગાંધીગ્રામ સ્પેશિયલ વેરાવળથી સવારે ૦૪.૦૦ વાગ્યે ઉપડશે અને બપોરે ૧૨.૦૦ વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. ગાંધીગ્રામથી બપોરે ૧૩.૦૦ વાગ્યે પ્રસ્થાન કરી રાત્રે ૨૧.૦૦ વાગ્યે વેરાવળ પહોંચશે. તે ઉપરાંત વેરાવળ-જૂનાગઢ મીટર ગેજ સ્પેશિયલ વેરાવળથી સવારે ૦૯.૧૫ વાગ્યે ઉપડશે અને બપોરે ૧૩.૦૦ વાગ્યે જૂનાગઢ પહોંચશે. જૂનાગઢથી બપોરે ૧૩.૨૫ વાગ્યે પ્રસ્થાન કરી સાંજે ૧૭.૦૫ વાગ્યે વેરાવળ પહોંચશે.

## ગાંધીનગર સિવિલના તબીબોએ વૃદ્ધાના ગળામાંથી ૪૦૦ ગ્રામની જટિલ ગાંઠ દૂર કરી આપ્યું નવજીવન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર સિવિલ હૉસ્પિટલના કાન-નાક-ગળા વિભાગે એક જટિલ સર્જરી સફળતાપૂર્વક પાર પાડીને ૬૦ વર્ષીય વૃદ્ધાને નવજીવન આપ્યું હતું. ગળાના ભાગે વિશાળ ગાંઠ ધરાવતા આ દર્દીની સ્થિતિ અત્યંત ગંભીર હોવા છતાં, તબીબોની કુશળતાને કારણે ઓપરેશન સફળ રહ્યું હતું.

આશરે ૧૫ દિવસ પહેલા ૬૦ વર્ષીય મહિલા દર્દી ગળામાં મોટી ગાંઠની ફરિયાદ સાથે સિવિલની ઓપીડીમાં આવ્યા હતા. પ્રાથમિક તપાસ બાદ સિટી સ્કેન સહિતના રિપોર્ટ્સમાં આ ગાંઠ થાઈરોઈડ ગ્રંથિની હતી અને તેમાં કૅન્સર હોવાની પણ શક્યતા હોવાનું જાણવા મળ્યું હતું. ગાંઠનું કદ આશરે ૧૨૮૯ સેમી હતું અને વજન અંદાજે ૪૦૦ ગ્રામ જેટલું હતું. ગાંઠ ગળાની ડાબી બાજુની મુખ્ય નસો સાથે જોડાયેલી હતી, જેના કારણે શ્વાસનળી જમણી બાજુ ખસી ગઈ હતી અને તેની દીવાલ પણ નબળી પડી ગઈ હતી. આખા કેસની વિગત તપાસ્યા બાદ ડૉક્ટરોની ટીમે 'ટોટલ થાઈરોઈડેક્ટમી' કરવાનું નક્કી કર્યું હતું. તબીબોની ટીમ દ્વારા આશરે ૪ થી ૪:૩૦ કલાક ચાલેલા જટિલ ઓપરેશન બાદ આ ગાંઠને સફળતાપૂર્વક દૂર કરવામાં આવી હતી.

## અમદાવાદના હાઈરાઈઝ બિલ્ડિંગમાં આગ, ફાયર બ્રિગેડ દ્વારા ૧૦૦થી વધુ લોકોનું રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં આઈટીસી નર્મદા હોટલ પાસે આવેલી શિવાલિક હાઈસ્ટ્રીટ બિલ્ડિંગમાં આગ લાગવાની ઘટના બનતા ભારે દોડધામ મચી ગઈ હતી. બિલ્ડિંગના ચોથા માળે આવેલી એક રિયલ એસ્ટેટની ઓફિસમાં અચાનક આગ ફાટી નીકળી હતી, જેણે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ૧૦ જેટલી ગાડીઓ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. આગના કારણે બિલ્ડિંગમાં ફસાયેલા આશરે ૧૦૦ જેટલા લોકોને ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ સુરક્ષિત રીતે બહાર કાઢી રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડ્યું હતું.

ફાયર ફાઈટરોએ બિલ્ડિંગના કાચ તોડીને ધુમાડો બહાર કાઢવાની કામગીરી કરી હતી અને સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, સમયસર રેસ્ક્યૂ કામગીરી થતા મોટી જાનહાનિ ટળી હતી.

ઉપરાંત શહેરના ઇસ્કોન મંદિર પાસે આવેલા વ્હીલચેરના ગોડાઉનમાં આગ લાગી હતી. જેને પગલે ફાયર વિભાગની ૮ ગાડીઓએ ઘટનાસ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક અહેવાલ અનુસાર, આગ ફેબ્રિકેશનને કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું હતું.

## ભરૂચના ગુમ થયેલા સ્પા સંચાલકની હાથ-પગ બાંધેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર

અમદાવાદઃ ભરૂચના વાગરા તાલુકાના રહાડ-વછનાદ માર્ગ પરથી એક યુવાનનો હાથ-પગ બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ વાગરા પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો, જ્યાં તપાસ દરમિયાન મૃતકની ઓળખ ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં રહેતા અને સ્પા વ્યવસાય સાથે સંકળાયેલા કૃણાલ પટેલ તરીકે થઈ હતી. ઉલ્લેખનીય છે કે, કૃણાલ પટેલ છેલ્લા કેટલાક દિવસોથી રહસ્યમય રીતે ગુમ હતો, જે અંગે ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસ મથકમાં અપહરણ કે ગુમ થયાની ફરિયાદ પણ નોંધાઈ હતી. પ્રાથમિક તપાસમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે અજાણ્યા શખસોએ કૃણાલના હાથ-પગ બાંધી ગળે ટૂંપો આપી તેની હત્યા કરી હતી અને પુરાવાનો નાશ કરવાના ઈરાદે મૃતદેહને વાગરા નજીક અવાવરુ જગ્યાએ ફેંકી દીધો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હત્યા પાછળનું ચોક્કસ કારણ અને તેમાં સંડોવાયેલા શખસોને પકડી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

## અમેરિકામાં ગેરકાયદે રહેતા ગુજરાતીઓની મોટી સંખ્યામાં ઘરવાપસી

(અમદાવાદઃ અમેરિકામાં ગેરકાયદે રહેતા લોકોને વતન પરત મોકલવામાં આવી રહ્યા છે ત્યારે મોટી સંખ્યામાં અહીં ગયેલા ગુજરાતીઓ પોતાની મેળે જ વતન પાછા ફરી રહ્યા છે. કેટલાક અઠવાડિયામાં અનેક ગુજરાતીઓ ચૂપચાપ વતન પરત ફર્યા છે. જેમાં ઉત્તર ગુજરાતના મહેસાણા આસપાસના ગામડાઓના લોકોની મોટી સંખ્યા છે. કેટલાક અંદાજો મુજબ, અહીં દરરોજના ચારથી પાંચ વ્યક્તિઓ આવી રહ્યા છે. સામાજિક બદનામી અને અટકળોથી બચવા માટે, ઘણા લોકો દિલ્હી ઉતર્યા પછી સીધા પોતાના ગામ જવાને બદલે સંબંધીઓને ત્યાં રોકાઈ રહ્યા હોવાનું કહેવાય છે. જાણકારોનું કહેવું છે કે અમેરિકાના ઇમિગ્રેશન ડિટેન્શન સેન્ટરોમાં બંધ કરાયેલા લોકોમાં પણ ચિંતા વધી રહી છે. જેઓ મહિનાઓથી જેલમાં છે, તેઓ હવે મુક્ત થવા માટે સામેથી દેશનિકાલ સ્વીકારવા તૈયાર છે. સૂત્રોએ જણાવ્યું કે દેશનિકાલ માટેની ફ્લાઇટ્સ પણ હવે વારંવાર આવતી થઈ છે. અગાઉ, યુએસ સત્તાવાળાઓ આવી ફ્લાઇટ્સની વિગતો જાહેર કરતા હતા.

## અમદાવાદ-હૈદરાબાદ આંતરરાજ્ય બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશઃ ૨૦થી વધુ નવજાત બાળકનો સોદો

અમદાવાદઃ શહેરની ક્રાઈમ બ્રાન્ચે અનેક જાણીતા આઈવીએફ સેન્ટરોમાં કામ કરી ચૂકેલી એક નર્સની સંડોવણી ધરાવતા આંતરરાજ્ય બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે આ નર્સ છેલ્લા બે વર્ષથી ગુજરાત અને તેલંગણા વચ્ચે બાળકોની લે-વેચમાં મુખ્ય કડી તરીકે કામ કરતી હતી. તે હૈદરાબાદ અને અમદાવાદની હૉસ્પિટલોના એજન્ટોના સંપર્કમાં રહીને નિઃસંતાન દંપતીઓને સીધો સંપર્ક કરતી હતી. નર્સે એક દાયકા દરમિયાન બનાવેલા સંપર્કોનો ઉપયોગ કરીને આ જાળ પાથરી હતી.તપાસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ટોળકી ઉત્તર ગુજરાતના પોશિના, ખેરોજ, ઇડર અને દાંતા જેવા આદિવાસી વિસ્તારોને નિશાન બનાવતી હતી. સામાજિક બદનામીના ડરે મજબૂર બનેલી અપરિણીત માતાઓને શોધીને તેમના નવજાત બાળકોને આ ટોળકી પડાવી લેતી હતી. છેલ્લાં બે વર્ષમાં ઓછામાં ઓછા ૨૦ આદિવાસી બાળકોને હૈદરાબાદના ખરીદદારોને વેચવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ રેકેટ ત્યારે પકડાયું જ્યારે ગત ૨૯ જાન્યુઆરીએ અમદાવાદ એરપોર્ટ પાસેથી ૧૫ દિવસના બાળકને હૈદરાબાદ લઈ જતી વખતે ચાર શખસ ઝડપાયા હતા. ત્યારબાદ દાંતાથી મુખ્ય સૂત્રધાર યુનુસ સિંધીની પણ ધરપકડ કરવામાં આવી હતી.



**અમદાવાદમાં બન્યું રેડિયો મ્યુઝિયમઃ** અમદાવાદ હવે માત્ર સ્થાપત્યનું જ હેરિટેજ શહેર નથી રહ્યું, પરંતુ હવે તે અવાજ અને તરંગોના વારસાને પણ સાચવશે. આજે 'વિશ્વ રેડિયો દિવસ' નિમિત્તે અમદાવાદના રેડિયોપ્રેમી સિદ્ધાર્થ પટેલ દ્વારા દેશવિદેશનાં ૧૨૦થી વધુ રેડિયો ધરાવતાં અનોખા 'હેરિટેજ રેડિયો મ્યુઝિયમ'નો પ્રારંભ થશે.

## વડોદરામાં દીકરીના લગ્ન પહેલા જ પરિવારના બૅંક લોકરમાં મૂકેલા ૩૫ તોલા સોનાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી બૅંકમાં લોકર સુરક્ષામાં મોટી ચૂક સામે આવતા ભારે ચકચાર મચી ગઈ હતી.

ગ્રાહક જ્યારે પોતાની દીકરીના બે દિવસ પછી યોજાનારા લગ્ન માટે ઘરેણાં લેવા બૅંક પહોંચ્યા, ત્યારે લોકર ખોલતા જ અંદર રાખેલા એલ્યુમિનિયમના બોક્સનું તાળું તૂટેલું હતું અને તેમાંથી અંદાજે ૩૦ થી ૩૫ તોલા સોનાના દાગીના, જેમાં સોનાના બિસ્કિટ, સિક્કા, બંગડીઓ અને ચેઈનનો સમાવેશ થાય છે, તેની ચોરી થઈ હતી. નવાઈની વાત એ છે કે તસ્કરોએ માત્ર સોનાની જ ચોરી કરી હતી અને ચાંદીના દાગીના તેમ જ ભંગારને લોકરમાં જ છોડી દીધા હતા.

આ ઘટના અંગે ભોગ બનનાર પરિવારે બૅંક મેનેજમેન્ટ પર ગંભીર બેદરકારીના આક્ષેપો કર્યા હતા. ફરિયાદીના જણાવ્યા અનુસાર, મુખ્ય લોકર તોડ્યા વગર અંદરના બોક્સ સુધી કેવી રીતે પહોંચાયું તે અંગે બૅંક પાસે કોઈ જવાબ નથી, ઊલટાનું બૅંકના ઉચ્ચ અધિકારીઓએ આ મામલે પોલીસ ફરિયાદ કરવાને બદલે આંતરિક સમાધાન કરવા દબાણ કર્યું હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. પરિવારે પોલીસ મથકે આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

## ડિજિટલ ક્રાઈમઃ ગુજરાતનાં બૅન્ક અકાઉન્ટમાંથી રોજ ₹ સાડા ત્રણ કરોડ છૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાયબર ફ્રોડ સામે સરકાર દ્વારા સતત અવેરનેસ કેમ્પેન ચલાવવામાં આવે છે. તેમ છતાં આંકડો સતત વધી રહ્યો છે. દરરોજ ગુજરાતીઓના બૅન્ક ખાતામાંથી સરેરાશ ૩.૬૨ કરોડ ચોરી લેવામાં આવે છે. માત્ર જાન્યુઆરી ૨૦૨૬માં જ સાયબર ગઠિયાઓએ દેશભરમાં ૧૧૨,૩૦,૫૨,૪૮૧ રૂપિયાની છેતરપિંડી કરી હતી. જે ડિજિટલ ક્રાઈમ નેટવર્કનો વ્યાપ વધી રહ્યો હોવાનું દર્શાવે છે. આ માત્ર સાયબર ક્રાઈમ પોર્ટલ પર નોંધાયેલા જ કિસ્સા છે. પરંતુ ઘણા લોકો બદનામી કે ઓળખ જાહેર થવાના ડરે ફરિયાદ નોંધાવતા નથી. ગુજરાત પોલીસના ડેટા મુજબ, રાજ્યમાં દરરોજ અંદાજે ૧૪ વ્યક્તિઓ સોશ્યલ મીડિયા પર બુલિંગનો શિકાર બની રહ્યા છે. માત્ર જાન્યુઆરી ૨૦૨૬માં ૪૪૬૮ કેસ નોંધાયા હતા. સુપ્રીમ કોર્ટની લાલ આંખ છતાં ગુજરાતમાં લગભગ દરરોજ સાયબર ક્રાઈમની ઘટનાઓ નોંધાઈ રહી છે. કેટલાક કિસ્સાઓમાં, પીડિતો આત્મહત્યાના આરે પહોંચી ગયા છે.

તાજેતરમાં, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કોલેજની યુવતીઓ અને સોશ્યલ મીડિયા ઈન્ફ્લુએન્સરને કોલ ગર્લ્સ કહીને બદનામ કરવા બદલ ૧૨૦ સોશ્યલ મીડિયા હેન્ડલ્સ સામે ગુનો નોંધ્યો હતો. આરોપીઓએ માત્ર પ્રતિષ્ઠા જ નહોતી બગાડી પરંતુ કથિત બુકિંગ માટે ઓનલાઈન પૈસા ચૂકવનારા લોકોને પણ છેતર્યા હતા. વધારે ચિંતાજનક બાબત મહિલાઓ અને સગીરોને નિશાન બનાવીને કરવામાં આવતી બદનામી છે. સરેરાશ દરરોજ ૨૨ મહિલાઓ અને સગીરાઓને વિવિધ પ્લેટફોર્મ પર બદનામ કરવામાં આવે છે. મહિના દરમિયાન સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર આવા કુલ ૭૦૫ કેસ નોંધાયા હતા.

નોંધનીય છે કે, સોમવારે સુપ્રીમ કોર્ટે દેશભરમાં નોંધાયેલા ૫૪,૦૦૦ કરોડ રૂપિયાના ડિજિટલ ફ્રોડને ઉઘાડી લૂંટ ગણાવી હતી. કોર્ટે ટિપ્પણી કરી હતી કે આ રકમ ભારતના કેટલાક નાના રાજ્યોના વાર્ષિક બજેટ કરતા પણ વધુ છે અને બૅન્કો તથા આરબીઆઈને પૂરતી સુરક્ષા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

## શિક્ષકોને 'શ્વાન' ગણવાની કામગીરીના આદેશથી વિવાદ, કૉંગ્રેસે સરકારને આડે હાથ લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને કચેરીઓના કેમ્પસમાં વસતા શ્વાનોની સંખ્યા અંગે સચોટ માહિતી મેળવવા માટે શિક્ષણ વિભાગને તાકીદનો આદેશ આપવામાં આવ્યો છે, જેના મુદ્દે ભારે હોબાળો મચ્યો છે. કમિશનર શાળાઓની કચેરીએ તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખીને આ કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા સૂચના આપી છે. સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી રિટ પિટિશનના સંદર્ભમાં હૉસ્પિટલો, બસ સ્ટેશનો અને રેલવે સ્ટેશનોની જેમ જ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ શ્વાનોની હાજરી અંગેનો ડેટા ઉપલબ્ધ રાખવો હવે અનિવાર્ય બન્યો હોવાનું જણાવાયું હતું. આ મુદ્દે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ શિક્ષણ વિભાગની આકરી ટીકા કરતા જણાવ્યું છે કે, રાજ્યમાં ૪૦,૦૦૦ શિક્ષકોની જગ્યાઓ ખાલી હોવા છતાં કાર્યરત શિક્ષકો પાસેથી શિક્ષણ સિવાયની ૬૦ થી વધુ પ્રકારની કામગીરી લેવામાં આવતી હોવાથી શિક્ષણ વ્યવસ્થા કથળી રહી છે. અગાઉ તીડ ભગાડવા, શૌચાલય ગણવા અને સસ્તા અનાજની દુકાને લાઈનો કરાવવા જેવી બિનશૈક્ષણિક કામગીરી બાદ હવે પરીક્ષાના સમયે જ શ્વાનોની ગણતરીનો ભાર સોંપાતા શિક્ષકો માનસિક તાણ અનુભવી રહ્યા છે.

## સુરતના કુખ્યાત આરોપી ચિરાગ ગોટી, તેના પિતા અને ભાઈ સામે અપહરણ-ખંડણીનો ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાંથી ડ્રગ્સ પ્લાન્ટિંગ કેસમાં ઝડપાયેલા કુખ્યાત ચિરાગ ગોટીની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. મેફેડ્રોન ડ્રગ્સ કેસમાં ધરપકડના બીજા જ દિવસે, સુરતના ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ચિરાગ ગોટી, તેના પિતા ઘનશ્યામ ગોટી અને ભાઈ નિરાંત ગોટી સહિત કુલ સાત શખસ સામે અપહરણ અને ખંડણીનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ કમિશનર કચેરી ખાતે અનેક પીડિતોએ ચિરાગ વિરુદ્ધ ત્રાસ અને ઉઘરાણીની ફરિયાદ કરી હતી. આ દરમિયાન ચિરાગના ચાર શૂટિંગ વીડિયો પણ સામે આવ્યા હતા, જેમાં તે હવામાં ફાયરિંગ કરતો, હથિયાર લઈને ઊભેલો અને લોકોને માર મારતો જોવા મળ્યો હતો. પોલીસનું માનવું છે કે આ વીડિયો લોકોમાં ફાળ ફેલાવી નાણાં પડાવવા માટે સોશ્યલ મીડિયા અને સાથીદારોમાં ફરતા કરવામાં આવ્યા હતા. પોલીસમાં ફરિયાદ મુજબ, પીડિતે આક્ષેપ કર્યો હતો કે ઑક્ટોબર ૨૦૨૧માં જ્યારે તેઓ જમીન સોદાના પેમેન્ટ માટે જઈ રહ્યા હતા ત્યારે ચિરાગ ગોટી, તેના ભાઈ નિરાંત અને સાથીદારોએ તેમને આંતરીને રૂ. ૧૦ લાખની ખંડણી પડાવી હતી. એટલું જ નહીં, આરોપીએ ફરિયાદીને ચપ્પુ બતાવી દર મહિને રૂ. બે લાખની માગણી કરી હતી. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, ૨૪ ઑક્ટોબર ૨૦૨૧ના રોજ ચિરાગ તેને કારમાં અપહરણ કરી પોતાના ઘરે લઈ ગયો હતો, જ્યાં પિતા-પુત્રોએ મળીને તેને ગોંધી રાખી ઢોર માર માર્યો હતો અને મારપીટનો વીડિયો બનાવી પોલીસ પાસે જશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

એસઓજીના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે, પોલીસને ચિરાગ ગોટી વિરુદ્ધ ખંડણી અને ટોર્ચરની અનેક ફરિયાદો અને વીડિયો પુરાવા મળ્યા છે. હાલ પોલીસે આ ટોળકી વિરુદ્ધ અપહરણ, ખંડણી, ગેરકાયદે અટકાયત અને ગુનાહિત કાવતરા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, ચિરાગ ગોટી અગાઉ તેના ભૂતપૂર્વ ભાગીદાર અલ્પેશ મિયાણીની કારમાં ડ્રગ્સ પ્લાન્ટ કરવાના કેસમાં શરણે આવ્યો હતો અને હાલ તે ચાર દિવસના પોલીસ રિમાન્ડ પર છે. સિંગણપોર અને ચોકબજાર પોલીસ સ્ટેશનમાં તેની સામે અગાઉ પણ પાંચ જેટલા ગુના નોંધાયેલા છે.

# રસ્તા ખોદવા પહેલા લોકપ્રતિનિધિ સાથે સંવાદ સાધવાની પાલિકા કમિશનરનો નિર્દેશ

### મુંબઈમાં રસ્તાનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું ૬૩ ટકા કામ પૂર્ણ

મુંબઈઃ મુંબઈમાં મોટા પાયા પર રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનના કામ હાથ ધરવામાં આવ્યા છે, જોકે તે માટે ઠેર-ઠેર ખોદી મૂકવામાં આવેલા રસ્તાને કારણે નાગરિકોને પારાવાર હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે, તેથી રસ્તાના કૉંક્રીટાઈઝેશનના કામ હાથ ધરતા સમયે લોકપ્રતિનિધિ સાથે સંવાદ સાધવાનો નિર્દેશ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ ગુરુવારે યોજાયેલી બેઠકમાં પોતાના અધિકારીઓને આપ્યો હતો. આ દરમ્યાન મુંબઈમાં સરેરાશ ૬૩ ટકા કૉંક્રીટાઈઝેશનનું કામ પૂર્ણ થયું હોવાનું તેમણે જણાવ્યું હતું. ‘ખાડામુક્ત મુંબઈ’ માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનનું કામ મોટા પાયા પર હાથ ધરવામાં આવ્યું છે. બે તબક્કામાં કૉંક્રીટાઈઝેશનનું કામ કરવામાં આવી રહ્યું છે, જેમાં પહેલા તબક્કામાં અત્યાર સુધી ૭૭ ટકા કામ પૂરું થયું છે. તો બીજા તબક્કામાં અત્યાર સુધી બાવન ટકા કામ પૂરું થયું છે. બંને તબક્કાનું કુલ મળીને સરેરાશ ૬૩ ટકા કામ પૂરું થઈ ગયું હોવાનું પાલિકા કમિશનરે જણાવ્યું હતું.

મુંબઈમાં ઠેર ઠેર કૉંક્રીટાઈઝેશનના કામ માટે રસ્તા ખોદી મૂકવામાં આવે છે અને તેને કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. અનેક વખત કૉન્ટ્રેક્ટર રસ્તો ખોદીને ગાયબ થઈ જતો હોય છે અને તેને કારણે રહેવાસીઓથી લઈને કમર્શિયલ વિસ્તારમાં લોકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડે છે. અત્યાર સુધી નગરસેવકો નહીં હોવાને કારણે અધિકારીઓ મનફાવે તેમ કામ કરી રહ્યા હોવાની ફરિયાદો આવી રહી હતી. તેના અનુસંધાનમાં પાલિકા કમિશનરે તેમના અધિકારીઓને એવો નિર્દેશ આપ્યો હતો કે કોઈ પણ વિસ્તારમાં કૉંક્રીટાઈઝેશનના કામ કરવાના હોય તો માટે સ્થાનિક જનપ્રતિનિધિ સંવાધ સાધવો અને તેમની પાસેથી માહિતી મેળવી અને તે મુજબનું પ્લાનિંગ કરીને કામ અમલમાં મૂકવું. પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે બે તબક્કામાં મુંબઈમાં રસ્તાનું કૉંક્રીટાઈઝેશનનું કામ ચાલી રહ્યું છે. પહેલા અને બીજા તબક્કામાં ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં કકુલ ૧,૫૯૪ રસ્તાના મળીને કુલ ૪૩૦.૬૯ કિલોમીટર લંબાઈના રસ્તાનું કૉંક્રીટાઈઝેશનનું કામ પૂર્ણ થયું છે. પહેલા તબક્કામાં નક્કી કહેલા લક્ષ્યાંકમાંથી અત્યાર સુધી ૭૭ ટકા અને બીજા તબક્કામાં બાવન ટકા કામ પૂર્ણ થયું છે. બંને તબક્કાનું સરેરાશ ૬૩ ટકા કામ પૂર્ણ થયું છે.

## પ્રોપર્ટી ટેક્સના ડિફોલ્ટરોની મિલકતની ઈ-લિલામીની પ્રક્રિયા શરૂ

મુંબઈઃ પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા મોટા ડિફોલ્ટરોની વિરુદ્ધ મુંબઈ મહાનગરપાલિકાએ આકરા પગલા લઈને તેમની મિલતનને જપ્ત કરીને તેની લિલામીની પ્રકિયા શરૂ કરી છે. આ ઝુંબેશ હેઠળ પાલિકાએ ગુરુવાર, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના કુલ આઠ મિલકતની જપ્તીની કાર્યવાહી કરી હતી. સંબંધિત મિલકત ઓપન પ્લોટ, રેસિડેન્શિયલ પ્લોટ, કમર્શિયલ ગાળા, ઔદ્યોગિક ગાળા અને હૉટલ વગેરેનો સમાવેશ થાય છે. પાલિકા અસેસટમેન્ટ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ પ્રોપર્ટી ટેક્સના આઠ ડિફોલ્ટરો પાસેથી દંડની રકમ સ હિત કુલ ૪૫૫ કરોડ ૪૮ લાખ ૯૪ હજાર ૩૭૪ રૂપિયા જેટલી અધધ રકમ વસૂલ કરવાની બાકી છે. વારંવાર નોટિસ આપીને પણ ટેક્સની બાકી રહેલી રકમ નહીં ભરવાને કારણે સંબંધિત છ મિલકતની ઈ-લિલામી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તો બે મિલકતધારકોને ટેક્સ ભરવા માટે ૨૧ દિવસની મુદત આપીને નોટિસ ફટકારી છે. આ મુદતમાં ટેક્સ નહીં ભર્યો તો તેમની મિલકતની લિલામ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે એવું પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું. મુંબઈ મહાનગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના આર્થિક વર્ષમાં કુલ ૬,૨૦૦ કરોડ રૂપિયાનો ટેક્સ વસૂલ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. તેમાંથી અત્યાર સુધી એટલે કે પહેલી એપ્રિલ, ૨૦૨૫થી ચાર ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીના સમયગાળામાં ૫,૪૨૬.૮૧ કરોડનો ટેક્સ વસૂલ કર્યો છે. તેમ જ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ટેક્સ ભરવાની મુદત છે, ત્યાં સુધી પાલિકાની ટેક્સ વસૂલીની ઝુંબેશ ચાલુ રહેશે.

## બીડમાં ૧૧ હોસ્ટેલ બનાવવા માટે ૧૫૯ કરોડ મંજૂરઃ સુનેત્રા પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અજિત પવારના અકાળ નિધન બાદ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાનપદ અને પુણે તથા બીડ જિલ્લાના પાલકપ્રધાનની જવાબદારી તેમના પત્ની સુનેત્રા પવાર પાસે આવી છે. ગુરુવારે તેમણે બીડ જિલ્લામાં સ્થળાંતરિત શેરડીના કામદારોના બાળકો માટે ૧૧ સરકારી હૉસ્ટેલ બાંધવા માટે ૧૫૯.૩૬ કરોડના ખર્ચ માટે વહીવટી મંજૂરી આપી હતી. એ સાથે જ તેમણે ગુરુવારે પુણે જિલ્લા નિયોજન મંડળની બેઠકમાં પાલક પ્રધાન તરીકે પહેલી વખત તેમણે હાજરી પૂરાવી હતી અને આગામી વર્ષનું નિયોજન કરીને પ્રાથમિકતાના ધોરણે કામ સમયસર પૂરા કરવાની સૂચના અધિકારીઓને આપી હતી.

બીડ અને પુણેના પાલક પ્રધાન સુનેત્રા પવાર ગુરુવારે પુણે જિલ્લા નિયોજન સમિતિની બેઠકમાં જિલ્લાના વિવિધ વિકાસ કામનો સવિસ્તર અહેવાલ લીધો હતો અને અધિકારીઓને તમામ કામનું પ્લાનિંગ કરીને તેને પ્રાથમિકતા મુજબ પ્રત્યક્ષમાં કામ કરવાની સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. એ દરમ્યાન જ તેમણે બીડમાં પણ વિકાસને લગતા જુદા જુદા વિષયો પર અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

સુનેત્રા પવારે ગુરુવારે જણાવ્યું હતું કે સંત ભગવાન બાબા સરકારી છાત્રાલય યોજના હેઠળ બીડમાં શેરડીના સ્થળાંતરિત મજૂરોના બાળકો માટે હૉસ્ટેલ બનાવવામાં આવશે. અહીં આ બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહન આપવામાં આવશે. તેમના બાળકો કોઈ પણ પ્રકારના વિક્ષેપ વિના તેમનો અભ્યાસ અહીં રહીને ચાલુ રાખી શકશે.

## પરભણીમાં શિવસેનાનો મુસ્લિમ મેયર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકામાં મરાઠી મેયર બેસાડવાની માગણી કરનારી ઠાકરે શિવસેનાએ પરભણીમાં એક મુસ્લિમ નગરસેવકને મૅયર પદે બેસાડયા હતા. પરભણીના મૅયર પદે સૈયદ ઈકબાલ ખાજા બિરાજમાન થયા હતા.

બુધવારે મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી પાર પડયા બાદ સમગ્ર રાજ્યનું ધ્યાન પરભણીના મૅયર પદે કોણ બિરાજમાન થશે તેના મંડાયું હતું. છેવટે ગુરુવારે પાર પડેલી ચૂંટણીમાં શિવસેનાએ મુસ્લિમ નગરસેવકને મૅયર પદના ઉમેદવાર બનાવ્યા હતા. મુંબઈમાં મરાઠી મેયરનો આગ્રહ રાખનારી શિવસેનાએ પરભણીમાં મુસ્લિમને મેયર બનાવ્યો હતો, તે માટે એવું કહેવામાં આવે છે કે પરભણીમાં મુસ્લિમ નગરસેવકો વધુ ચૂંટાયા હોવાથી શિવસેનાએ મુસ્લિમ નગરસેવક પર મેયર માટે પસંદગી ઉતારી હતી. આ અગાઉ ૧૯૯૫માં યુતિ સરકારના સમયમાં બાળ ઠાકરેએ પણ મુસ્લિમ વિધાનસભ્ય સાબિર શેખનો પ્રધાન મંડળમાં સમાવેશ કર્યો હતો.

પરભણીમાં શિવસેના-કૉંગ્રેસ પાસે બહુમત હોવાથી બંને પક્ષે આઘાડી કરીને સત્તા સ્થાપી હતી. બંને પક્ષના નેતાઓની સંયુક્ત બેઠક બાદ મેયર તરીકે સૈયદ ઈકબાલ ખાજાના નામ પર સહી-સિક્કા કર્યા હતા.

પરભણી મહાનગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૩૦ મુસ્લિમ નગરસેવક તરીકે ચૂંટાઈ આવ્યા છે. જેમાં ઠાકરેના ૨૫ નગરસેવકોમાંથી ૧૩ મુસ્લિમ નગરસેવક ચૂંટાઈ આવ્યા છે. તો બાકીના ૧૨ નગરસેવક હિંદુ છે. મુસ્લિમ નગરસેવકની સંખ્યા વધુ હોવાથી લઘુમતી સમાજના મેયર બનાવવાનો પક્ષને નિર્ણય લીધો હોવાનું કહેવાય છે.

પરભણી પાલિકામાં ભાજપે પણ સત્તા મેળવવા માટે ભારે પ્રયાસ કર્યા હતા પણ સંખ્યાબળ ઓછું હોવાથી તેમના પ્રયાસ નિષ્ફળ ગયા હતા. પાલિકામાં સત્તા સ્થાપના માટે ૩૪ નગરસેવકોની આવશ્યકતા હતી. કૉંગ્રેસ અને શિવસેના પાસે કુલ ૩૭ નગસેવકોનું સંખ્યાબળ હતું. તેમ જ એક અપક્ષ અને એક રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નગરસેવકે પણ સેના-કૉંગ્રેસને સમર્થન આપ્યું હતું. તેથી તેમનો ઉમેદવાર બહુમતીએ મૅયર પદે ચૂંટાયો હતો.

## સ્વયંસેવી સંસ્થાઓની ભાગીદારીથી મહારાષ્ટ્રનું પરિવર્તન ઝડપથી થશેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્ર વિવિધ ક્ષેત્રોની સાથે દેશની પ્રગતિમાં પણ એક અલગ છાપ છોડી રહ્યું છે. રાજ્યની પ્રગતિનો આ વેગ યથાવત્ રાખીને રાજ્ય સરકાર અને વિવિધ સ્વયંસેવી સંસ્થાઓની ભાગીદારીથી મહારાષ્ટ્રનું ઝડપથી પરિવર્તન થશે, તેવો વિશ્વાસ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સહ્યાદ્રી અતિથિગૃહ ખાતે ટાટા ટ્રસ્ટ અને નામ ફાઉન્ડેશન સાથે કરવામાં આવેલા કરાર પ્રસંગે વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટાટા ટ્રસ્ટ અને નામ ફાઉન્ડેશન સાથે થયેલા કરારને કારણે વિવિધ ક્ષેત્રોનો વિકાસ સમગ્ર મહારાષ્ટ્રમાં પહોંચાડવામાં આવશે.

વધુમાં ફડણવીસે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક પરિવાર માટે આરોગ્ય, પોષણ, જળ સુરક્ષા અને આજીવિકામાં સુધારો કરવો એ સરકારની પ્રાથમિકતા છે. આ ભાગીદારીને કારણે વિવિધ કલ્યાણકારી સરકારી યોજનાઓ વધુ લોકઉપયોગી બનવામાં મદદ મળશે.

છેલ્લા દસ વર્ષથી શાસન ટાટા ટ્રસ્ટ સાથે મળીને કામ કરી રહ્યું છે. ટાટા માત્ર ભંડોળ આપીને ભાગીદારી નથી કરતું, પરંતુ કામ કરીને સમાજમાં સકારાત્મક પ્રભાવ પાડનારી ભાગીદારી કરે છે.

ટાટા ટ્રસ્ટના અધ્યક્ષ નોએલ ટાટાએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકાર સાથે ભાગીદારી કરીને આરોગ્ય, શિક્ષણ, પોષણ, આજીવિકા, પાણી અને સ્વચ્છતાના કાર્યક્રમોમાં સુસંગતતા લાવવામાં આવશે. સામાન્ય લોકોનું જીવનધોરણ ઊંચું લાવવાનો અમારો પ્રયત્ન રહેશે.

નવમા પાનાનું ચાલુ

### મ્હાડાની

કઢાવવાની પ્રક્રિયા શરૂ કરવી આવશ્યક છે. મુંબઈ બોર્ડની લોટરીમાં મોંઘા મકાનો બે કે તેથી વધુ વખત ડ્રો થયા પછી પણ વેચાયા નથી. આવા ૧૨૦ મકાનો છે અને આ ખાલી મકાનોને કારણે બોર્ડની આવક અટકી ગઈ છે. તેથી બોર્ડે આ મકાનોને ‘વહેલા તે પહેલા’ યોજનામાં સમાવવાનો નિર્ણય લીધો. તે મુજબ, ત્રીજી ફેબ્રુઆરીએ ‘વહેલા તે પહેલા’ યોજના હેઠળ ૧૨૦ મકાનોના વેચાણ માટે જાહેરાત પ્રકાશિત કરવામાં આવી હતી. દરમિયાન, મુંબઈમાં આ યોજના હેઠળ પહેલી વાર મકાનો વેચવામાં આવશે.

### એક્સપ્રેસ ટ્રેનમાંથી

કાલબાદેવી પરિસરમાં આવેલી કુરિયર કંપનીમાં કામ કરતા કુરિયર બૉય અભિષેક શિકરવારે (૨૨) ચોરીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે સીએસએમટી રેલવે પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. કુરિયર કંપની દ્વારા નાશિક અને નાગપુર પાર્સલ પહોંચાડવા અને ત્યાંથી બીજાં પાર્સલ લઈ જવાની કામગીરી અભિષેકને સોંપાઈ હતી. ૧૬ જાન્યુઆરીની રાતે સોનાના દાગીના અને રોકડ ભરેલું પાર્સલ લઈને તે વિદર્ભ એક્સપ્રેસથી મુંબઈ આવવા નીકળ્યો હતો. ૧૭ જાન્યુઆરીના મળસકે બે વાગ્યાની આસપાસ તેણે નાશિકમાં છેલ્લું પાર્સલ કલેક્ટ કર્યું હતું. પછી ટ્રેનમાં ઊંઘી ગયેલો અભિષેક સવારે સાત વાગ્યે ટ્રેન સીએસએમટી પહોંચી ત્યારે જાગ્યો હતો. ઊંઘમાંથી જાગ્યો ત્યારે અભિષેકને ભાન થયું હતું કે ૩૨ લાખના દાગીના રોકડ ભરેલી બૅગ ગુમ હતી. તેણે કુરિયર કંપનીના મૅનેજરનો સંપર્ક સાધ્યા પછી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ટ્રેન જે સ્ટેશનો પર ઊભી રહે છે ત્યાંના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પોલીસે તપાસ્યાં હતાં. ફૂટેજ અનુસાર દાદર સ્ટેશને શકમંદ ટ્રેનમાં ચઢ્યો હતો અને અભિષેકની બૅગ લઈને સીએસએમટી ઊતર્યો હતો. ફૂટેજ પરથી બૅગ ચોરનારો રેકોર્ડ પરનો આરોપી હોવાની ખાતરી થઈ હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે આરોપી પશ્ચિમ બંગાળના માલદા ખાતેના તેના વતનમાં હોવાનું શોધી કાઢ્યું હતું. માલદા પહોંચેલી પોલીસની ટીમે આરોપીને પકડી પાડ્યો હતો.

### મહારાષ્ટ્રમાં

આવશે. આ પગલું ડો. બી. આર. આંબેડકર, મહાત્મા જ્યોતિરાવ ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, રાજર્ષિ શાહુ મહારાજ અને મહાત્મા ગાંધીના આદર્શોથી પ્રેરિત છે, એમ પણ ઠરાવમાં જણાવાયું છે. આ પહેલ માટે સામાજિક કાર્યકર પ્રમોદ ઝીંઝાડે દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શન અને પ્રેરણાને સ્વીકારતો ઠરાવ શરદ બાબુરાવ અરાગડે દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો અને તેને બાબાસાહેબ મચ્છિન્દ્ર બોધક દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. તેને રાજ્ય સરકારને નોંધ અને આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવ્યો છે.

‘જ્ઞાતિમુક્ત ગામ’ શીર્ષક ધરાવતો આ ઠરાવ જાતિ આધારિત ભેદભાવને દૂર કરવાની અને સમુદાયમાં એકતાને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. તે ગ્રામજનોને સામાજિક એકીકરણ અને જાતિને ધ્યાનમાં લીધા વિના બધા માટે સમાન વર્તન માટે સામૂહિક રીતે કામ કરવા આહવાન આપે છે. આ પગલાંનો હેતુ તમામ ગ્રામવાસીઓ વચ્ચે ભાઈચારાને મજબૂત બનાવવા, સામાજિક વિભાજન ઘટાડવા અને અન્ય ગામો માટે અનુસરવા માટે એક ઉદાહરણ સ્થાપિત કરવાનો છે, તેમ સરપંચ અરગડેએ જણાવ્યું હતું.

### બોરીવલી સ્ટેશનથી

પાર્કથી કાન્હેરી ગુફા સુધી હવે ચાલીને જવાની ફરજ પડવાની છે.

વિશ્વપ્રસિદ્ધ કાન્હેરી ગુફામાં દેશ-વિદેશથી પણ પર્યટકો મુલાકાતે આવતા હોય છે. નેશનલ પાર્કમાં અનેક પ્રાણીઓનો વસવાટ પણ છે. અહીં મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. પર્યટકોને ધ્યાનમાં રાખીને બોરીવલી(પૂર્વ) સ્ટેશનથી કાન્હેરી ગુફા સુધી એસી -એ૧૮૮ બસ દોડાવવામાં આવતી હતી પણ હવે મુંબઈ હાઈ કોર્ટના આદેશ અને નેશનલ પાર્કના સંચાલકોની વિનંતીને પગલે બેસ્ટ ઉપક્રમે આ બસ કાયમ માટે બંધ કરી દીધી છે.

## પુણેમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે વૃદ્ધ સાથે ૨૨ કરોડની ઠગાઈઃ આઠ પકડાયા

પુણેઃ પુણેમાં શેર ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૮૫ વર્ષના સિનિયર સિટિઝન સાથે ૨૨.૦૩ કરોડ રૂપિયાની ઠગાઇ આચરવા પ્રકરણે સાયબર પોલીસે આઠ આરોપીની ધરપકડ કરી હતી. અંબરનાથ અને છત્રપતિ સંભાજીનગરથી પકડાયેલા આરોપીઓની ઓળખ મુનીલકુમાર સુરેન્દ્ર સિંહ, આકાશ મરાઠે, લાલા કેશવ ઉમાપ, પરમેશ્વર દાભાડે, સાહિલ સુંદરમ, વિષ્ણુ ખંદારે, અભિજીત સુશિલ નાડે અને દિશાંત કાંબળે તરીકે થઇ હતી. પોલીસને છેતરપિંડીની રકમમાંથી ત્રણ કરોડ પાછા મેળવવામાં સફળતા મળી હતી.

પુણેમાં રહેતા ફરિયાદી સાથે ૨૭ નવેમ્બર, ૨૦૨૫થી ૯ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન છેતરપિંડી આચરવામાં આવી હતી. આરોપીઓએ ફરિયાદીનો સંપર્ક સાધી શેર ટ્રેડિંગમાં રોકાણ પર આર્કષક વળતરની લાલચ આપી હતી. ફરિયાદીનો મોબાઇલ નંબર વ્હોટ્સઍપ ગ્રૂપમાં ઍડ કરવામાં આવ્યો હતો અને તેને લિંક મોકલીને ઍપ ડાઉનલોડ કરવાનું કહેવામાં આવ્યું હતું. દરમિયાન આરોપીઓના કહેવાથી ફરિયાદીએ સાત બૅંક અકાઉન્ટ્સમાં ૨૨.૦૩ કરોડ ટ્રાન્સફર કર્યા હતા. જોકે બાદમાં તેમને રોકાણ પર કોઇ વળતર મળ્યું નહોતું અને આરોપીઓએ ફરિયાદીના કૉલ રિસિવ કરવાનું બંધ કરી દીધું હતું. આરોપીઓએ બાદમાં પોતાના મોબાઇલ સ્વીચઓફ્ફ કરી દીધા હતા. પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં ફરિયાદીએ સાયબર પોલીસનો સંપર્ક સાધ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

### પહેલા ભારત આવો

૨૦૧૬થી તેઓ યુકેમાં રહે છે. સુનાવણી દરમિયાન બોમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ અંકડની બેન્ચે સ્પષ્ટપણે કહ્યું કે માલ્યાએ પહેલા એ સ્પષ્ટ કરવું પડશે કે તેઓ ભારત પરત ફરવાના છે કે નહીં. જો તેઓ પાછા ન આવવાના હોય તો, કોર્ટ તેમની અરજી પર સુનાવણી નહીં કરે. વિજય માલ્યાએ હાઈ કોર્ટમાં બે અરજીઓ દાખલ કરી છે, પહેલી અરજીમાં તેમને એફઈઓ જાહેર કરવાના આદેશને પડકારવા આવ્યો છે અને બીજી અરજીમાં એફઈઓ એક્ટ, ૨૦૧૮ની બંધારણીય માન્યતાને પડકારવામાં આવી છે.બેન્ચે માલ્યાની અરજીની વધુ સુનાવણી ૧૮ ફેબ્રુઆરી સુધી મુલતવી રાખી છે, ત્યાં સુધી કોર્ટે માલ્યાને કહ્યું ભારત પરત ફરવા અંગે પોતાનો મત સ્પષ્ટ કરવા કહ્યું છે.ડિસેમ્બર ૨૦૨૫માં કરવામાં આવેલી સુનાવણી દરમિયાન પણ હાઈ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે માલ્યા ભારત પરત ફરશે તો જ તે અરજી પર સુનાવણી કરવામાં આવશે અને તેમના વકીલને આ અંગે સ્પષ્ટતા કરવા જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

મુંબઇના રહેવાસી ગોપાલચંદ મહેરચંદ ટંડન (ઉં. વ. ૭૮) તે સવિતાબેનના પતિ. દીપકભાઇ, દિનેશભાઇ, વિશાલભાઇ, ગં. સ્વ. પ્રેરણાબેનના પિતા. બિનલબેન, અંજનાબેન, દર્શનાબેન, સ્વ. રાકેશભાઇના સસરા. સીમરન, લીશા, નિકુંજ, પરી, યુગ, અત્વીકના દાદા-નાના તા. ૧૧-૨-૨૬ના બુધવારે શ્રીરામશરણ પામ્યા છે. બેસણું તા. ૧૩-૨-૨૬ શુક્રવારે સાંજે ૫થી ૭. ઠે. ૨૪૨, આર્ય સમાજ, બજાર ગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ-૧. બારમાની ક્રિયા તા. ૨૨-૨-૨૬ના રવિવારે બપોરે ૩થી ૪. ઠે.૧૯૬, ચંદુલાલ બિલ્ડિંગ, બજાર ગેટ, ફોર્ટ, મુંબઇ-૧.

**ઇડર ઔદીચ્ય સત્તાવીસ જ્ઞાતિ**

ગામ પોશીના નિવાસી હાલ ભાયંદર મુંબઇ પ્રવીણચંદ્ર દામોદરદાસ જોશી (ઉં.વ. ૮૮) મુંબઇ મુકામે તા. ૧૧-૨-૨૬ બુધવાર રોજ કૈલાસવાસી થયા છે. તેઓ જયાબહેનના પતિ. પંકજ, હિનાબેન, મીનાબેન, જયોતિબહેન, રેખાબેનના પિતાશ્રી. અર્ચના પંકજ જોશીના સસરા. સ્વ. ઇશ્વરભાઇ, ચંદ્રકાન્તભાઇ, સ્વ. વિષ્ણુભાઇ, પદ્માબેન, કુંદનબેનના ભાઇ. સ્વ. હરિશંકર દામોદરદાસ ભટ્ટ (મેસણ)ના જમાઇ. પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

ગં. સ્વ. શકુંતલા (ગેમાણી) (ઉં. વ. ૮૬) તે સ્વ. વૃંદાવન વસનજી સંપટના પત્ની. તે સ્વ. રુપલીબાઇ પુરુષોતમ આશરના પુત્રી. તે સ્વ. ઉષા વિજયસિંહ સંપટ તથા ભૂપેશના બહેન. ગં. સ્વ. લત્તા નરેન્દ્રના જેઠાણી, હેમલ તથા સૌ. તેજલ રવિકુમાર આશરના કાકી તા. ૧૧-૨-૨૬ના રોજ દેવલોક પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વૈષ્ણવ**

ગામ ધ્રાંગધ્રા નિવાસી હાલ ઘાટકોપર મુંબઇ

## પારસી મરણ

કેરસી દિનશા મહેતા તે જરુના ધની. તે મરહુમો કુમી દિનશા મહેતાના દીકરા. તે કૈયનાઝ દાદીબરજોર, નાઝની દસ્તુર ને તુશના મહેતાના પપા. તે મરહુમ હોમીના ભાઇ. તે રયાન, અરીયુસ, ગીયાન, ઝાવી, અવેસતા ને ધીઇયુસના મમાવા. તે આરઝાન દાદીબરજોર, આરઝાન દસ્તુર ને સરફરાઝ મરચન્ટના સસરા. (ઉં. વ. ૭૭) રે. ઠે. માસ્તર બિલ્ડિંગ, રૂમ. નં. ૫, મોરી રોડ, કોન્ટ્રેક્ટર બાગ, માહીમ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે માહીમ સોનાવાલા અગિયારીમાં છેજી.

પ્રદીપભાઇ હરજીવનદાસ વૈષ્ણવ (ઉં. વ. ૬૯) તા. ૧૧-૨-૨૬ બુધવારના શ્રીરામચરણ પામેલ છે. સ્વ. હરજીવનદાસ અને શાંતાબેનના પુત્ર. ગોવિંદભાઇ અને ચંપાબેનના જમાઇ. ગીતાબેનના પતિ. સ્વ. કિશોરભાઇ, મીનાબેન અને કાશ્મીરાબેનના ભાઇ. ભાવિન અને ગાયત્રીના પિતા. પ્રાર્થનાસભા તા. ૧૩-૨-૨૬ શુક્રવારના સાંજે ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર હોલ, ૯૦ ફીટ રોડ, લવંડરબાગની બાજુમાં, ગારોડિયા નગર પાસે, ઘાટકોપર (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

કેવદ્રા નિવાસી હાલ બોરીવલી શ્રી કિરણ તન્ના (ઉં. વ. ૬૯) બુધવાર તા. ૧૧/૦૨/૨૬ના શ્રીજી ચરણ પામેલ છે, તે સ્વ. ચંપા અને સ્વ હરજીવન કાનજી તન્નાના પુત્ર તે માલાના પતિ. તે નીરવ અને અક્ષયના પિતા. તે ધ્વનીના સસરા. તે વિનોદ, ઉષા કિશોર તન્ના અને ભાસ્કરના ભાઈ. તે સ્વ વિમળા બેન અને પ્રવીણચંદ્ર કેશાનીના જમાઈ લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણવાળા પંચાલ**

ગામ સંડેર હાલ (મલાડ), મીનાબેન અમરતલાલ પંચાલના પુત્ર ભાવેશભાઈ. તે સ્વ. રાજેશભાઈ, અલ્કેશભાઈ, ધર્મેશભાઈ, મનીષાબેનના ભાઈ. જ્યોત્સના, ગીતા, નીતાના દિયર. ૧૧/૨/૨૬ને બુધવારે દેવલોક પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર ૧૩-૨-૨૬ના સાંજે ૪ થી ૬. ઠે.ઃ નડીયાદવાળા હોલ, રશ્મિ ડેરીની બાજુમાં, પોદાર રોડ, મલાડ (પૂ.).

**શ્રીમાળી બ્રાહ્મણ**

કચ્છ માંડવી નિવાસી હાલ અંધેરી, મુંબઈ, શ્રી. અરવિંદભાઈ ઇચ્છાશંકર ત્રિવેદી, (ઉં. વ. ૮૭) તે સ્વ. તરૂણાબેનના પતિ. સ્વ. અમીલાલ ફુલચંદ ભણસાલીના જમાઈ, તે સ્વ. વિનુભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ.તારાબેન પ્રબોધભાઈ ઓઝા, સ્વ.ક્રિષ્નાબેન બળવંતભાઈ ત્રિવેદીના ભાઈ તથા અલ્પા હિતેશ ત્રિવેદી અને બિનિતા કેતન દેહરકરના પિતા. વિધિ આદિત્ય શેઠ, કોમલ મીત ઠક્કર અને ભૂમિ કેતન દેહરકરના નાના. તા. ૧૨/૦૨/૨૦૨૬ ના સવારે ૮.૩૦ વાગ્યે કૈલાસવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થના નથી રાખેલ. ઠે. શ્રી. અરવિંદભાઈ ઇચ્છાશંકર ત્રિવેદી અ/૫૦૪ હિલ વ્યુ સોસાયટી, નવરંગ સિનેમા પાસે, જે.પી. રોડ, અંધેરી (વેસ્ટ),મુંબઈ.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

પ્રાર્થના સભા સ્વ. દિપક (ઉં. વ. ૪૨) મૂળ ગઢશીશા માંડવી, હાલે મુલુંડ, તે ગં.સ્વ. નીતાબેન નવીનભાઈ ગૌરીશંકર કનૈયાના પુત્ર, મેઘનાબેનના પતિ. યાશી અને અંશના પિતા. ભાવના નિશિથ રાડિયા, જિનલ મોહિત ધોલી, સ્વ. નીલમ હેમાંગ ચાબડ, ફાલ્ગુની ભાવિન સાયલ, રાજેશ, નિકુલના ભાઈ. માલતીબેન દિનેશભાઈ સોનપાર જડોદર કોટડા વાળાના જમાઈ,નીલમ મનોજ ખીયરા, વિવેકના બનેવી,સ્વ. ઓધવજી દેવજી ધરાદેવ (જામનગર)ના દોહિત્ર, ભવ્યા, હેત, પર્ણિકાના મામા, તા. ૧૧/૨/૨૦૨૬ ના રોજ મુલુંડ મધ્યે રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થના સભા તારીખઃ૧૩/૨/૨૬ શુક્રવાર ના સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સારસ્વતવાડી,પહેલા માળે,મુલુંડ (વેસ્ટ).

**ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ**

ગામ - જોડિયા હાલ ગામ - પુના સ્વ. હંસાબેન હરેશભાઇ ગોહિલ (ઉં. વ. ૬૭), નીરજ હરેશભાઇ ગોહિલ, મનોજ હરેશભાઇ ગોહિલ, તોરલ હરેશભાઇ ગોહિલના માતુશ્રી, કાદંબરી નીરજ ગોહિલ, એકતા મનોજ ગોહિલના સાસુમાં. જેનીફરના દાદી અને સાન્વીના નાની ૮-૨-૨૬ના શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૩-૦૨-૨૬ ના સાંજે ૫ થી ૭. સ્થળ - શ્યામ સત્સંગ ભવન, આદર્શ નગર, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી ભાટિયા**

કચ્છ અંજાર નિવાસી ગાંધી રામદાસ જાધવજીના પુત્ર વનરાજ ગાંધી (ઉં. વ. ૮૪) તે ૧૧/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ. સોનલ, રૂપલ તથા પ્રિતીના પિતા. પરેશ, તુષાર તથા મુકેશના સસરા. જેસીભાઇ તથા સ્વ. ગોપાલભાઈના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

જામનગર નિવાસી હાલ મલાડ સ્વ. રમણીકલાલ વશરામ દુબલના પુત્રવધૂ તથા દીપકભાઈના ધર્મપત્ની અ.સૌ. દિપ્તીબેન (ઉં. વ. ૬૬) તે નેહા તથા અનિકેતના માતુશ્રી. સ્વ. પ્રભુદાસ વલ્લભદાસ ગરાચના દીકરી. જ્યોત્સના ચંદ્રકાંત સોનેજી, મંજુ નૈનેશ મામતોરા, સ્વ. ભુપેન્દ્રભાઈના ભાભી. તે ૮/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૧૩/૨/૨૬ ના રોજ ૪ થી ૬ કલાકે લોહાણા મહાજનવાડી પહેલે માળે શંકર મંદિર પાસે એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ પાર્લા સ્વ. રંભાબેન ગોરધનદાસ કટારીયાના પુત્ર જશવંતરાય (કનુભાઈ) (ઉં. વ. ૭૭) તે ૮/૨/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. હંસાબેનના પતિ. આનંદના પિતા. સ્વ. નરસિંહદાસ, સ્વ. દુર્લભજી, સ્વ. પ્રભુદાસ, ગં. સ્વ. સુનંદા ચીમનલાલ ઠક્કરના ભાઈ. સ્વ. વાલજીભાઇ મેઘજી આશરના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

હાલ મુલુંડ (મુંબઈ) નિવાસી કનૈયાલાલ દક્ષિણી (ઉં. વ. ૭૮) તે સ્વ. મુક્તાબેન તથા સ્વ. મોરારજી માધવજી દક્ષિણીના પુત્ર, સ્વ. સવિતાબેન તથા સ્વ. જેઠાલાલ પોપટલાલ દત્તાણીના જમાઈ. રંજનબેનના પતિ. વિશાખા જીતેન્દ્ર ભીમજીયાણી, આનંદ તથા વૈભવના પિતા. જીતેન્દ્ર રતિલાલ ભીમજીયાણી, મેઘના તથા કિન્નરીના સસરા. સ્વ. નવીનચંદ્ર ભગવાનજી દક્ષિણી, મુકુંદ ભગવાનજી દક્ષિણી, સ્વ. ભગવતીબેન રસિકલાલ કોટક, સ્વ. રંજનબેન કનૈયાલાલ બુદ્ધદેવ, સ્વ. ભક્તિબેન વિનોદ નાગ્રેચાના ભાઈ. તા. ૦૬-૦૨-૨૬ શુક્રવારના રોજ અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૪-૦૨-૨૬ બપોરે ૩ થી ૫. ઠેઃ બેન્કવેટ હોલ (પી૧૦), પીરામલ રેવન્તા, એલ.બી.એસ. રોડ, નિર્મલ લાઈફસ્ટાઈલ મોલની પાછળ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦.

## જૈન મરણ

**ઘોઘારી વીસા શ્રીમાળી જૈન**

નીરવ જિતેન્દ્ર શાહ (ઉં. વ. ૪૨) ન્યૂ જર્સી અમેરિકામાં તા. ૯-૨-૨૬, સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે ભાવનગર વરતેજના નિવાસી હાલ મલાડ વર્ષાબહેન અને જિતેન્દ્ર નગીનદાસ શાહના પુત્ર. મોક્ષાબહેનના પતિ. રુદ્ધિના પિતા. ચિંતન અને ખ્યાતિ પારસ મહેતાના ભાઈ. મોસાળ પક્ષે અરવિંદ વ્રજલાલ શાહ. રક્ષાબહેન અને પ્રસન્ન મહેન્દ્રભાઈ શાહના જમાઈ. બંને પક્ષની સાદડી તા. ૧૪-૨-૨૬ શનિવારે ૩ થી ૫.૦૦. વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, શંકર મંદિર સામે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી સ્વ. કંચનબેન શીવલાલ વેલશી શાહ (વોરા)ના સુપુત્ર મહેન્દ્રભાઇ શાહ ગુરૂવાર, તા. ૧૨-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સરોજબહેનના પતિ. મેઘના જીનેશના સસરા. વઢવાણ નિવાસી સ્વ. કંચનબેન મણીલાલ સંઘવીના જમાઇ. સ્વ. મધુબેન, સ્વ. રમાબેન, સ્વ. સુધાબેન, ભારતીબેન, જયોતિબેન, ભૂપેન્દ્રભાઇના ભાઇ. સુરેન્દ્રનગર નિવાસી વર્ષાબેન વિનોદભાઇ ધોળકીયાના વેવાઇ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૩-૨-૨૬ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. આંગન કલાસીક બેન્કવેટ હોલ, ટી. પી. એસ. રોડ કોર્નર, ફેક્ટરી લેન, જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચણાકા નિવાસી હાલ ઘાટકોપર સંજયભાઇ રજનીકાંત મોહનલાલ રૂપાણીના ધર્મપત્ની અલ્પાબેન (ઉં. વ. ૫૪) તે દેવાંશી તથા પ્રથમના માતુશ્રી. તે ચેતનભાઇ તથા સોનલબેન દર્શનકુમાર સોલંકીના ભાભી. તે મીનાલીબેનના દેરાણી. તે શૈલી કૃણાલ ભગત તથા કૃણાલ તથા રશ્મિના કાકી. તે મહુવા નિવાસી દિનબાળાબેન કનૈયાલાલ રમણીકલાલ શેઠના દીકરી. ડો. જયેશભાઇ અને નિલેશભાઇના બહેન તા. ૧૧-૨-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા બન્ને પક્ષ તરફથી તા. ૧૩-૨-૨૬ શુક્રવારના ૪થી ૬. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયાનગર, ઘાટકોપર (પૂર્વ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ મુલુંડ સ્વ. સવિતા (સુશીલા)બેન ધીરજલાલ માણેકચંદ દોશીના સુપુત્ર ચી. વિજય (ઉં. વ. ૬૯) તા. ૧૦-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવનાના જેઠ. તથા જયેશ, ભારતી પ્રફુલચંદ્ર પંચમીયા, અરુણા શ્રવણકુમાર લાઠીયાના ભાઇ. મોસાળ પક્ષે ગઢડા નિવાસી ધીરજલાલ મોહનલાલ શાહ તથા શાંતિલાલ મોહનલાલ શાહનાં ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળ ઇન્દોર બોરીવલી અને હાલ બોઇસર નિવાસી અ. સૌ. મૃદુલાબેન પ્રકાશભાઇ તુરખીયા (ઉં. વ. ૬૯) તા. ૮-૨-૨૬ના અવસાન થયેલ છે. તે સ્વ. વનીતાબેન શાંતિલાલ મીઠાણીના સુપુત્રી. તે પ્રકાશભાઇ જગજીવન તુરખીયાના ધર્મપત્ની. તે કાર્તિક અને કૃપા (ગાલા)ના માતુશ્રી. તે માનસી (ભોજાણી) અને યશમિત (ગાલા)ના સાસુ. તે દીપકભાઇ અને રાજેશભાઇ (મીઠાણી) તથા બીનાબેન (શાહ), આશાબેન (ઘેલાણી) અને જયોતીબેન (ભીમાણી)ના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

ખેડા નિવાસી હાલ અંધેરી સુધાબેન શાંતિલાલ શાહ (ઉં. વ. ૮૪) તા. ૧૦-૨-૨૬ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે શાંતિલાલ છોટાલાલ શાહના ધર્મપત્ની, ધીરેનભાઇ અને આરતીબેનના માતુશ્રી. શ્રેયા અને મનોજકુમારના સાસુ. રમેશભાઇ-ભારતીબેન, સ્વ. કુમારપાલભાઇ-સ્વ. કોકિલાબેન, મહેશભાઇ-હંસાબેન, સ્વ. સુશીલાબેન ઇશ્વરલાલના ભાભી. પિયર પક્ષે તેઓ સ્વ. કાંતાબેન હીરાલાલ કેશવલાલ શાહ ખેડાવાળાના સુપુત્રી. શૈલેષભાઇ-રાગીનીબેન, હસમુખભાઇ-પ્રગનાબેન, વિનાબેન જયંતકુમાર શાહના બેન. પ્રાર્થનાસભા તા. ૧૪-૨-૨૬, શનિવારે સવારે ૧૦થી ૧૨, ઠે. ચટવાણી હોલ, તેલી ગલી, જિંજર હૉટેલની સામે અંધેરી ઇસ્ટ ખાતે રાખેલ છે. નિવાસ સરનામું : ૭૦૨, માતુશ્રી બિલ્ડિંગ, મથુરાદાસ વસનજી રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઇ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

કાલસારી નિવાસી હાલ બોરીવલી સ્વ. લલીતાબેન ગુલાબચંદ દેવકરણ ટીંબડીયા ના પુત્ર રમેશભાઈ (ઉં. વ. ૭૮) તે અંજનાબેન ના પતિ. દર્શના-પરાગ તથા મિતુલ સેજલના પિતા. જીતેન્દ્ર, નીરૂ મહેન્દ્રભાઈ કામદાર, મીના પંકજભાઈ દોશીના ભાઈ. સ્વ. પ્રાણલાલ ડુંગરશી પારેખના જમાઈ. ૧૧/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**જામનગર વિસા ઓસવાલ જૈન**

જામનગર નિવાસી હાલ મુંબઇ(કાન્દીવલી) રશ્મિબેન શાહ, (ઉં. વ. ૮૦) તે સ્વ. રજનીકાંત પોપટલાલ શાહના ધર્મપત્ની સ્વ.માનકુવરબેન અમૃતલાલ કોટડીયાની પુત્રી, મનનના માતુશ્રી. અનોખીના સાસુ. જ્યોતિબેન નવિનચંદ્ર શાહના વેવાણ સ્વ. જવેરીલાલ, સ્વ. હીરાલાલ, સુરેન્દ્રભાઈ, સ્વ. ચમેલીબેન, સ્વ.ઇન્દ્રબાલાબેનની બેન. રમેશભાઈ, સ્વ. ભુપેન્દ્ર ભાઈ, કુમુદબેન, નિરૂપાબેન, નયનાબેન, સ્વ. તરુણાબેનના ભાભી મંગળવાર તા. ૧૦/૦૨/૨૬ના અરિહંત શરણ પામેલ છે. ભાવયાત્રા શનિવાર તા.૧૪.૦૨.૨૬ બપોરના ૩ થી ૫. સ્થળ સ્થાનકવાસી ઉપાશ્રય એસ વી રોડ કાન્દીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવીનારના ધારીની શૈલેષ વોરા (ઉં. વ. ૪૭) ૧૧-૦૨-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. માતુશ્રી સોનબાઇ શામજી વેલજી, સ્વ. મોંઘીબેન ભોગીલાલના પુત્રવધુ. શૈલેષના ધર્મપત્ની. યશના માતા. ગામ નલિઆના નલીનીબેન કાનજી ગોડરના પુત્રી. ધીરેન, લલીત, સુરેન્દ્ર, લીના, વીણા, સ્વ. નીતાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય છે. નિ.ઃ શૈલેષ ભોગીલાલ વોરા, એ-૪૦૨, એમઆરસીસી પાર્લેક, અંબાવાડી, તુલીંજ રોડ, નાલાસોપારા (પૂર્વ).

કાંડાગરાના ઇન્દુબેન ઝવેરચંદ ગાલા (ઉં. વ. ૭૯) તા. ૧૧-૦૨-૨૬ ના મુંબઈ મધે અવસાન પામેલ છે. સ્વ. ભચીબાઈ ઉમરશી કચરાના પુત્રવધૂ. ઝવેરચંદના પત્ની. સ્વ. તુષાર, દર્પણના માતુશ્રી. બિદડાના સોનબાઈ વેલજી રતનશી પોલડીયાના સુપુત્રી. સાધ્વી કિરણ પ્રભાશ્રી, કાંતિલાલ, જયાબેનના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. ઝવેરચંદ ઉમરશી ગાલા, ૫, મમતા આશિષ, જી.કે. રોડ, હિંદમાતા, દાદર (પૂર્વ), મુંબઈ-૧૪.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# દાન નહીં...દામ આપો

## કોમેડિયન રાજપાલ યાદવના અંગત જીવનની ટ્રેજેડીમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી એનું માન જાળવી ટેકણલાકડી બની રહી છે

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**



રીલ લાઈફ અને રિયલ લાઈફનો મેળ કાયમ બેસે એ જરૂરી નથી. રૂપેરી પડદા પરનો ખૂંખાર વિલન અંગત જીવનમાં દયાનો દરિયો હોઈ શકે છે. પવિત્ર સાધુ- સંતનો રોલ કરનારી વ્યક્તિ લફડાબાજ હોઈ શકે છે. એ જ રીતે ચિત્રપટમાં ખડખડાટ હસાવતો કોમેડ્યિન (ઘણા આનો ઉચ્ચાર 'કમેડિયન' પણ કરે છે) અથવા સર્કસના જોકર - વિદૂષકના નિજી જીવનમાં ટ્રેજેડી પીછો કર્યા કરતી હોય એવું પણ બનતું હોય છે. આર્થિક સંકડામણમાં ફસાયેલા અને ચેક બાઉન્સના કેસમાં તિહાર જેલમાં સળિયા પાછળ ધકેલાઈ ગયેલા આલા દરજ્જાના કોમેડિયન રાજપાલ યાદવ એનું વિશિષ્ટ ઉદાહરણ છે. જોકે, કોમેડિયનના જીવનની ટ્રેજેડીના આ કપરા કાળમાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી તરફથી મળી રહેલો સપોર્ટ જોઈ એક્ટરના વિલાઈ ગયેલા ચહેરા પર સ્મિત રેલાઈ ગયું હશે. શિખર પરથી ગબડી તળેટી તરફ ગબડી પડેલા માટે મોટેભાગે સહેજ પણ અનુકંપા ન ધરાવતી આ કઠોર દુનિયામાં આવા અપવાદ જોઈ અનેક હૈયા હરખાઈ ગયા હશે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી 'મિસ્ટર મદદરૂપ' બની ગયેલા સોનુ સુદએ પહેલ કરી મજબૂત ટેકણલાકડી બનવાની તૈયારી દેખાડ્યા બાદ મજરૂહ સુલતાનપુરીના પ્રખ્યાત શેર 'લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા'ની જેમ અન્ય લોકો પણ રાજપાલ યાદવ માટે સંકટમોચન બનવા આગળ આવી રહ્યા છે. આ લખાય છે ત્યાં સુધીમાં સોનુ સુદ ઉપરાંત અજય દેવગન, સલમાન ખાન, વરુણ ધવન, ગુરમીત ચૌધરી, ડિરેક્ટર ડેવિડ ધવન અને અનીસ બઝમી, સંગીતકાર ઈન્દ્રજીત યાદવ અને બીજા નામ પણ ઉમેરાઈ રહ્યા છે.

અહીં એક મહત્ત્વની વાત. એવું ધારી ન લેવું કે માની ન લેવું કે બિગ બી અને કિંગ ખાન અને અન્ય મહારથીઓએ કેમ રાજપાલ યાદવ માટે અનુકંપા નથી દેખાડી? અલબત્ત, કોને મદદ કરવી અને કોને નહીં એ અંગત મુનસફીનો સવાલ છે, પણ સાથે સાથે એ સંભાવના પણ નકારી ન શકાય કે કેટલાક હાથ- ચહેરો દેખાડ્યા વિના કે પછી 'જમણો હાથ મદદ માટે લાંબો કર્યો હોય એની ડાબા હાથને પણ ખબર ન પડવી જોઈએ' એ સિદ્ધાંતને અનુસરતા લોકોએ ચુપચાપ મદદ કરી પણ હોય અથવા મદદ કરવાની તૈયારી દેખાડી હોય. આવી વાતોને લઈને દરેકને સોશ્યલ મીડિયામાં ગાજવું પસંદ હોય એ જરૂરી નથી. આ કોઈ દાનધર્મની વાત નથી. આર્થિક ટેકો આપવાનો છે : 'ચિંતા નહીં કર અમે ઊભા છીએ' એમ કહેવાનો અવસર છે. યાદ રહે, રાજપાલ યાદવએ કોઈ સ્કેન્ડલ નથી કર્યું. આર્થિક ગણતરીનો દાખલો ખોટો પડ્યો એટલી જ વાત છે. ગંજાવર ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે તો એક્ટરને મુસીબતમાં મૂકનારી રકમ તો ચણા મમરા જેવી છે.

યસ, મહત્ત્વની વાત એ છે કે રાજપાલ યાદવને દાન - દક્ષિણા નથી આપવાના, એનું સન્માન જાળવી એને પરિસ્થિતિમાંથી ઉગારવાનો છે. આ સંદર્ભમાં એક્ટર અને 'મિસ્ટર મદદરૂપ' સોનુ સુદની વાત જાણવા - સમજવા જેવી અને પછી અનુસરવા જેવી છે. સોશ્યલ મીડિયા પર સોનુએ એક લાંબો મેસેજ મૂક્યો છે, જેમાં તેણે આર્થિક સંકડામણમાં ઘેરાયેલા રાજપાલ યાદવને સહાયરૂપ થવા આગળ આવવા ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અપીલ કરી છે. એની અપીલનો એક મુદ્દો અત્યંત મહત્ત્વનો તો છે જ, પણ ગબડી પડેલી વ્યક્તિનું માન જાળવી એને ફરી કેમ બેઠી કરવી એનું આગવું ઉદાહરણ છે. સોનુએ નિર્માતા - દિગ્દર્શકોને અપીલ કરી છે કે 'રાજપાલ યાદવને સાઈનિંગ અમાઉન્ટ પેટે એક ચોક્કસ રકમ આપો. ચેરિટી એટલે કે દાન નથી કરવાનું. મુશ્કેલ પરિસ્થિતિમાંથી એ માનભેર ઊભો થઈ શકે એ માટે એને ભવિષ્યમાં એને આપવાના કામના એડવાન્સ તરીકે પૈસા આપવાના છે.'

વાચકોની જાણ ખાતર કે એક્ટર કોઈ પ્રોજેક્ટ સાથે જોડાય ત્યારે કામ શરૂ કરતા પહેલા અપાતી રકમ સાઈનિંગ અમાઉન્ટ કહેવાય છે. ટૂંકમાં રાજપાલ યાદવને ખેરાત નથી કરવાની, કામ પેટે દામ આપી એને કફોડી હાલતમાંથી દૂર કરવા નિમિત્ત બનવાનું છે. આવા અભિગમ માટે સોનુ સુદ અભિનંદનનો અધિકારી છે.

સોનુ સુદની ટહેલનો નાનો પણ પડઘો જરૂર પડ્યો. એક્ટર અને માર્શલ આર્ટ્સ સ્પેશ્યલિસ્ટ ગુરમીત ચૌધરી પણ આગળ આવ્યો છે. ત્યારબાદ મ્યુઝિક પ્રોડ્યુસર રાવ ઈંદરજીત સિંહ યાદવ ભવિષ્યમાં બનનારા મ્યુઝિક વીડિયોની આગોતરી રકમ તરીકે આપવા આગળ આવ્યા. રાજપાલ યાદવના મેનેજર ગોલ્ડી યાદવના કહેવા અનુસાર ડેવિડ ધવન અને અનીસ બઝમી પણ આગામી ફિલ્મોમાં રાજપાલ યાદવને ચમકાવશે અને એના એડવાન્સ તરીકે પૈસા આપવા તૈયાર થયા છે. અજય દેવગન, સલમાન ખાનના નામ પણ જોડાયા છે.

સોનુ સુદની જાહેર અપીલનું મહત્ત્વ સમજવું જોઈએ. ઉપરછલ્લી રીતે 'મેં મદદ કરી છે' એવી જાહેરાત કે બણગા લાગી શકે છે. એ વાત ન ભૂલવી જોઈએ કે સોશ્યલ મીડિયામાં કહેલી આવી રજૂઆતથી રાજપાલ યાદવની સમસ્યા અનેક લોકો સુધી વહેલી પહોંચે છે. આ વાત દસ હજાર કે એથી વધુ આર્થિક રીતે અતિ સક્ષમ લોકોએ જાણ્યા પછી એમાંથી દસ - વીસ લોકો પણ સોનુની જેમ મદદ કરવા આગળ આવે તો રાજપાલ યાદવ કુંડાળામાંથી બહાર નીકળી જાય. નવાઝુદ્દીન સિદ્દીકીના વાઇરલ થયેલા એક જૂના વીડિયો અનુસાર 'રાજપાલ પાસે જ્યારે ઘણું કામ હતું ત્યારે ઘણા લોકો એને ત્યાં જમવા આવતા અને કોઈ પણ પ્રકારની ફરિયાદ કર્યા વિના તેણે અનેક લોકોને પ્રેમથી ભોજન કરાવ્યું છે. તેણે અનેક લોકોને મદદ કરી છે. માત્ર હું જ નહીં, મારા જેવા અનેક એક્ટરો જ્યારે કામ મેળવવા સ્ટ્રગલ કરી રહ્યા હતા ત્યારે એનું ઘર એમને માટે ભોજનશાળા હતું. કોઈ પણ ત્યાં જઈને પેટની આગ ઠારી શકતો હતો.' આવી વ્યક્તિ માટે આધાર ન બનવું જોઈએ?

રાજપાલ યાદવ કેવી કફોડી હાલતમાં મુકાયો છે એ વાત તેણે તિહાર જેલમાં શરણાગતિ સ્વીકારતી વખતે કરેલા નિવેદનથી સમજાય છેઃ 'સર, ક્યા કરું? મેરે પાસ પૈસે નહીં હૈ. ઔર કોઈ ઉપાય નહીં દિખતા. સર, યહાં હમ સબ અકેલે હૈં'. આ પરિસ્થતિમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જે પણ લોકોએ જાહેરમાં કે ચુપચાપ 'હમ સાથ સાથ હૈ'નું કોરસ ગાયું છે એ અભિનંદનને પાત્ર છે.


### અતા- પતા- લાપતા

રામગોપાલ વર્માની 'જંગલ' ફિલ્મમાં નેગેટિવ રોલથી રાજપાલ યાદવનો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ થયો. જોકે, ત્યારબાદ તેણે સિરિયસ રોલ સુધ્ધાં કર્યા પણ તેની બોલબાલા થઈ કોમેડી કિરદારથી. 'પ્યાર તુને ક્યા કિયા', 'હંગામા', 'ચૂપ ચૂપ કે', 'ગરમ મસાલા', 'ફિર હેરા ફેરી.... શાહરુખ ખાન નિર્મિત અને અમોલ પાલેકર દિગ્દર્શિત 'પહેલી'માં થોડી મિનિટો માટે શાહરુખ સામે તેણે જે દમદાર પરફોર્મન્સ આપ્યું એ જોશો તો ફિદા થઈ જશો. અનેક કલાકારની જેમ રાજપાલ યાદવને પણ ફિલ્મ નિર્માણની ચળ ઉપડી. ૨૦૧૦માં પાંચ કરોડ રૂપિયાની લોન લઈ તેણે 'આતા પતા લાપતા' નામની ફિલ્મ બનાવી. બીજી નવેમ્બર, ૨૦૧૨ના દિવસે રિલીઝ થયેલી આ ફિલ્મના બોક્સ ઓફિસ પર ફુરચે ફુરચા ઊડી ગયા. ૧૫ કરોડના રોકાણ સાથે બનેલી આ ફિલ્મ ૫૦ લાખ રૂપિયાનો વકરો પણ ન કરી શકી. એક્ટરને માથે પાંચ કરોડનું દેવું થઈ ગયું. કમનસીબીમાં વધારો એ થયો કે ફિલ્મોમાં મળતા કામમાં પણ ઘટાડો થયો અને લોનની રકમ ૨૦૨૫માં નવ કરોડની થઈ ગઈ. રાજપાલ યાદવે આપેલા ચેક બાઉન્સ થયા અને કાનૂની રીતે એ ગુનેગાર સાબિત થયો છે.

(નોંધ : આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી રાજપાલ યાદવને જામીન મળ્યા નથી. કદાચ આ લેખ પ્રગટ થાય ત્યાં સુધીમાં એને જામીન મળી પણ જાય.)■

# એકમેવ અરવિંદ જોષીઃ વાચિક-સાત્ત્વિક અભિનયના બાદશાહ!

**સ્ટાર-યાર-કલાકાર**
**સંજય છેલ**



સ્ટેજ પર એક કલાકાર બીજા અભિનેતા માટે ગરમાગારમ ચાનો કપ લાવે છે. પેલો અભિનેતા મોં પર માંડે છે અને જુએ છે કે કપમાં સિગરેટના ઠૂંઠાનો ધુમાડો હતો! ધુમાડાને લીધે ખાંસી આવે છે અને સામેનો કલાકાર આવી મજાક માટે મૂછમાં હસે છે. એ મૂછમાં હસતો કલાકાર એટલે ગુજરાતી રંગભૂમિનો ક્લાસિક અભિનેતા અરવિંદ જોષી અને સામે હતા અરવિંદ જોષીના સગા મોટા ભાઇ- સુપરસ્ટાર એક્ટર ડિરેક્ટર પ્રવીણ જોષી. નાટકની ગંભીર ક્ષણે પણ સહજતાથી આવી મજાક કરી શકનારા અરવિંદભાઇ ચાના કપમાંના ધુમાડાની જેમ ૫ વર્ષ અગાઉ ૨૯ જાન્યુઆરી ૨૦૨૧માં ધુમાડો થઇને જતા રહ્યાં.

૧૯૬૦ બાદ ગુજરાતી નવા નાટકોમાં પ્રવીણ જોષી ને કાંતિ મડિયા જેવા દિગ્ગજ કલાકારોના સુવર્ણકાળ દરમિયાન પણ અરવિંદ જોષીએ પોતાની અલગ જ આભા નિર્માણ કરેલી. એક આગવી અદાથી ડાયલોગ ડિલિવરી કરનારા વાચિક અભિનયના બેતાજ બાદશાહ! પ્રવીણ જોષીના નામે લોકો ટિકિટ લેવા લાઇનો લગાડતાં, પણ અભિનયના જાણકારો અરવિંદ જોશીને પ્રવીણ જેટલા જ કે વધુ ક્લાસિક એક્ટર માનતાં. પ્રવીણ જોષી સ્ટાર હતા- સ્ટાઇલિશ હતા, એમની એક મોહિની હતી, પણ અરવિંદ જોશી પાસે પોતાનું ઉંડાણ, ઘૂંટેલો સ્વર હતો. બેઉ જોશીબંધુઓએ અને સરિતાબહેન જોષીએ, આઇ.એન.ટી. જેવી સંસ્થામાંથી શરત- સળગ્યા સૂરજમુખી- મીનપિયાસી- કોઇનો લાડકવાયો- ખેલંદો જેવાં અનેક યાદગાર નાટકો આપ્યા ને એક ખૂબ મોટો ચાહક-વર્ગ ઊભો કર્યો. એમાંયે 'રાહુ-કેતૂ' અને 'ખેલંદો' જેવા થ્રિલરમાં એ અરવિંદ-પ્રવીણ જોષીની જુગલબંધી જોનારા આફ્રિન પોકારી જતા.

અરવિંદભાઈની આગવી ઓળખ તો સંજીવકુમાર સામે દીકરાના રોલમાં 'કોઇનો લાડકવાયો' નાટકમાં જ થઇ ગઈ હતી (પછી એ જ સંજીવકુમારના પુત્રનો રોલ 'શોલે' જેવી યાદગાર ફિલ્મમાંયે કરેલો) વળી ભરી જુવાનીમાં મનમૌજી વૃદ્ધની ભૂમિકા 'મીનપિયાસી' નાટકમાં ભજવીને લોકોને આંજી દીધેલા.પણ બહુ લાંબો સમય સ્ટાર પ્રવીણ જોષીની છાયા-પડછાયામાં એમણે જીવવું પડયું ને પછી પોતાની નાટ્યસંસ્થા ઊભી કરીઃ 'પ્રસ્થાન!' જેમાં અરવિંદજીએ કલાકાર-નિર્માતા-નિર્દેશક તરીકે 'કાચનો ચંદ્ર', 'લેડીલાલ કુંવર', 'દૈયા રે દૈયા બિછુઆ' 'બરફના ચહેરા' જેવાં અનેક સુપર-કૂલ નાટકો આપ્યાં. એમાંયે 'એની સુગંધનો દરિયો' નાટકમાં તો લેખક-અભિનેતા-નિર્દેશક તરીકે એમણે સમરકંદ બૂઝારા ઓવારી જવાય એવું સર્જન કરેલું. જરાયે મેલોડ્રામા કે ગલગલિયા કર્યા વિના, હસાવી-રડાવીને, રોમરોમને શુદ્ધ સાત્ત્વિક મનોરંજન આપે એવું એ ક્લાસિક નાટક હતું. એમણે લખેલા એ નાટકના સંવાદો કવિતાની કક્ષાના હતા. મને યાદ છે એમાં અરવિંદભાઇ કવિતા લલકારતા-'હસતા હસતા રડી પડે ભૈ માણસ છે!' અને પ્રેક્ષકો 'ભૈ માણસ છે' કહીને ઝીલી લેતા. એક ઇમોશનલ પળમાં અરવિંદભાઇ ઘેઘૂર સ્વરથી કહેતાઃ 'આજે તો વાચા ખડક થઇ ગઇ છે ને શબ્દો જડ બની ગયા છે!' આજે અરવિંદ જોષીના ગયા બાદ એમના ચાહકોની વાચા પણ ખરેખર ખડક થઇ ગઈ છે!

ગંભીર નાટકોમાં અરવિંદજી જેટલા ખિલતા એટલા જ કોમેડી નાટકમાં ફટકાબાજી કરતા. 'રન ફોર યોર વાઇફ'ના ગુજરાતી રૂપાંતરમાં બે પત્ની-બે ઘર વચ્ચે ફસાયેલા હીરોની ભૂમિકામાં સ્ટેજ પર જે ધમાચકડી બોલાવતા તે જોઇને ભલભલા છક્ક થઇ જતા. મારા સદનસીબે કોલેજકાળમાં એમના હાથ નીચે 'ફાગણ ફોર્યો' નાટકમાં કામ કરવાનો મોકો મળેલો. જરાયે ભાર વિના હસતાં હસતાં હાથમાં સ્ક્રીપ્ટ મૂકેલી અને કહેલુંઃ 'ડાયલોગ્સ યાદ કરીને શો પર આવજે. રિલેક્સ રહેજે, દોસ્ત!' આપણે તો નવસવા નર્વસ અને તે સ્ટાર એટલે સ્ટેજ પર લોચો મરાઇ જાય ત્યારે ચાલુ નાટકે ચહેરાની એક બાજુએ પ્રેક્ષકોને ના દેખાય એમ હસી લેતાં. પ્રેક્ષકોને એમના ચહેરાની એક જ બાજુ દેખાતી પણ શરારતી અરવિંદ જોષી ઉર્ફ 'બાવજી'ની બીજી બાજુ અમને દેખાતી!

એ જ રીતે એમના વ્યક્તિત્વની બીજી એક બાજુની વાત આજે નહીં કરું તો ફરી ક્યારેય નહીં કરી શકું. ત્યારે મારા જેવા નવા કલાકારને ૫૦ રૂ માંડ મળતા. પણ શો બાદ મેં મારું કવર જોયું તો એમાં ૧૫૦ રૂ. હતા, જે મારી ઔકાત કરતાં ઘણાં વધુ હતા. બીજા શોમાં ડરતા ડરતા મેં એમનું ધ્યાન દોર્યું ત્યારે એમણે કહ્યું 'તારી અગાઉ જેણે રોલ કરેલો એ સિનિયર કલાકાર હતો એટલે એને આપતા હતા એ જ રકમ ભૂલથી તને પણ અપાઇ ગઇ છે! પણ જા, જલસા કર, તુંયે ઘરનો જ છેને, દોસ્ત!' (અરવિંદભાઇના અવાજમાં એ 'દોસ્ત' શબ્દનો રણકો સાંભળીએ તો બ્રોડ-વે થિએટરના કોઇ બ્રિટિશ અદાકારને મળતા હોઇએ એમ લાગે!)


આમ તો મારા પપ્પા છેલ (કલાનિર્દેશક છેલ-પરેશ)ના એ ખૂબ સારા અને અંગત મિત્ર. છેલ-પરેશે જ એમના બધાં નાટકોના સેટ્સ ડિઝાઇન કરેલા અનેક ગુજરાતી ફિલ્મો સાથે કરેલી એટલે પણ મારા માટે વિશેષ લાગણી હોઇ શકે, પણ રંગભૂમિના લોકો એમની દિલદારી, એમની પાર્ટીઓ અને એવરગ્રીન યંગ મિજાજને આજે યાદ કરે છે. 'હું 'ફ્લોપસેસફૂલ' માણસ છું!' એ અરવિંદ જોષીના નાટક, 'એની સુગંધ નો દરિયો'નો એક ડાયલોગ હતો. ના ફ્લોપ, ના સક્સેસફૂલ , એટલે ફ્લોપસેસફૂલ! પણ અરવિંદભાઈ લેખક નિર્દેશક કે અભિનેતા તરીકે ખૂબ સક્સેસફૂલ હતા.

બહુ ઓછા લોકો જાણે છે કે યશ ચોપરાની ફિલ્મ 'ઇત્તેફાક'માં રાજેશ ખન્નાને અરવિંદભાઈએ ટ્રેન કરેલા, કારણ એ ફિલ્મ 'ધુમ્મસ' નામના નાટક પરથી બનેલી અને ખન્નાવાળો રોલ અરવિંદભાઇએ સ્ટેજ પર ભજવેલો. 'શોલે'ની ઉપરાંત મહેશ ભટ્ટની 'નામ' ફિલ્મમાં પણ એમણે સરસ રોલ કરેલો. લેખક પન્નાલાલ પટેલની અદ્ભુત રચના પરથી બનેલ અનેક આંતરરાષ્ટ્રિય એવોર્ડ્ઝ જીતેલ પ્રથમ ગુજરી ફિલ્મ 'કંકુ' (૧૯૬૯)માં અરવિંદભાઇએ સરસ કામ કરેલું, પણ પછી ગુજરાતી કમર્શિયલ ફિલ્મોમાં વિલન તરીકે અરવિંદભાઇની ટેલેંટ લિમિટેડ સ્વરૂપે જ બહાર આવી. યોગાનુયોગ જુઓ કે અરવિંદભાઇ ગુજરાતી ફિલ્મોમાં વિલન અને એમના અભિનેતા પુત્ર શર્મન જોષીએ લગ્ન પણ હિંદી ફિલ્મોના વિલન પ્રેમ ચોપરાની દીકરી સાથે કર્યા! પ્રવીણ જોશી- અરવિંદ જોષીના કટ્ટર પ્રતિસ્પર્ધી કાંતિ મડિયા જ્યારે અરવિંદ જોષીની અભિનય પ્રતિભાની વાત કરતા ત્યારે એમની આંખોમાં અજીબ ચમક આવી જતી અને એટલે જ 'બાણશૈયા' નામના નાટકમાં કાંતિ મડિયાએ અરવિંદભાઇને એક એવી ભૂમિકા આપી કે એ માત્ર ને માત્ર 'ધ અરવિંદ જોષી' જ કરી શકે. એ નાટકમાં ગળાથી પગના અંગૂઠા સુધી પેરેલેસિસ પામેલો એક શિલ્પકાર સતત ઈચ્છામૃત્યુ માગે છે. પગથી છાતી સુધી ચાદરમાં ઢંકાઇને માત્ર સંવાદો દ્વારા અરવિંભાઇએ જે વાચિક અભિનય આપેલો એ જોવા રંગભૂમિના કલાકારો પણ ફરીફરીને આવતાં. તે સમયે અરવિંદભાઇ ગુજ્જુ ફિલ્મોમાં બિઝી હતા માટે માત્ર દસ જ દિવસના રિહર્લસમાં તૈયાર થયેલી એ 'બાણશૈયા' ની ભૂમિકાએ અરવિંદભાઇને ગુજરાતી રંગમંચ પર અમર કરી દીધા! એ નાટકના અંતમાં મૃત્યુ તરફ જઇ રહેલો લાચાર શિલ્પકાર જે રીતે મા જગદંબાના શિલ્પનું શબ્દોમાં વર્ણન કરે છે ત્યારે એનું શબ્દોમાં અહીં વર્ણન કરવું અસંભવ છે.

અરવિંદભાઇ ઉર્ફ 'બાવજી' અસંભવને સંભવ કરનારા અદાકાર હતા. વળી કોઈ અરવિંદભાઈને પૂછે કે - 'એક કલાકારને અંજલિ કઇ રીતે અપાય?' તો એ કહેતાઃ

'બે નાટક વધારે જોઇને!' ■

# દુઃખને જતાં ને સુખને આવતાં વાર ન લાગે માટે મનનો દરવાજો મોટો રાખવો...



**સાત્વિકમ્ શિવમ્**

**અરવિંદ વેકરિયા**

'મળે સૂર...' મૂકેશ રાવલ-દેવેશ રાવલ ચલાવતા હતા એ પણ પૂરી નિષ્ઠાથી.! બુકિંગ ઓછું આવે તો પણ એમના મોઢા પર અફસોસના કોઈ ભાવ ન દેખાય. મૂકેશનું તો 'હમદોનો'નાં ગીત જેવું, '...હર ફિક્રકો ધુએમેં ઉડાતા ચલા ગયા..'. એમનાં પક્ષે એવું, પણ હું જરા ઢીલો પડી જતો. ઓફકોર્સ, હું એ દેખાઈ નહિ એટલે મહોરું ચડાવી દેતો જેથી કળાય નહિ. બુકિંગ ધીમે ધીમે ઓછું થતું જતું હતું. મૂકેશ-દેવેશ હવે વધુ 'સોલ્ડ-આઉટ' શો માટે મહેનત કરતાં. પબ્લિક શો માટે સારી તારીખ હોય તો જ રિસ્ક લેતાં. મહેનત એવી રીતે કરતાં જાણે કે પોતાનું જ 'નિર્માણ' હોય. આમ છતાં એમની મહેનત જોઈએ એવો રંગ લાવતી નહોતી. એમની મહેનત માટે સાથી કલાકારો કહેતા, 'મહેનત ફળશે. નાટક જ સારું બન્યું છે'. હું વિચારતો કે નાટક સારું બન્યું છે કે સાધારણ, યોગ્ય સમયે યોગ્ય ચાલક ન મળ્યો હોત તો? આતો બે હાથોની મહેનત ફળે ત્યારે સઘળો જશ હસ્તરેખાને મળે એવી વાત થઈ. મેં મારી ટીમને શક્ય હોય એટલી સાચવવાની કોશિશ કરી અને કરતો રહું છું, જેથી તુષારભાઈની ગેરહાજરી વર્તાય નહિ. ઘર નાનું હશે તો ચાલશે પણ મનનો દરવાજો તો મોટો રાખવો, જેથી દુઃખને જતાં અને સુખને આવતાં વાર ન લાગે. હું આવું બધુ સકારાત્મક વિચારતો. દેવેશને કન્સ્ટ્રકશનનું સારું કામ હતું. મૂકેશ બેંક ઓફ બરોડાનો નોકરિયાત. ખબર નથી, પણ કદાચ બંને ભાઈઓએ અડધી-અડધી ભાગીદારીમાં આ જોખમ ઉપાડ્યું હોય, તો એક નોકરિયાત તરીકે મૂકેશ ક્યાં સુધી આ સાહસ વેંઢરી શકશે? બુકિંગ ઓછું આવતું ત્યારે આવા વિચારો આવી જતાં. હું પણ એક સમયે નોકરિયાત રહી ચુકયો હતો.

થતું કે બન્નેને કહી દઉં કે 'તમે આવેલા પૈસા હવે ગુમાવતા હો તો અટકી જાવ. આપણો મિત્ર ભલે કરોડપતિ હોય પણ એમના ઘરે આદર વગર જમવા કરતાં બજારમાંથી ૧૦૦ ગ્રામ ગાંઠિયા ખાઈ લેવા સારા.' બીજી પળે સાથી કલાકારો દેખાતા અને હું કહેવાની હિંમત નહોતો કરી શકતો. ધીમે ધીમે હું થોડો સ્વાર્થી પણ બનતો જતો હતો. મહેન્દ્ર બોહરાનો ગોળ મૂળુભાએ મારી કોણીએ લગાડી દીધો હતો. મને થતું એ પ્રોજેક્ટ ફાઈનલ થાય તો 'મળે સૂર..' બંધ કરી નુકસાની ન વેઠવાની વાત હિમ્મત કરીને બંને ભાઈને કહી દઈશ. પછી જાતને સંભાળી લેતો કે વિજય રાવલ સેતુ સમાન સાથે છે અને બહુ 'પ્રેક્ટિકલ' છે. એને જયારે લાગશે કે હવે 'મળે સૂર...' નામક તલમાં તેલ નથી રહ્યું ત્યારે 'ખોળ' જાહેર કરવામાં એ સમય નહિ વેડફે,

ખેર! લીલી-સૂકી જોતું નાટક ચાલતું રહ્યું. મેં મૂળરાજ રાજડાને ત્યાં મહેન્દ્રના નાટક માટે આવ-જા શરૂ કરી દીધી હતી. સંબંધો જાણે પાંદડા બની ગયા. નવા બનતા જાય અને જુના ખરતા...જો કે તુષારભાઈ ભુલાતા નહોતા. મૂળુભાએ બે દિવસ પછી આવવા કહ્યું. મારો ઉત્સાહ વધ્યો અને મૂકેશ-દેવેશને બંધ કરવાનું કહેવાનું સાહસ પણ આવવા લાગ્યું. બે દિવસ પછી સવારનાં પહોરમાં હું મૂળરાજભાઈને ત્યાં પહોંચી ગયો. એ જ પ્રેમભર્યો આવકાર. થયું આવા મીઠા આવકાર સાથે નવા નાટકનો 'પહેલો અંક' આપશે કે નહિ? મારી નજર એમના પર જ ચોંટી રહેલી. ચા આવી પીધી પણ ક્યારે એમનો હાથ મને પહેલો અંક આપશે મારી નજર એમના પર જ હતી. નજર જો કૃષ્ણની હોય તો જગત આખામાં પ્રેમ છે અને નજર જો રાધાની હોય તો જગત આખામાં કૃષ્ણ છે એવી ભાવના સાથે હું જોતો રહ્યો.


સમીર, પેલાં પાનાં આપજે તો.! સમીર એટલે મુળુભાનો દીકરો. 'રામાયણ' સિરિયલમાં એણે શત્રુઘ્નનું પાત્ર ભજવેલું. એ ફૂલસ્કેપ પેપરનો નાનકડો થોકડો લઇ આવ્યો. મને આપતા મુળુભા બોલ્યા,' લગભગ પોણો અંક લખાઈ ગયો છે, બાકીનાં પાનાં આ અઠવાડિયામાં આપી દઈશ એટલે પહેલો અંક પૂરો.'

'મુળરાજભાઈના અક્ષરો તું કઈ રીતે વાંચી શકે છે?' આવો સવાલ ઘણાંએ કરેલો. શરૂઆતમાં થોડી તકલીફ પડે પછી હથોટી આવી જાય. આમ પણ મને ત્રણેક નાટકનો અનુભવ હતો. કહેવાવાળા કહે પણ મૂળુભાના અક્ષરો એટલાં ખરાબ તો નહોતા જ. એ નાનકડો થોકડો લઇ હું ઘરે પહોંચ્યો. વાંચવાની તાલાવેલી હતી. અને હોય જ ને! કાગળની એક જ બાજુએ લખાણ હતું. ૨૨ પાનાં હતાં જે વાંચતા મને ૧૦ મિનિટ લાગી. હ્યુમર ઠાંસી ઠાંસીને ભરી હતી, થયું કે હવે મૂકેશ-દેવેશને પ્રેમથી જણાવી દઉં કે તમે નાટક ચલાવો છો એની સામે મને વાંધો ન હોય એ સ્વાભાવિક છે પણ નુકસાન આવે છે ત્યારે મને તકલીફ થાય છે.' આ કહેવા હું મોકાની તલાશમાં હતો.

એ પહેલા હિંમત કરી મેં તુષારભાઈનાં સાળાને માટુંગા ફોન કર્યો. સમાચાર એ જ હતા. તેઓ અંદર હતા અને કોર્ટમાં કેસ દાખલ કરી દીધો હતો. હવે ક્યારે અને શું ચુકાદો આવે એનાં ઉપર અંદર કે બહારનો આધાર હતો. મને થયું કેવું સરસ બધું ચાલી રહ્યું હતું, નાનો અને સુખી પરિવાર, આ અચાનક ફેરાનો પ્રોબ્લેમ ક્યાંથી ઊભો થયો? કહે છે કે દુવિધા અને સુવિધા જરૂર કરતાં વધારે હોય તો ખતરનાક છે. લોભને લગામ આપવાનું ક્યારેક લક્ષ્મીનાં 'ઓરા'માં આવી જઈ ચુકી જવાય છે. ખેર! આ બધા મારા મનના તુક્કા હતા. તુષારભાઈની 'બહાર' આવવાની અનિશ્ચિતતા જાણ્યા પછી મૂકેશ-દેવેશને મેં મારી વાત કહેવાનો નિશ્ચય કરી લીધો.

અઠવાડિયા પછી ફરી મેં મૂળુભાનો સંપર્ક કર્યો. એમણે ફરી અઠવાડિયું કાઢી નાખ્યું. મારી વિઝિટ ચાલતી રહી. પંદર દિવસ પછી એમના ઘરે પહોંચી ગયો. મને પાનાં આપી કહ્યું કે ફિલ્મોમાં જરા અટવાયો છું, હું પાનાં લઇ ઘરે પાછો ફર્યો. તાલાવેલી તો હતી જ. મેં પાનાં વાંચવા બંડલ ખોલ્યું.

પાનાં ઉપર નજર પડતા જ હું સ્તબ્ધ થઈ ગયો.... ■



**ડબલ રિચાર્જ**

પતિ-પત્ની બંનેનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું. પતિ ભૂત બન્યો અને પત્ની ચુડેલ. થોડા સમય બાદ બન્ને મળ્યાં.

પત્નીઃ તમે કેટલા જુદા લાગો છો ભૂત બનીને...

પતિઃ અરે પણ તું તો એવી ને એવી જ લાગે છે, જરા પણ બદલાઈ નહિ!


હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# પ્રોડ્યુસર બનવા જતા પાયમાલી થઈ

### હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં નિર્માતા બનવાની લાલસાએ અંગત જીવનમાં આર્થિક ફટકાથી તમ્મર આવી ગયા હોય એવા ઉદાહરણ છે





'અલબેલા' પછી ભગવાન દાદાને સરિયામ નિષ્ફળતા મળી | સુનીલ શેટ્ટીએ ફિલ્મ નિર્માણમાં જૂજ સફળતા જોઈ

રાજપાલ યાદવ કેવો અફલાતૂન એક્ટર અને તેણે કેવી સફળતા મેળવી આ ફિલ્મના રસિયાઓ સારી પેઠે જાણે છે. જોકે, એક્ટિંગમાં અવ્વલ હોવું અને ફિલ્મ પ્રોડ્યુસર તરીકે પણ ફતેહ મેળવવી એ બે અલગ બાબત છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શાહરુખ ખાન, આમિર ખાન, અજય દેવગન જેવા ઉદાહરણ છે જેમણે અભિનેતા તરીકે ધૂંઆધાર સફળતા મેળવવા ઉપરાંત ફિલ્મ નિર્માણમાં પણ ઝંડો લહેરાવ્યો છે. અલબત્ત, બધા માટે એ શક્ય નથી હોતું. કલાકાર તરીકે ઝળહળતી સફળતા મેળવી હોવા છતાં નિર્માતા તરીકે ફલોપ થયેલા હિન્દી ફિલ્મ જગતના અમુક ઉદાહરણ જાણીએ.

ભગવાન દાદા અને અમિતાભ બચ્ચન... હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બે યાદગાર હસ્તી. ભગવાન દાદાનું નામ પડે અને 'અલબેલા' ફિલ્મનું સ્મરણ તરત થાય. સાથે સાથે સી. રામચંદ્રની ધૂનમાં તૈયાર થયેલા ગીત 'ભોલી સૂરત દિલ કે ખોટે, નામ બડે ઔર દર્શન છોટે' તેમ જ 'શોલા જો ભડકે દિલ મેરા ધડકે' અને 'શામ ઢલે ખિડકી તલે તુમ સીટી બજાના છોડ દો' ગણગણવાનું મન થઈ આવે. અને હા, એ સમયે લોકોને ગજબનાક ઘેલું લગાડનારી ભગવાન દાદાની ડાન્સિંગ સ્ટાઈલ આંખો સામે તરવરી ઊઠે. અમિતાભ બચ્ચન, વિશેષ તો 'ઝંઝીર' પછીના ૧૯૭૦ - ૮૦ના દાયકાના બિગ બી યાદ આવતા એમની યાદગાર ફિલ્મો અને તેમણે અપનાવેલી ભગવાન દાદાની નૃત્યશૈલીના ગીતો પણ યાદ આવી જાય.

પોતે ભગવાન દાદાની ડાન્સિંગ સ્ટાઈલથી પ્રભાવિત થયા હતા અને એનું અનુકરણ કર્યું હતું એવી જાહેરમાં કબૂલાત મિસ્ટર બચ્ચને કરી છે. જોકે, આ બંને કલાકાર વચ્ચે ડાન્સ ઉપરાંત બીજું એક સામ્ય એ છે કે પોતાના સમયકાળના અત્યંત સફળ કલાકાર હોવા સાથે અત્યંત નિષ્ફળ નિર્માતા પણ હતા.

૧૯૫૧માં ભગવાન દાદાએ 'અલબેલા' ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન કર્યું હતું. એ વર્ષની ટોપ ટેન સફળ ફિલ્મોમાં 'અલબેલા' ત્રીજા નંબરે હતી. આર્થિક જાહોજલાલીને પગલે જુહુના દરિયા કિનારે આલીશાન બંગલો અને અઠવાડિયાના દરેક દિવસની એક ગાડીના હિસાબે સાત કારના વૈભવમાં દાદા આળોટવા લાગ્યા. જોકે, ચડતી પછી પડતી આવે એ ન્યાયે 'અલબેલા' પછી તેમણે પ્રોડ્યુસ કરેલી મોટાભાગની ફિલ્મો ઊંધા માથે પટકાઈ. એમાં 'સેહમે હુએ સપને' તો પહેલા શો પછી જ ઉતારી લેવામાં આવી હોવાની નોંધ છે. કિશોર કુમાર સાથે 'હંસતે રેહના'નું સાહસ કર્યું. પોતાની બધી મૂડી અને પત્નીના ઘરેણાં વેચી ફિલ્મ બનાવી, પણ એ પ્રોજેક્ટ પૂરો થયા પહેલા જ અભેરાઈ પર ચડી ગયો. આલીશાન બંગલો અને સાત મોટરકાર વેચી મારી ભગવાનદાદાએ બે રૂમના નાનકડા ઘરમાં રહેવા જવું પડ્યું હતું. મશરૂની તળાઇમાં આલોટનારના અંતિમ દિવસો જમીન પર પાથરેલી સાદડીમાં પસાર થયા હતા.

અમિતાભ બચ્ચન. ૧૯૭૦ - ૮૦ના દાયકાનો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો સૌથી તેજસ્વી સિતારો. ૧૯૮૪માં રાજકારણમાં પ્રવેશ અને હતાશ થઈ ૧૯૮૭માં ફરી ફિલ્મ દુનિયામાં પધાર્યા. જોકે, ૧૯૮૯માં રિલીઝ થયેલી ફિલ્મો નિષ્ફળ રહી અને 'ખુદા ગવાહ' (૧૯૯૨) પછી બિગ બીનું નામ ઝાંખું પડવા લાગ્યું હતું. ૧૯૯૬માં ફિલ્મ નિર્માણ સંબંધિત અમિતાભ બચ્ચન ફિલ્મ કોર્પોરેશન લિમિટેડ (એબીસીએલ)ની સ્થાપના કરી. જોકે, એજ વર્ષે બેંગ્લોરમાં આયોજિત 'મિસ વર્લ્ડ બ્યુટી કોન્ટેસ્ટ'માં ભયંકર પછડાટ ખાધી અને આર્થિક પાયમાલીના દિવસો આવ્યા. અલબત્ત, યશ ચોપડા પાસે 'મને કામ આપો'ની રજૂઆત સાથે મેળવેલી 'મોહબ્બતેં' અને કેબીસીએ નવી ઈનિંગ્સની ધમાકેદાર શરૂઆત કરી જે આજ દિન સુધી કાર્યરત છે.

ભારત ભૂષણ. ૧૯૫૦ના દાયકામાં ફિલ્મ નિર્માતાના લાડકા કલાકાર. એમના ભાઈ સાથે ભારત ભૂષણે ફિલ્મ નિર્માણમાં ઝંપલાવ્યું. એવી ભારે આર્થિક લપડાક લાગી કે ધોમ ધોમ સાહ્યબીમાં રાચતા એક્ટરે બાંદ્રાનો 'આશીર્વાદ' બંગલો સહિત ઘણી પ્રોપર્ટી વેચી નાખવી પડી. એટલું જ નહીં બે છેડા ભેગા કરવા હિન્દી ફિલ્મોમાં નગણ્ય ભૂમિકાઓ સ્વીકારવી પડી. બંગલાના બોસને અંતિમ દિવસોમાં એક નાનકડા ફ્લેટમાં રહેવાનો વારો આવ્યો હતો.

સુનીલ શેટ્ટી. હોટેલમાં વેઈટરની નોકરી કરી હોટેલ માલિક બનેલા મિસ્ટર શેટ્ટીની ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ થયો ૧૯૯૨ની 'બલવાન' ફિલ્મથી. વીસમી સદીના છેલ્લા દાયકામાં એક્શન ફિલ્મોની બોલબાલા હતી અને સુનીલ શેટ્ટી એ ફોર્મ્યુલામાં ફિટ બેસી હિટ થઈ ગયો. જોકે, એને પણ ફિલ્મ નિર્માણનો ચસ્કો લાગ્યો અને 'પોપકોર્ન મોશન પિક્ચર્સ લિમિટેડ'ની સ્થાપના કરી. 'ભાગમભાગ' જેવી એકલદોકલ સફળતાને બાદ કરતા ફિલ્મ મેકિંગ સુનીલ શેટ્ટીને માફક ન આવ્યું અને આજની તારીખમાં કંપનીને તાળું નથી માર્યું પણ ફિલ્મ મેકિંગમાં બ્રેક છે. સદનસીબે બિઝનેસ માઈન્ડ હોવાથી સુનીલ શેટ્ટીએ ભારત ભૂષણ જેવા દિવસો જોવાનો વારો ન આવ્યો.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અભિનેત્રી બનવાનું સપનું સાકાર કરવા નેપાળથી મુંબઇ આવેલી મનીષા કોઈરાલાને પહેલો બ્રેક સદનસીબે સુભાષ ઘઈ જેવા માતબર મેકર 'સૌદાગર' ફિલ્મમાં મળ્યો. મનીષા કુશળ અભિનેત્રી સાબિત થઈ અને વિવિધ ફિલ્મમેકરો અને અલગ અલગ પાત્ર ભજવવાની તક મળી. મણિ રત્નમની 'દિલ સે'થી એ ટોચની અભિનેત્રી બની ગઈ.

જોકે, 'લજ્જા' અને 'કંપની' પછી આવેલી 'એક છોટી સી લવ સ્ટોરી'ના વિવાદ પછી મનીષાની કારકિર્દીને જાણે કે ગ્રહણ લાગ્યું. એટલે ફિલ્મ નિર્માણનો નિર્ણય લઈ 'પૈસા વસૂલ' ફિલ્મ બનાવી, પણ ફિલ્મ ફ્લોપ થઈ અને ખાસ્સી આર્થિક નુકસાની થઈ. ફિલ્મ નિર્માણનો આ પ્રથમ અને અંતિમ પ્રયાસ સાબિત થયો. કંપનીનું લોકડાઉન થઈ ગયું.

અમિષા પટેલ... રિતીક રોશનને સુપરસ્ટાર બનાવનારી 'કહો ના.. પ્યાર હૈ'ની હિરોઈન તરીકે પ્રારંભિક ઓળખ મેળવનારી અભિનેત્રી 'ગદર એક પ્રેમકથા'થી ખૂબ લોકપ્રિય બની ગઈ. પ્રારંભિક સફળતાનું વિશેષ પુનરાવર્તન નહીં થવાથી ૨૦૧૧માં અમિષાએ પણ ફિલ્મ નિર્માણની વાટ પકડી. જોકે, ૨૦૧૧માં સ્થપાયેલી અમિષા પટેલ પ્રોડક્શન્સ કંપનીએ શરૂ કરેલો એક પણ પ્રોજેક્ટ મંઝિલ સુધી પહોંચી ન શકતા કંપનીને તાળું મારવામાં જ શાણપણ છે એ અમિષા પટેલને સમજાઈ ગયું.

મિથુન ચક્રવર્તી સહિત આવા અન્ય ઉદાહરણ સુધ્ધાં છે. એક્ટર તરીકે સફળતા મેળવવી અને ફિલ્મનિર્માતા તરીકે સક્સેસ મેળવવો એ બે અલગ બાબત છે અને બંને માટે અલગ આવડતની જરૂર પડે. બધાને કંઈ શાહરુખ - આમિર કે અજય દેવગન જેવી ફિલ્મ પ્રોડક્શનમાં સફળતા ન મળે એ સાબિત થયેલું સત્ય છે. ■


શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# વિક્રાંત મેસી


### સાહિત્ય ને સિનેમાને જોડતો કલાકાર

### પાનાં પરથી સ્ક્રીન સુધી પહોંચતી વિક્રાંત મેસીની ફિલ્મ્સની સફર




આજે શાહિદ કપૂર અને તૃપ્તિ ડીમરી સહીત કાસ્ટના મોટા કાફલાવાળી વિશાલ ભારદ્વાજ દિગ્દર્શિત 'ઓ'રોમિયો' રિલીઝ થઈ રહી છે, પણ ફિલ્મ વિશે વાત કરતાં મોટાભાગે ચર્ચા તેની લવ સ્ટોરી, ટ્રેજેડી અને ટાઇટલ આસપાસ જ ફરી રહી છે. આપણે કંઈક અલગ વાત કરવી છે. આ વાત ફિલ્મ કરતાં વધારે તેના એક્ટર વિશે છે વિક્રાંત મેસી.. કારણ કે જો થોડું પાછળ જઈને તેના કામ પર નજર કરીએ તો એક અજીબ પણ રસપ્રદ વાત સામે આવે છે. વિક્રાંત મેસીની ઘણી મહત્ત્વની ફિલ્મ્સ અને પ્રોજેક્ટ્સ સીધી કે આડકતરી રીતે પુસ્તકો, શોર્ટ સ્ટોરીઝ, નોન-ફિક્શન લખાણ અથવા સાહિત્યિક વિચારમાંથી જન્મેલા છે.



'ઓ'રોમિયો' પણ એ જ લાઇનમાં આવે છે. ફિલ્મનું મૂળ હુસૈન ઝૈદીના પુસ્તક 'માફિયા ક્વીન્સ ઑફ મુંબઈ'માં છે. આ પુસ્તકમાં મુંબઈના અંડરવર્લ્ડની કેટલીક વાસ્તવિક મહિલાઓની વાર્તાઓ લખવામાં આવી છે, જે અત્યાર સુધી માત્ર ક્રાઈમ ન્યૂઝ અથવા ગોસિપ તરીકે ઓળખાતી હતી. ફિલ્મ ભલે થોડી સિનેમેટિક બની જાય, પણ એની સ્ટોરી કોઈ કલ્પનામાંથી નથી આવી. એ પહેલેથી લખાયેલી છે, દસ્તાવેજીત છે. અને આવી ફિલ્મમાં વિક્રાંત મેસીનું હોવું હવે એક્સેપ્શન લાગતું નથી, કેમ કે એવું લાગે છે કે એ જાણે એવી સ્ટોરીઝ તરફ જાતે જ ખેંચાતો હોય, જે પહેલાં કાગળ પર જીવતી હતી. આ છે એનાં વધુ દ્રષ્ટાંત....!

વિક્રાંત મેસીની કરિયર શરૂઆતથી જ કોઈ ટિપિકલ બોલિવૂડ સ્ટાર જેવું રહ્યું નથી. વિક્રમાદિત્ય મોટવાણેની 'લૂટેરા' જેવી ફિલ્મમાં એની હાજરી નાની હતી, પણ ફિલ્મનો આખો ટોન જ એવો હતો કે જે સાહિત્યથી પ્રેરિત લાગતો હતો. 'લૂટેરા'ની પ્રેરણાઓ હેનરીની શોર્ટ સ્ટોરી 'ધ લાસ્ટ લીફ'માંથી લેવામાં આવી હતી. ફિલ્મમાં શબ્દો કરતાં વધુ શાંતિ હતી, વધુ ભાવનાઓ હતી. વિક્રાંત પણ એવા જ વાતાવરણમાં ફિટ થતો હતો.

એ પછી વિક્રાંત અને સાહિત્ય વચ્ચેનો ગાઢ સંબંધ લંબાયો 'અ ડેથ ઇન ધ ગંજ'થી. આ ફિલ્મ લેખક-પત્રકાર મુકુલ શર્માની લખેલી શોર્ટ સ્ટોરી પરથી બની હતી, જે તેના પોતાના જીવનના અનુભવોથી પ્રેરિત હતી. ફિલ્મમાં વિક્રાંતનું પાત્ર 'શૂટુ' એવું નથી જે તમે સામાન્ય હિન્દી ફિલ્મમાં જુઓ. એ ન તો સ્માર્ટ છે, ન તો હીરો જેવો. એ શાંત છે, અણગમતો છે, અને બહુ વખત તો કોઈ ધ્યાન પણ નથી આપતું, પણ એ જ શૂટુ ધીમે ધીમે આખી ફિલ્મનું ભાવનાત્મક કેન્દ્ર બની જાય છે. આ પાત્ર એવું લાગે છે જાણે કોઈ પુસ્તકમાંથી સીધું બહાર આવ્યું હોય. કદાચ આ જ કારણ છે કે આ ફિલ્મ આજે પણ લોકો લિટરરી સિનેમા તરીકે યાદ કરે છે.

આ જ સમયગાળા આસપાસ વિક્રાંત 'હાફ ગર્લફ્રેન્ડ'માં પણ જોવા મળ્યો. ચેતન ભગતની બેસ્ટસેલર નવલકથા પર આધારિત આ ફિલ્મમાં વિક્રાંત 'શૈલેશ'નું પાત્ર ભજવે છે. એ પાત્ર મેઈન કેરેક્ટર નથી, પણ વાર્તા માટે મહત્ત્વનું છે. ફિલ્મ ભલે પૂરી રીતે ક્રિટિકલી ન ચાલે, પણ ફરી એકવાર વિક્રાંત એવી સ્ટોરીનો ભાગ હતો, જે પહેલેથી વાચકોના મનમાં જીવતી હતી.

પછી આવી વિક્રાંતની કારકિર્દીની સૌથી સફળ ફિલ્મ- '12th ફેલ'. અહીં પણ સાહિત્યિક કનેક્શન એકદમ સીધું છે. આ ફિલ્મ અનુરાગ પાઠકની નોન-ફિક્શન પુસ્તક પરથી બની છે, જેમાં મનોજ કુમાર શર્માની સાચી જિંદગીની કહાની લખાઈ છે. અહીં વિક્રાંત કોઈ સ્ટાર નથી. એ એક સામાન્ય છોકરો લાગે છે, જે નિષ્ફળ જાય છે, ફરી ઊભો થાય છે અને ફરી પ્રયત્ન કરે છે.

તાજેતરમાં આવેલી 'આંખોં કી ગુસ્તાખિયાં' પણ એ જ પેટર્નને આગળ વધારે છે. આ ફિલ્મ ખ્યાતનામ લેખક રસ્કિન બોન્ડની શોર્ટ સ્ટોરી 'ધ આઈઝ હેવ ઇટ' પરથી પ્રેરિત છે. બે અજાણ્યા લોકો વચ્ચે થતી વાતચીત, નજર વગર બનેલો સંબંધ આ બધું પહેલેથી લખાણમાં જીવતું હતું. વિક્રાંત અહીં પણ ફરી એકવાર પાનાંથી પડદા પર પાત્રને લાવવામાં નિમિત્ત બન્યો છે.

આ લાઇનમાં 'મુસાફિર કેફે'નું નામ પણ ખાસ નોંધવા જેવું છે. હમણાં 'નેટફ્લિક્સે' ૨૦૨૬ની તેની સ્લેટની જાહેરાત કરી તેમાં આ ફિલ્મ પણ સામેલ છે. આ ફિલ્મ એટલે લેખક દિવ્યપ્રકાશ દુબેની યુવાનોમાં અતિ લોકપ્રિય નવલકથા (આ જ નામ) પરથી બની છે. સુધા અને ચંદરના નવલકથાનાં એ પાત્રોને ટીઝરમાં જોઈને તેના રીડર્સ કમેન્ટ્સ સેક્શનમાં ખાસ્સા એવા ઈમોશનલ બન્યા છે.

આ બધું જોઈને એવું લાગે છે કે વિક્રાંત મેસી કોઈ પ્લાન બનાવીને લિટરરી ફિલ્મ્સ નથી કરતો. બસ, એની પસંદગીઓ એવી છે. એ એવી સ્ટોરીઝમાં વિશ્વાસ રાખે છે, જે લખાણમાંથી આવે છે અને કદાચ એ જ વિક્રાંત મેસીની એક રસપ્રદ ઓળખ પણ છે.


આ બધાની વચ્ચે 'ઓ'રોમિયો' ફક્ત એક નવી ફિલ્મ નથી રહેતી, પણ વિક્રાંત મેસીના કરિયરની એક વધુ એવી કડી બની જાય છે, જે સાહિત્ય અને સિનેમાને જોડે છે. જ્યારે ઘણી ફિલ્મ્સ સ્ક્રીન પર શરૂ થાય છે અને ત્યાં જ પૂરી થઈ જાય છે, ત્યારે વિક્રાંતની ફિલ્મ્સ ઘણી વાર કાગળ પરથી શરૂ થાય છે અને દર્શકના મનમાં લાંબા સમય સુધી ચાલે છે! ■

**લાસ્ટ શોટ**

*વિક્રાંત મેસીની 'હસીન દિલરુબા' સાથે પણ સાહિત્યનું કનેક્શન છે. ના, આ ફિલ્મ કોઈ પુસ્તક પર આધારિત નથી, પણ અહીં તો વાર્તાવિશ્વમાં પાત્રો જ સાહિત્યના ચાહક છે.*

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## વો ચાલીસ કરોડ હમકો દે દે રણવીર...




ફરહાન અખ્તર

'ધૂરંધર'ની ધમરોળી નાખતી સફળતાએ બે ફિલ્મોને નુકસાન પહોંચાડ્યું હતું. પહેલી હતી ફરહાન અખ્તરની 'ડોન ૩' અને બીજી હતી અજય દેવગણની 'દૃશ્યમ - ૩'. પહેલી ફિલ્મમાંથી રણવીર સિંહ નીકળી ગયો જ્યારે બીજી ફિલ્મમાંથી રહમાન ડકૈત ઉર્ફે અક્ષય ખન્ના. અક્ષયને તો પ્રકાશરાજે રિપ્લેસ કરી દીધો, પણ રણવીર તકલીફમાં મુકાઈ ગયો છે.

'ડોન' ફ્રેન્ચાઇઝીનાં ત્રીજા ભાગનાં નિર્માતા 'એક્સેલ એન્ટરટેઈનમેન્ટે' ફિલ્મ અધવચ્ચે છોડી દેવાથી પોતાને નહીં નહીં તો પણ ૪૦ કરોડનું નુકસાન થયું હોવાનો દાવો કર્યો છે. હવે આ કંપનીના બે કર્તાધર્તા એવા ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીએ આ ૪૦ કરોડ રૂપિયા રણવીર સિંહ તેમને ચૂકવી દે એવી માંગણી કરી છે તો રણવીરે આમાં તેનો કોઈ જ વાંક ન હોવાનું કહીને લગભગ થાય ઈ કરી લેવું એમ કહી દીધું છે. રણવીરનું કહેવું છે કે ફિલ્મ માટે ફરહાન ક્યારેય સિરિયસ ન હતો. તેણે વારંવાર બાઉન્ડ સ્ક્રિપ્ટ માગી હતી, પરંતુ ફરહાને કાયમ તેને અડધી અને અધૂરી વાતો જ સંભળાવી હતી. ફિલ્મ જાહેર થયાં પછી પણ મહિનાઓ થઇ ગયાં અને તે ફ્લોર પર ન ગઈ. આ કારણોસર તેણે ફિલ્મને 'આવજો- બાયબાય-ટાટા' કહી દીધું હતું. તો સામે પક્ષે ફરહાનનું કહેવું છે કે તેમણે રણવીરની અનેક સાચી એવમ્ ખોટી માગણીઓ પૂરી કરી હતી અને તેમ છતાં રણવીરે ફિલ્મ છોડી દીધી. આથી હવે નુકસાનીનાં ૪૦ કરોડ તો રણવીરે આપવા રહ્યા... હાલમાં તો બોલિવૂડનાં મોટાં માથાંઓ જેવાં કે સાજીદ નડિયાદવાલા અને આમિર ખાન આ બંને વચ્ચે સંધિ કરાવવામાં વચ્ચે પડ્યાં છે, પણ પરિણામ આવતાં વાર જરૂર લાગશે.

## દોસ્ત દોસ્ત ના રહા...



રાજપાલ યાદવ

વર્ષોથી ભારતીય દર્શકોને હસાવનાર રાજપાલ યાદવ જેલમાં છે. એક ચેક બાઉન્સનાં કિસ્સામાં રાજપાલ યાદવને જેલમાં જવું પડ્યું છે. જેલમાં જતાં પહેલાં બોલિવૂડનાં વરિષ્ઠ ડાયરેક્ટર સુભાષ કે. ઝા રાજપાલને મળ્યાં હતાં. તેમણે આ કોમેડી એક્ટરને પૂછ્યું હતું કે અઢી કરોડ જેટલી રકમ તે કેમ ન ચૂકવી શક્યો, જ્યારે તે વર્ષોથી ફિલ્મોમાં કામ કરી રહ્યો છે?

તો રાજપાલ યાદવનો જવાબ હતો કે, શું કરું, સર? મારી પાસે અત્યારે પૈસા જ નથી.' સુભાષ કે. ઝા એ જે બીજો પ્રશ્ન કર્યો તેણે તો બોલિવૂડનો અસલી ચહેરો સામે લાવી દીધો. ઝા એ પૂછ્યું કે 'તે પોતાનાં મિત્રો જેવાં કે પ્રિયદર્શનની મદદ કેમ નથી લેતો?' તો રાજપાલે જવાબ આપ્યો કે, 'અહીં (બોલિવૂડમાં) બધાં એકલાં છીએ. મારો કોઈ મિત્ર નથી, લાગે છે મારે એકલાં જ લડવું પડશે...' જો કે રાજપાલનાં જેલ જવાનાં સમાચારે કેટલીક બોલિવૂડ સેલિબ્રિટીને જરૂર જગાડી દીધી છે. બે દિવસ પહેલાં એક્ટર સોનુ સૂદે સોશ્યલ મીડિયા પર જાહેરાત કરી છે કે તે પોતાની આગામી ફિલ્મમાં રાજપાલ યાદવને કાસ્ટ કરશે...


## અફવાઓનું અઠવાડિયું



રોહિત શેટ્ટી

ગોસીપ અને અફવાઓમાં ફરક હોય છે. એક જમાનામાં આ તફાવત બધાંને સમજાતો હતો, પરંતુ હવેનું મીડિયા કદાચ આ ફરકને સમજતું નથી અથવા તો સમજવા માગતું નથી. આ આખું અઠવાડિયું કોઈને કોઈ અફવા ફેલાતી રહી હતી. આ દરેક અફવાનું ખંડન તેનાં લાગતાંવળગતાંઓએ કરવું પડ્યું છે. પહેલી અફવા તો એ હતી કે 'રામાયણ' ફિલ્મમાં વિભિષણ તરીકે સાઉથનાં સુપરસ્ટાર વિજય સેતુપથી જોવા મળશે, પણ સેતુપથીએ ખુલાસો કરવો પડ્યો કે તે આ પ્રોજેક્ટનાં ક્યારેય હિસ્સા રહ્યા જ નથી. બીજી અફવા એ આવી કે પ્રકાશ રાજને સંદીપ રેડ્ડી વંગાએ પોતાની ફિલ્મ 'સ્પિરિટ'માંથી કાઢી મૂક્યા છે તો પ્રકાશ રાજે પણ સ્પષ્ટ કર્યું કે તે હજી પણ આ ફિલ્મનાં ભાગ છે અને અફવાઓ પર વિશ્વાસ કરશો નહીં. 'રામાયણ' વિષે બીજી અફવા એ આવી કે મેઘનાદના રોલ માટે વિક્રાંત મેસ્સીને રિપ્લેસ કરીને રાઘવ જુયાલને કાસ્ટ કરાયો છે તો મેસ્સીએ પણ સેતુપથીની જેમ જ કહ્યું કે તે ક્યારેય આ પ્રોજેક્ટ સાથે નહોતો જોડાયો. મેસ્સીએ આ પ્રકારની અફવા મીડિયા દ્વારા ફેલાવવામાં આવી તે અંગે નિરાશા વ્યકત કરી છે. આ અઠવાડિયાની સહુથી મોટી અફવા હતી 'ગોલમાલ-૫' અંગે. અચાનક સમાચાર આવ્યાં કે આ ફિલ્મ અમિતાભ શશી કપૂરની 'દો ઔર દો પાંચ'ની તર્જ પર આધારિત છે. બીજા જ દિવસે રોહિત શેટ્ટી પ્રગટ થયા અને સોશ્યલ મીડિયા મારફતે જાહેર કર્યું કે આ વાત સદંતર ખોટી છે. છંછેડાયેલા શેટ્ટી એ મીડિયાને તેનાં 'સ્પિરિટની અંદર' રહીને રિપોર્ટિંગ કરવાની સલાહ આપી હતી. આટલું ઓછું હોય તેમ તેણે એમ પણ કહી દીધું કે આ વખતે જવા દઉં છું, પણ જો ફરીથી આવું થયું તો... ■

**કટ એન્ડ ઓકે..**




*પ્રિયદર્શનની 'ભાગમભાગ ૨'માં ગોવિંદાને અન્ય અભિનેતા મનોજ વાજપેયીએ રિપ્લેસ કર્યો છે અને પરેશ રાવળ આ ફિલ્મમાં ડબલ રોલ ભજવશે!*

*( નોંધ : આ પણ એક અફવા છે એવું હજુ સુધી કોઈએ કહ્યું નથી! )*

ફિલ્મનામા
નરેશ શાહ

# વધ-ટૂઃ ધારણાંઓને ખોટું પાડતું ચલચિત્ર



જાણીતા જ્ઞાનકોશ ‘ભગવદ ગોમંડળ’માં હત્યા અને વધ વચ્ચેના બારિક ફરકને દર્શાવવા માટે અનેક શબ્દો આપ્યા છે. વધ એ દૃષ્ટિએ ખૂન યા મર્ડર જ છે, પરંતુ વધના અન્ય અર્થ પણ આપવામાં આવ્યા છે. વધ એટલે નાશ. વધ એટલે હણવું. પાપીઓનો ‘નાશ’ કરવો કે બદીઓને ‘હણી’ નાખવી એ વધ છે અને એ રીતે જોઈએ તો હત્યા ફાંસી આપવા લાયક ગુનો બની શકે પણ ‘વધ’ને અનિવાર્ય, આવશ્યક અથવા ફરજિયાતપણે યા લાચારીવશ કે સંજોગવશનું કૃત્ય ગણીને રહેમનજરે મૂલવી શકાય છે.

આ આખી પ્રસ્તાવના સંજય મિશ્રા - નીના ગુપ્તા અભિનિત ફિલ્મ ‘વધ-૨’ની વાત કરતાં પહેલાં કહેવી જરૂરી લાગે છે, કારણ કે ૨૦૨૨માં આવેલી ‘વધ’ની ખૂબ પ્રશંસા થઈ હતી તો તેના ચાર વરસ પછી આવેલી ‘વધ-૨’ને જોનારા દર્શકો પણ પહેલા ભાગ જેવી વધામણી આપી રહ્યા છે.

દુર્જનો (વિલનોનો) ખાત્મો એ કંઈ નવી વાત નથી. સરેરાશ દરેક ચોથી કમર્શિયલ ફિલ્મમમાં વિલનનો સફાયો કરતો હીરો આપણે જોયો છે, પરંતુ ‘વધ’ અને ‘વધ-૨’માં નામને જસ્ટીફાય-યોગ્ય ઠરાવવામાં આવ્યું છે.

૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના દિવસે જ થિયેટરમાં રિલીઝ થયેલ ‘વધ-૨’માં અને ‘વધ’ (૨૦૨૨)માં નામ ઉપરાંતની અનેક સમાનતા છે. બન્ને ફિલ્મની લીડ-સ્ટારકાસ્ટ એ જ છે. બન્ને નોનગ્લેમરસ કલાકારોના ફિલ્મી નામ પણ (શંભુનાથ




મિશ્રા અને મંજુ) સરખા છે. રાઈટર અને ડિરેક્ટર જશપાલસિંહ સંધુ જ છે. અલગ છે તો માહૌલ, પરિસ્થિતિ, વધ પાછળની લાચારી અને રજૂઆતની સ્ટાઈલ. પહેલી ‘વધ’ ફિલ્મમાં બુઝુર્ગ દંપતીના હાથે વ્યાજખાઉ અને ચરિત્રહિન વ્યક્તિની હત્યા થાય છે, કારણ કે દંપતીએ પુત્રને વિદેશ મોકલવા માટે વ્યાજે પૈસા લીધા હોય છે. એ પુત્ર હવે માતા-પિતાના ફોન પણ રિસીવ નથી કરતો જ્યારે માતા-પિતા વ્યાજખોરોની ચુંગાલમાં પીસાય રહ્યા છે.. ‘વધ-૨’માં એ જ શંભુનાથ મિશ્રા (સંજય મિશ્રા) છે, જેણે દીકરાને વિદેશ મોકલવા વ્યાજે લોન લીધી છે. ફેરફાર એ છે કે આ શંભુનાથ મિશ્રા જેલના સામાન્ય સિપાઈ છે. જ્યારે મંજુ (નીના ગુપ્તા) અહીં શર્મા નથી, સીંઘ છે (મતલબ શંભુનાથની પત્ની નથી પણ) બે હત્યાના આરોપમાં વરસોથી મહિલા કેદી છે. તેની વરસોની જેલ સજા પૂરી થવાના આખરી દિવસો ચાલી રહ્યા છે, પરંતુ એ જ જેલમાં પુરુષ વિભાગમાં રાજકારણીનો માથાભારે અને કેરેકટરલેસ પુત્ર કેશવ પણ છે.

ફિલ્મની પ્રથમ વીસ મિનિટમાં જ દર્શક સમજી જાય છે કે આ વખતે ‘વધ’ કેશવનો થવાનો છે. સ્વાભાવિક છે કે આવી ધારણા પછીની ફિલ્મ પ્રિડિકટેબલ લાગવા માંડે, પણ અહીં જ ડિરેકટર - રાઈટર જશપાલસિંહ સંધુ અને નેહા સિતોસેની વાર્તા - પટકથાની આવડત મેદાન મારી જાય છે. કાબેલ દર્શક કેશવનો ‘વધ’ થવાની રાહ જોતો રહે છે પણ ફિલ્મ ઈન્ટરવલ પર પહોંચતા તેને ઝટકો આપે છે, કારણ કે જેલ - સિપાઈ શંભુનાથ મિશ્રાના ઘરમાં રાખેલાં ફ્રીઝમાં તે કેશવની લાશ જુએ છે!

કાંડ જેલમાં થયો હોય તો પણ મામૂલી સિપાઈ તેમાં કઈ રીતે સામેલ હોય શકે? હત્યા તેણે જ કરી હોય તેવું તો સંભવ જ નથી તો લાશ તેના ઘરના ફ્રીઝ સુધી કઈ રીતે પહોંચી? કોણે પહોંચાડી અને હા, જેલની અંદર જ હત્યા કઈ રીતે થઈ? કોણે કરી? કોઈને ખબર કેમ ન પડી?...

આવા અનેક વજનદાર સવાલો સાથે ‘વધ-૨’નો ઉત્તરાર્ધ શરૂ થાય છે. ભેદના પડળ ખૂલતાં જાય છે, પરંતુ લેખક - ડિરેકટરની કાબેલિયત એ છે કે કલાઈમેક્સની છેલ્લી પાંચ મિનિટમાં એક એવું સસ્પેન્સ ખૂલે છે, જેની કલ્પના પણ આપણે ન કરી હોય... એ રીતે ‘વધ-૨ તેના ટાર્ગેટ સુધી પહોંચે છે તેમ છતાં અમુક બાબત અટપટી લાગે છે. ‘વધ-૨’માં દેખાડવામાં આવેલી જેલમાં જે રીતે મંજુ સીંઘ (નીના ગુપ્તા) મહિલા વોર્ડની હેડ (શિલ્પા શુકલા), સિપાઈ (સંજય મિશ્રા)ના સંબંધ, વર્તણૂંક અને વહેવાર (રાતે બેરેક ખોલી દેવાથી માંડીને મહિલા વિભાગમાં પુરુષ કેદીનું મધરાતે પ્રવેશવું, માથાભારે કેદી કેશવની વર્તણૂંક વગેરે) અટપટા તો લાગે જ છે. બેશક, જેલમાં આવું બધું ચાલતું જ હશે એમ માનવું રહ્યું, પણ ફિલ્મની જેમ અંતમાં એક સસ્પેન્સ ઊભું કરીને વાત પર પૂર્ણવિરામ મૂકીએ... ‘વધ-૨’માં જેલર તરીકે તગડા અભિનેતા કુમુદ મિશ્રા છે, જે અડધી ફિલ્મ પછી ગાયબ થઈ જાય છે, પરંતુ આવો તગડો એકટર અર્થ વગર કાસ્ટ નથી થયો, એ ફિલ્મ પૂરી થાય ત્યારે આપણને સમજાય જાય છે. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

આ ફિલ્મમાં કલાકારોનું એક ગીત ડ્રિમ સિક્વેન્સ છે.

૧) ગુમનામ
૨) સાહેબ
૩) આવારા
૪) ચલતી કા નામ ગાડી
૫) ડર
૬) કભી ખુશી કભી ગમ
૭) ગીત ગાયા પથ્થરો ને



## ક્વિઝ (બ)

માધુરી દીક્ષિતએ આ નામનાં પાત્રો કઈ ફિલ્મમાં ભજવેલાં જાણો છો?

૧) લક્ષ્મી
૨) સરસ્વતી
૩) ચંદ્રમુખી
૪) ગંગોત્રી
૫) મોહિની
૬) જાનકી
૭) ગૌરી



જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# શાહિદ કપૂર ‘હીટ’ ને ‘ફ્લોપ’ ફિલ્મનાં ચક્કરમાં અટવાયેલો કલાકાર

હિન્દી ફિલ્મોમાં ગીતોનું ખૂબ જ મહત્ત્વ છે અને ફિલ્મનાં ઘણા દિગ્દર્શકો એવાં પણ છે જે ગીતોનાં પિકચરાઇઝેશન પાછળ કરોડો રૂપિયા ખર્ચતા હોય છે અને તેમનાં ગીતોમાં હીરો-હિરોઇન ઉપરાંત બીજાં ૧૦૦-૨૦૦ ડાન્સરો બેકગ્રાઉન્ડમાં નાચ્યા કરતા હોય છે. આવા બ્રેકગ્રાઉન્ડ ડાન્સરમાંથી કોઇ હીરો બનીને ઊભરે અને તે લોકપ્રિય સ્ટાર તરીકે આગળ આવે એ સાવ દિવાસ્વપ્ન જેવું લાગે ને? પણ હકીકતમાં એવું થયું છે અને આજે તે એક ‘સ્ટાર’ છે.

અમે શાહિદ કપૂરની વાત કરી રહ્યા છીએ. નીલિમા આઝીમ અને પંકજ કપૂરને ત્યાં ૨૫મી ફેબ્રુઆરી ૧૯૮૧ના જન્મેલા શાહિદ કપૂરે માત્ર ૧૬ વર્ષની ઉંમરે ૧૯૯૭ના આવેલી ‘દિલ તો પાગલ હૈ’માં બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે બોલિવૂડમાં પ્રવેશ મેળવ્યો હતો. તે પોતાના જોરે જ ફિલ્મ દુનિયામાં આગળ આવવા માગતો હતો એટલે તેને કોઇ બેનરે ‘એક સ્ટાર સન’ તરીકે લોન્ચ નથી કર્યો. તે જાતમહેનતે ‘સ્ટ્રગલ’ કરીને આગળ આવ્યો છે.

‘દિલ તો પાગલ હૈ’ પછી ૧૯૯૯માં આવેલી ‘તાલ’ ફિલ્મમાં પણ તે બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે હતો. ત્યારબાદ તેણે તે સમયે અનેક મ્યુઝીક વીડિયોમાં ડાન્સર તરીકે કામ કર્યું. જોકે, તેનાં ચાર વર્ષ બાદ તેની મહેનત રંગ લાવી. તેને પહેલી ફિલ્મ ‘સોલો હીરો’ તરીકે મળી. એ ફિલ્મ હતી કેન ઘોષની ‘ઇશ્ક વિશ્ક’. આ ફિલ્મ સુપરહીટ સાબિત થઇ. ફિલ્મમાં તેની સાથે અમૃતા રાવ અને શાહનાઝ ટ્રેઝરીવાલા હતી. આ બંને હીરોઇનો રૂપેરી પડદેથી ગુમ છે. પણ શાહિદ કપૂર હજી હીરો તરીકે અડીખમ છે. જોકે, તેની કારકિર્દીમાં સતત ઉતાર-ચઢાવ આવતો રહે છે. એકાદ ફિલ્મ ‘સુપરહીટ’ સાબિત થાય, પછી પાંચથી છ ફિલ્મ પીટાઇ જાય. પણ રોમાન્ટિક ફિલ્મોને કારણે શાહિદ કપૂરની ગાડી ચાલ્યા કરે છે.



પહેલી ફિલ્મ હીટ ગયા પછી તેની સતત પાંચેક ફિલ્મ ફલોપ ગઇ. તેમાં ફીદા, દિલ માંગે મોર, દિવાને હુએ પાગલ, વાહ લાઇફ હો તો ઐસી અને શિખર જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. જોકે, ૨૦૦૬માં તેની ત્રણ ફિલ્મ રિલીઝ થઇ અને બોકસ ઓફિસ પર એ ત્રણેય ફિલ્મ ચાલી ગઇ. તેમાં કરીના કપૂર સાથેની ‘૩૬ ચાઇના ટાઉન’ અને ‘ચૂપ ચૂપ કે’નો સમાવેશ થાય છે અને અમૃતા રાવ સાથેની ‘વિવાહ’ ફિલ્મનો સમાવેશ થાય છે.

૨૦૦૭માં કરીના કપૂર સાથેની ‘જબ વી મેટ’ આવી અને તે સમયે તેનાં અને કરીના કપૂરના પ્રેમની અફવાઓ પણ ચગી હતી. એ ફિલ્મ સુપરડુપર હીટ સાબિત થઇ. તેની સાથે આવેલી ‘ફૂલ એન્ડ ફાઇનલ’, ત્યાર પછી આવેલી ‘કિસ્મત કનેકશન’, ‘દિલ બોલે હડિપ્પા’, ‘ચાન્સ પે ડાન્સ’, ‘પાઠશાલા’, ‘બદમાશ કંપની’, ‘મિલેંગે-મિલેંગે’, ‘મૌસમ’ જેવી ફિલ્મો ફલોપ થઇ. એ વચમાં ‘તેરી મેરી કહાની’ અને ‘કમિનેં’ જેવી ફિલ્મો ચાલી.

‘કમિનેં’મા શાહિદ કપૂરે પહેલી જ વાર વિશાલ ભારદ્વાજ સાથે કામ કર્યું હતું. આ ફિલ્મ ૨૦૦૯માં આવી હતી અને હવે ૨૦૨૬માં શાહિદ કપૂરને ફરી એકવાર ‘હીટ’ ફિલ્મની જરૂર છે, ત્યારે વિશાલ ભારદ્વાજ સાથે તેની ‘ઓ રોમિયો’ આવી છે. ‘ઓ રોમિયો’ એક મલ્ટિસ્ટારર ફિલ્મ છે, જેમાં શાહિદ કપૂરની સાથે તૃપ્તિ ડીમરી, નાના પાટેકર, તમન્ના ભાટિયા, દિશા પટણી અને વિક્રાંત મેસ્સી જેવાં કલાકારો છે. જોકે, ૧૭ વર્ષમાં શાહિદ કપૂરે વિશાલ ભારદ્વાજની ચાર ફિલ્મોમાં અભિનય કર્યો છે.

૨૦૦૯માં આવેલી ‘કમિનેં’ પછી ૨૦૧૪માં ‘હૈદર’ ૨૦૧૭માં ‘રંગૂન’ અને હવે ૨૦૨૬માં ‘ઓ રોમિયો’ વિશાલ ભારદ્વાજની ફિલ્મમાં શાહિદ કપૂરનું કામ જરૂર વખાણાય છે, પણ ‘હૈદર’ અને ‘રંગૂન’માં તેને સફળતા મળી નહોતી.

શાહિદ કપૂરની સફળ ફિલ્મોમાં ‘ઉડતા પંજાબ’, ‘પદમાવત’, ‘કબીર સિંહ’, ‘બ્લડી ડેડી’ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. એક સમયે કરીના કપૂર અને ત્યાર પછી પ્રિયંકા ચોપરા સાથે તેનું નામ સંકળાયું હતું. પણ, એ બન્ને અભિનેત્રીઓ પરણી ગઇ અને શાહિદ કપૂર પણ મીરાં રાજપૂત સાથે પરણીને ઠરીઠામ થઇ ગયો છે.


શાહિદ કપૂરે ‘ફર્ઝી’ નામની સીરિઝમાં કામ કરીને ઓટીટી પર પદાર્પણ કર્યું હતું. તેની આ સીરિઝ ખૂબ જ વખણાઇ હતી, હવે તેની બીજી સિઝન પણ આવવાની છે. શાહિદ કપૂરે પિતા પંકજ કપૂર સાથે બેથી ત્રણ ફિલ્મોમાં અભિનય કર્યો છે, પણ તેને નસીબ સાથ આપતું નથી. એટલે પિતા-પુત્રની જોડીને લોકો સ્વીકારતા નથી. નહીતર પંકજ કપૂર પીઢ કલાકાર છે અને અભિનયમાં અત્યારે તેમની તોલે આવે એવો કોઇ કલાકાર નથી.

‘ઓ રોમિયો’ પછી શાહિદ કપૂરની ‘કોકટેલ-ટુ’ ફિલ્મ આવવાની છે. તેમાં તેની સાથે કૃતિ સેનન અને રશ્મિકા મંદાના છે. આ ફિલ્મ પછી રશ્મિકા મંદાના સાથે તેની વધુ એક રોમકોમ એટલે કે રોમાન્ટિક કોમેડી ફિલ્મ આવવાની છે. શાહિદ કપૂર તેની રોમોન્ટિક ફિલ્મો માટે જાણીતો છે અને તેને વધુ સફળતા એવી ફિલ્મોમાં જ મળે છે.

શાહિદ કપૂરનો ભાઇ ઇશાન ખટ્ટર પણ બોલિવૂડમાં ધીમે-ધીમે પગ જમાવી રહ્યો છે, ત્યારે એક બેક ગ્રાઉન્ડ ડાન્સરમાંથી મુખ્ય અભિનેતા સુધીની શાહિદની અભિનયની સફર પ્રેરણાદાયક સાબિત થઇ છે. ■

ટૂંકું ને ટચ
નિધિ ભટ્ટ

# અભ્યાસમાં કોણ શ્રેષ્ઠ... આલિયા કે રણબીર?



બોલિવૂડના પાવર કપલ, રણબીર કપૂર અને આલિયા ભટ્ટના અભિનયના દરેક ચાહક છે, પરંતુ શું તમે આ બંને સ્ટાર્સના શિક્ષણ વિશે જાણો છો? ચાલો તમને જણાવીએ કે એ બંને કેટલા શિક્ષિત છે.

આલિયા ભટ્ટ અને રણબીર કપૂર... બંનેને આજની પેઢીના સૌથી પ્રતિભાશાળી કલાકારોમાં ગણવામાં આવે છે. આલિયા ટોચની અભિનેત્રીઓમાંની એક છે, તો રણબીર પણ ટોચના અભિનેતાઓમાંનો એક છે. બંનેએ તેમના લાંબા અને સફળ કારકિર્દી દરમિયાન ઘણી ઉત્તમ ફિલ્મો આપી છે, ચાહકોના દિલ જીતી લીધા છે. જોકે આજે અમે તમને આ કપલની ફિલ્મો કે અભિનય વિશે નહીં, પરંતુ તેમના શિક્ષણ વિશે જણાવીશું.

દિગ્ગજ ફિલ્મ નિર્માતા મહેશ ભટ્ટની પુત્રી આલિયા ભટ્ટે બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ તેણીએ ૨૦૧૨ માં મુખ્ય અભિનેત્રી તરીકે શરૂઆત કરી હતી, અને ત્યારથી ક્યારેય પાછળ વળીને જોયું નથી. કપૂર પરિવારના રણબીર કપૂરે પણ તેના માતાપિતાના માર્ગે ચાલ્યું અને હિન્દી સિનેમામાં કારકિર્દી બનાવી. શરૂઆતમાં સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યા પછી, તેણે ૨૦૦૭ માં તેની અભિનય કારકિર્દીની શરૂઆત કરી.

## આલિયાનું શિક્ષણ

આલિયા ભટ્ટે મુંબઈની જમનાબાઈ નરસી સ્કૂલમાં ૧૦મા ધોરણ સુધી અભ્યાસ કર્યો. તે વધુ અભ્યાસ કરી શકી નહીં અને ૧૨મા ધોરણની પરીક્ષા પણ ચૂકી ગઈ. અભિનેત્રીએ ૧૮-૧૯ વર્ષની ઉંમરે ‘‘સ્ટુડન્ટ ઓફ ધ યર’’ ફિલ્મથી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મ હિટ સાબિત થઈ હતી. આલિયાએ ગંગુબાઈ કાઠિયાવાડી, બ્રહ્માસ્ત્ર, ગલી બોય, રાઝી અને આરઆરઆર જેવી ફિલ્મોથી ચાહકોના દિલ પણ જીતી લીધા છે.

## રણબીરનું શિક્ષણ

ઋષિ કપૂર અને નીતુ કપૂરના પુત્ર રણબીર કપૂરે મુંબઈની બોમ્બે સ્કોટિશ સ્કૂલમાં ૧૦મા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. તે ૧૦મા ધોરણ સુધી સ્નાતક થનારા તેમના પરિવારના પહેલા વ્યક્તિ હતા. બાદમાં તેમણે મુંબઈની એચ.આર. કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઇકોનોમિક્સમાંથી પ્રી-યુનિવર્સિટી શિક્ષણ મેળવ્યું.

તેણે ન્યૂયોર્કની સ્કૂલ ઓફ વિઝ્યુઅલ આર્ટ્સમાંથી ફિલ્મ નિર્માણનો અભ્યાસક્રમ પણ પૂર્ણ કર્યો. રણબીરે એનિમલ, સંજુ, અજબ પ્રેમ કી ગઝબ કહાની, એ દિલ હૈ મુશ્કિલ, બરફી, રોકસ્ટાર, રાજનીતિ, તમાશા, રોકી અને રાની કી પ્રેમ કહાની જેવી ફિલ્મોથી પોતાની ઓળખ બનાવી છે. ■

OTTનું હોટસ્પોટ

# ૧૪ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી

આ વખતે ૧૫ ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલ હોય એવો રોમાંચ જોવા મળશે. રવિવાર, ૧૫ ફેબ્રુઆરીએ ભારત અને પાકિસ્તાન ટીમ ટકરાવાની છે. અનેક વિવાદો પછી પાકિસ્તાનની ટીમ ભારત સાથે રમવા તૈયાર થઇ છે.

દર વખતે ભારત સામે નાલેશીભરી હાર થતી હોવાથી પાક. ટીમ ભારત સામેની મેચ ટાળવા માગતી હતી, પણ આઇસીસીના કડક નિર્ણય સામે પાકિસ્તાન સરકારને પણ ઝૂકવું પડ્યું છે અને અંતે રવિવારે ‘હાઇ વૉલ્ટેજ’ મેચ દર્શકોને સોની લીવ અને જિયો હોટસ્ટાર જેવા ઓટીટી પ્લેટફોર્મ પર અને ‘સ્ટાર સ્પોર્ટસ’ પર જોવા મળશે.

ટી-૨૦ વર્લ્ડ કપની મેચો સાથે ઓટીટી પ્લેટફોર્મ પર બીજું શું જોવા મળશે તેનાં પર એક નજર નાખીએ.

**ઝી ફાઇવ :** અનુરાગ કશ્યપ દિગ્દર્શિત ‘કેનેડી’ ૨૦ ફેબ્રુઆરીએ જોવા મળશે. અનેક આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં આ ફિલ્મનાં ખૂબ જ વખાણ થયા છે. ફિલ્મનાં મુખ્ય કલાકારો સની લિઓની અને રાહુલ ભટ્ટ છે.

**જિયો હોટસ્ટાર :** આ ઓટીટી પ્લેટફોર્મ પર આજે (૧૩ ફેબ્રુઆરીએ) હોરર-થ્રીલર ફિલ્મ ‘ધ કોન્જયુઝરિંગ લાસ્ટ રાઇટસ’નું’ પ્રસારણ થશે.

**નેટ ફિલક્સ :** અહીં તમને ૧૮ ફેબ્રુઆરીએ ‘બીઇંગ ગોર્ડન રૈમસે’નું પ્રસારણ આકર્ષિત કરશે, તો ૧૯ ફેબ્રુઆરીએ એકશન થ્રીલર સીરિઝ ‘ધ નાઇટ’ એજન્ટની ત્રીજી સિઝન પણ માણવા મળશે.

**એમેઝોન પ્રાઇમ :** અહીં ૧૪ ફેબ્રુઆરીએ ૫૬ ડેઝની પહેલી સિઝન જોવા મળશે.

આ ઉપરાંત હાલ આ અઠવાડિયું ‘વેલેન્ટાઇન વીક‘ તરીકે ઓળખાય છે, ત્યારે જુદા જુદા ઓટીટી પ્લેટફોર્મ પર તમને હાલની સુપરડુપર હીટ ફિલ્મ ‘સૈયારા’ અને ‘એક દિવાને કી દિવાનિયત’ જેવી ફિલ્મોનું પુનઃપ્રસારણ જોવા મળશે. ■



# ચાલતી ટ્રેનમાંથી યુવક વૈતરણા નદીમાં પડ્યોઃ રેલવેના કર્મચારીઓએ જીવ બચાવ્યો

પાલઘરઃ ચાલતી ટ્રેનમાંથી સંતુલન ગુમાવવાને કારણે પડી ગયેલો યુવક ફંગોળાઈને સીધો વૈતરણા નદીમાં પડ્યો હતો. જોકે રેલવેના કર્મચારીઓની સતર્કતાને કારણે તેનો જીવ બચાવી લેવાયો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ ઉદય મંગેશ વાંગડ (૨૫) બોઈસરથી બોરીવલી આવવા લોકલ ટ્રેનમાં ચઢ્યો હતો. દરવાજા પાસે ફૂટબોર્ડ પર ઊભો રહીને તે પ્રવાસ કરતો હતો. ટ્રેન વૈતરણા નદી પરના બ્રિજ પરથી પસાર થઈ રહી હતી ત્યારે એકાએક વાંગડે સંતુલન ગુમાવ્યું હતું. ટ્રેનમાંથી પડી ગયેલો વાંગડ હવામાં ફંગોળાઈને સીધો નદીના પાણીમાં પડ્યો હતો.

કહેવાય છે કે વાંગડ ટ્રેનમાંથી પડ્યો ત્યારે ફરજ પર હાજર રેલવે ટ્રેક મેઈન્ટેનન્સ ગાર્ડ રમેશ સિંહની નજર તેના તરફ ગઈ હતી. સિંહે તાત્કાલિક તેના વરિષ્ઠ અધિકારીઓ અને સ્થાનિક ગામવાસીઓને આ અંગે જાણ કરી હતી.

સિંહે જણાવ્યું હતું કે બે સ્થાનિક રહેવાસી તરત જ મદદે દોડી આવ્યા હતા. બન્ને જણ તેમની બોટ લઈને વાંગડને બચાવવા નદીમાં ગયા હતા. વાંગડ બ્રિજના થાંભલામાંથી છૂટા પડેલા એક લોખંડના સળિયાને પકડીને પોતાનો જીવ બચાવવા ફાંફાં મારતો હતો.

વાંગડને બચાવીને નદીકિનારે લાવવામાં આવ્યો હતો. બાદમાં તેના પરિવારજનોને ઘટનાની જાણ કરાઈ હતી.

સિંહે જણાવ્યું હતું કે યુવક આઘાતમાં હતો. તેને સ્થાનિક હૉસ્પિટલમાં પ્રાથમિક ઉપચાર આપવામાં આવ્યો હતો. મેં માત્ર મારી ફરજ બજાવી છે. યુવકનો જીવ બચ્યો એની ખાતરી થતાં મને સંતોષ મળ્યો હતો.

દરમિયાન વાંગડને બચાવતી વખતનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. પછીથી તેની માતાનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં પુત્રને બચાવનારાઓને માતાએ દેવદૂત સમાન ગણાવ્યા હતા. (પીટીઆઈ)■

# ભાયખલામાં ચોથા માળેથી લિફ્ટ નીચે પટકાતા પાંચ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલામાં આવેલા જય કૃપા ટાવરમાં બુધવારે મોડી રાતે લિફ્ટ અચાનક ચોથા માળાથી નીચે પટકાવાની દુર્ઘટના બની હતી, જેમાં બિલ્ડિંગમાં રહેતા પાંચ લોકો જખમી થયા હતા.

ભાયખલામાં ઘોડપદેવ ક્રોસ લેન એક પર ગ્રાઉન્ડ પ્લસ ૧૮ માળનો જય કૃપા નામનો ટાવર આવેલો છે. બુધવારે રાતના લગભગ ૧૦ વાગ્યાની આસપાસ લિફ્ટ ચોથા માળથી અચાનક નીચે ધસી પડી હતી, તેને કારણે લિફ્ટમાં રહેલા પાંચ લોકો જખમી થયા હતા.

જખમીઓમાંતી ત્રણને જે.જે. હૉસ્પિટલ અને એકને બાલાજી હૉસ્પિટલ, એકને જસલોક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતા. જખમીમાં ૩૮ વર્ષની કલ્પિતા પવાર, ૨૪ વર્ષનો યશ બાલવિકર, ૫૬ વર્ષની ઉષા ગુપ્તાને જે.જે. હૉસ્પિટલમાં સારવાર માટે રજા આપવામાં આવી હતી. તો ૫૦ વર્ષના જમુના શિવહારે પર બાલાજી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી હોઈ હાલ તબિયત સ્થિર હોવાનું ડૉક્ટરે કહ્યું હતું. તો ૫૪ વર્ષના શિલ્પા મોરે પર જે.જે. સારવાર ચાલી રહી હોઈ હાલ તેમની તબિયત પણ સ્થિર છે. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં કેબલ ફેઈલર એટલે કે લિફ્ટનો કેબલ તૂટી જવાને પગલે આ દુર્ઘટના ઘટી હોવાનું જણાયું હતું. તપાસ બાદ તેનો અહેવાલ આવશે.■



**સુરક્ષા ટ્રાયલ રનઃ** ચાર મહિનાથી બંધ પડેલી મોનોરેલની સુરક્ષા બાબતે ટ્રાયલ રન યોજવામાં આવી હતી ત્યારે ટૂંક સમયમાં મોનોરેલ પ્રવાસીઓની સેવામાં શરૂ કરવામાં આવશે એવી આશા વ્યક્ત કરાઈ રહી છે. (અમય ખરાડે)

# ભાડાની રકમના વિવાદમાં રિક્ષા ડ્રાઈવરે ધક્કો મારતાં વૃદ્ધાના હાથમાં ફ્રેક્ચર

થાણેઃ રિક્ષાભાડાને મુદ્દે થયેલા વિવાદમાં રિક્ષા ડ્રાઈવરે ધક્કો મારતાં ૬૧ વર્ષની વૃદ્ધાના હાથમાં ફ્રેક્ચર થયું હોવાની ઘટના થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં બની હતી.

માનપાડા પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારે બની હતી. રિઝા જોસેફ તેનાં સગાં સાથે ડોમ્બિવલીના કસ્તુરી પ્લાઝા વિસ્તારમાંથી દાવડી ખાતેના તેમના નિવાસસ્થાને પહોંચી હતી. ફરિયાદ અનુસાર રિક્ષા ડ્રાઈવરે ૧૨૦ રૂપિયા ભાડું થશે, એવું કહ્યું હતું, પણ દાવડી પહોંચ્યા પછી તેણે ૧૬૦ રૂપિયા માગ્યા હતા. જોકે ફરિયાદીએ નક્કી થયેલું ભાડું ચૂકવવાની તૈયારી દાખવતાં ડ્રાઈવરે ગાળાગાળી કરવા માંડી હતી. તેનો દાવો હતો કે પ્રવાસના ચોક્કસ અંતર વિશે તેને ગેરમાર્ગે દોરવામાં આવ્યો હતો. કોલાહલ મચતાં જોસેફના ભાડૂતનો પુત્ર મધ્યસ્થી કરવા આવ્યો હતો. તેણે ડ્રાઈવરને શાંત રહેવા સમજાવ્યું હતું, પણ આરોપી ડ્રાઈવરે તેની સાથે મારપીટ કરવા માંડી હતી. જોસેફે મધ્યસ્થી કરતાં રિક્ષા ડ્રાઈવરે તેને ધક્કો માર્યો હતો, જેને કારણે તે જમીન પર પડી ગઈ હતી. જમીન પર પટકાવાથી તેના ડાબા હાથમાં ફ્રેક્ચર થયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. હાથમાં ગંભીર ઇજાને કારણે જોસેફને સારવાર માટે ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. માનપાડા પોલીસે હૉસ્પિટલમાં જઈ તેનું નિવેદન નોંધ્યા પછી રિક્ષા ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)■

# સલમાન ખાનના બનેવી આયુષ શર્માને ધમકીભર્યો મેઈલઃ બિશ્નોઈ ગૅન્ગનો હાથ

મુંબઈઃ અભિનેતા રણવીર સિંહને ધમકીભરી વૉઈસ નોટ મોકલવામાં આવ્યા પછી બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના બનેવી અને અભિનેતા આયુષ શર્માને ઈ-મેઈલ મારફત ધમકી આપવામાં આવી હતી. આ ધમકી પણ લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ દ્વારા આપવામાં આવી હોવાનું સામે આવ્યું હતું.

આયુષ શર્માને ધમકીભર્યો મેઈલ મોકલનારે પોતાની ઓળખ લૉરેન્સ બિશ્નાઈ ગૅન્ગના સભ્ય તરીકે આપી હતી. મેઈલમાં કરોડો રૂપિયા ચૂકવવાની ધમકી આપવામાં આવી હોવાનું કહેવાય છે. જોકે પોલીસ દ્વારા આ અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નહોતી. અધિકારીએ જણાવ્યું હતું કે શર્માએ કોઈ ફરિયાદ નોંધાવી નથી. જોકે ધમકીભર્યા મેઈલને આધારે પોલીસ વધુ તપાસ કરી રહી છે. મેઈલ ખરેખર બિશ્નોઈ ગૅન્ગ દ્વારા મોકલવામાં આવ્યો છે કે કોઈએ મજાક ખાતર આવો મેસેજ કર્યો છે તેની તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રણવીર સિંહને વ્હૉટ્સઍપ પર વૉઈસ નોટ મોકલવામાં આવી હતી. આ નોટમાં ધમકી આપવામાં આવતાં અભિનેતાની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો. એ પહેલાં ગયા સપ્તાહે ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુ ખાતેના નિવાસસ્થાને ગોળીબાર કરવામાં આવ્યો હતો અને તેની જવાબદારી પણ બિશ્નોઈ ગૅન્ગે સ્વીકારી હતી. (પીટીઆઈ)■

# લંડનથી આવેલા પ્રવાસી પાસેથી પ્રાચીન કાળના સોના-ચાંદીના સિક્કા મળ્યા

મુંબઈઃ કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટે લંડનથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર પહોંચેલા પ્રવાસી પાસેથી પ્રાચીન કાળના સોના-ચાંદીના દુર્લભ સિક્કા જપ્ત કર્યા હતા.

જપ્ત કરાયેલા સિક્કામાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના બેંગાલ પ્રેસિડેન્સી (મુર્શિદાબાદ ટંકશાળ, શાહ આલમ બીજાના નામની, એચ ૧૨૦૨/આરવાય ૧૯)ની ૧.૨૩૭ ગ્રામની એક સોનામહોર, પ્રાચીન કુશાન સામ્રાજ્ય (હુવિશકા)નો આઠ ગ્રામનો સોનાનો દિનાર અને મુઘલ કાળ (કર્ક રાશિનું પ્રતીક ધરાવતા જહાંગીર, અમદાવાદ ટંકશાળ)નો ૧૧.૪૪ ગ્રામ વજનનો ચાંદીના રૂપિયાના એક સિક્કાનો સમાવેશ થાય છે, એવું અધિકારીએ જણાવ્યું હતું. આ સોના-ચાંદીના સિક્કા પ્રવાસીની ટ્રૉલી બૅગમાં સંતાડીને મુંબઈ લાવવામાં આવ્યા હતા. મળેલી માહિતીને આધારે કસ્ટમ્સના અધિકારીઓએ ઍરપોર્ટ પર ૧૦ ફેબ્રુઆરીએ એક ઑપરેશન હાથ ધરી લંડનથી આવેલા પ્રવાસીને શંકાને આધારે તાબામાં લીધો હતો. પ્રવાસી વર્જિન એટલાન્ટિક ઍરલાઈન્સની ફ્લાઈટમાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પ્રવાસીની આગળની લિંક અને નેટવર્ક અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે. તેની વિરુદ્ધ કસ્ટમ્સ ઍક્ટ હેઠળ કાનૂની પગલાં લેવામાં આવ્યાં હતાં. જપ્ત કરાયેલા સિક્કાનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે, એવું અધિકારીએ ઉમેર્યું હતું. (પીટીઆઈ)■

# બારામતીમાં ડીજીસીએના ચાર સભ્યની ટીમે વિમાન દુર્ઘટનાના સ્થળની મુલાકાત લીધી

પુણેઃ ડીજીસીએના વરિષ્ઠ અધિકારીઓની ચાર સભ્યની ટીમે પુણે જિલ્લામાં બારામતી નજીક વિમાન દુર્ઘટનાના સ્થળની બુધવારે મુલાકાત લીધી હતી. ગયા મહિને બનેલી વિમાન દુર્ઘટનામાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચારનાં મોત થયાં હતાં.

બુધવારે દુર્ઘટના સ્થળની મુલાકાત દરમિયાન તેમણે ૨૮ જાન્યુઆરીની ઘટના સાથે કડી ધરાવતા સીસીટીવી કેમેરાના ફૂટેજ તથા વીડિયોની સમીક્ષા કરી હતી.

પુણે જિલ્લાના બારામતી એરપોર્ટ નજીક લિયરજેટ વિમાન ક્રેશ થયું હતું, જેમાં અજિત પવાર સહિત કેપ્ટન સુમિત કપૂર, કો-પાઇલટ કેપ્ટન સંભવી પાઠક, પર્સનલ સિક્યુરિટી ઓફિસર (પીએસઓ) વિદિપ જાધવ અને ફ્લાઇટ એટેન્ડન્ટ પિંકી માળીનાં મોત થયાં હતાં.

વિમાન દુર્ઘટનામાં પવાર તથા અન્ય ચાર જણનાં મોત બાદ નાગરી ઉડ્ડયન મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર બારામતીમાં 'અનિયંત્રિત એરફિલ્ડ' (એક સમર્પિત ઍર ટ્રાફિક કન્ટ્રોલ વિનાનું) અને ટ્રાફિક માહિતી સ્થાનિક ઉડ્ડયન તાલીમ સંસ્થાઓના પ્રશિક્ષકો/પાયલટો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

કેન્દ્રીય નાગરી ઉડ્ડયન પ્રધાન કે. રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે વિમાન દુર્ઘટનાની તપાસ સમયબદ્ધ રીતે પૂરી કરાશે. (પીટીઆઇ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मंगनी | શણગારેલું |
| मंजुल | પેટી |
| मंजूषा | વચેટ |
| मजली | સગાઈ |
| मंडित | સુંદર |

### જાણવા જેવું

૧૯૯૦માં આવેલી 'પ્રિટી વુમન' ફિલ્મ જોઈ અમુક અભિનેત્રીઓ ફિલ્મના હીરો રિચર્ડ ગેરની દીવાની થઈ હતી જ્યારે ઘણા અભિનેતાઓને સપનામાં જુલિયા રોબટ્ર્સ આવવા લાગી હતી. સેક્સ વર્કરના અંગત અને વ્યવસાયિક જીવન ફરતે આકાર લેતી અને એક કરોડ ચાલીસ લાખ ડૉલરના બજેટમાં બનેલી આ બે કલાકની ફિલ્મ ૪૬ કરોડ ડૉલરનો વકરો કરવામાં સફળ રહી હતી.

### ગુજરાત મોરી મોરી રે

ફિલ્મ 'દીવાદાંડી'ના અમરત્વ પામેલા રોમેન્ટિક એકલ ગીત 'તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી'ના સંગીતકાર કોણ હતા?

અ) ગૌરાંગ મહેતા
બ) અજિત મર્ચન્ટ
ક) નીનુ મઝુમદાર
ડ) અવિનાશ વ્યાસ

### નોંધી રાખો

સૌપ્રથમ ઓસ્કર એવોર્ડ મેળવનારી ફિલ્મ હતી 'વિંગ્સ' જે યુદ્ધકથા ધરાવતી ફિલ્મ હતી. એમાં ડાયલોગ્સ નહોતા, સાઉન્ડ ઈફેક્ટ હતી.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | ■ | | ■ | ૮ | | | ■ | |
| | ■ | ■ | ૯ | ૧૦ | ■ | | ■ | ૧૧ | |
| ■ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | | ૧૫ | ■ | ■ |
| ૧૬ | ■ | | ■ | | ■ | ૧૭ | | | ૧૮ |
| ૧૯ | | | ૨૦ | ■ | ૨૧ | ■ | | ■ | |
| ■ | ■ | ૨૨ | | | | ■ | ૨૩ | | ■ |
| ૨૪ | | ■ | | ■ | ૨૫ | ૨૬ | ■ | ■ | ૨૭ |
| | ■ | ૨૮ | | | ■ | | ■ | ૨૯ | |
| ૩૦ | | | | ■ | ૩૧ | | | | |

**આડી ચાવી**

૧) અશક્ત કે ઘરડાં ઢોરને રાખવાનું ધર્માદા સ્થાન (૫)
૪) મોં પર પહેરાતો નકલી ચહેરો (૪)
૭) પતિવ્રતા (૨)
૮) દુઃખ, આફત (૩)
૯) વ્યાધિ, તંદુરસ્તીમાં બગાડો (૨)
૧૧) એક મીઠાઈ (૨)
૧૨) હોડી (૨)
૧૪) હરેક ક્ષણે, હંમેશ (૪)
૧૭) આનંદ, સુખચેન (૪)
૧૯) ચાલાક, બોલવામાં કુશળ (૪)
૨૨) સાવ જૂનું થઈ ગયેલું અને ઘસાઈ ગયેલું હોય તેને સમરાવવું તે (૪)
૨૩) તોર, મગરૂરી (૨)
૨૪) પિતા (૨)
૨૫) એક સંખ્યા (૨)
૨૮) ગાડું (૩)
૨૯) અફવા, ઊડતી વાત (૨)
૩૦) સાવ તૂટ્યું ફૂટ્યું હોય તેવું (૪)
૩૧) હંમેશા, સતત (૫)

**ઊભી ચાવી**

૧) સીધું, પાધરું (૩)
૨) જૈન સાધુ, ગોરજી (૨)
૩) પૌત્ર (૩)
૪) દાવો, કેસ (૫)
૫) છ (૨)
૬) ઘંટડી (૩)
૧૦) ઊંડું, ગાઢ (૩)
૧૩) ઝાડોની લાંબી હાર (૪)
૧૫) ધર્મ કે કોઈ ધાર્મિક પંથ (૪)
૧૬) પક્ષીઓનું મોં (૨)
૧૮) ..... ખાવી = ઠોકર ખાવી, નુકસાન થવું (૨)
૨૦) કાનોકાન (૫)
૨૧) પારો, એક પ્રવાહી ધાતુ (૩)
૨૪) પાયમાલી (૩)
૨૬) ગાંડું, પ્રેમ ઘેલું (૩)
૨૭) આફત, સંકટ (૩)
૨૮) ચન્દ્ર (૨)
૨૯) અહંકાર, અભિમાન (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ વ | ■ | ૨ દે | વ | ળ | ■ | ૩ વ | ■ | ૪ ધ |
| ૫ સ્થ | ળાં | ૬ ત | ર | ■ | ■ | ૭ પ | ળો | જ | ણ |
| ૮ ર | ક | મ | ■ | ૯ ક | ર | વ | ટ | ■ | ■ |
| ■ | ■ | ન્ના | ■ | મં | ■ | ન | ■ | ૧૦ પા | ૧૧ ન |
| ૧૨ વા | ૧૩ મા | ■ | ૧૪ ક | ડ | ૧૫ પ | ■ | ૧૬ સ્ના | ત | ક |
| ૧૭ મ | ન | સ્વી | ■ | ૧૮ લુ | ટા | રો | ■ | ૧૯ ક | લી |
| ૨૦ ન | દ | ■ | ૨૧ વિ | ■ | બા | ■ | ૨૨ મૂ | ■ | ■ |
| ■ | ■ | ૨૩ કિ | ર | મ | જી | ■ | ૨૪ ર | ૨૫ ગ | ૨૬ ત |
| ૨૭ ક | ર | તા | લ | ■ | ■ | ૨૮ દે | ખ | ભા | ળ |
| ન્યા | ■ | લ | ■ | ૨૯ અ | લૂ | ણું | ■ | રો | ■ |

### ઓળખાણ પડી?



સંજીવ કુમારએ અનેક અભિનેત્રી સાથે જોડી જમાવી હતી. આપેલી તસવીરમાં એમની સાથે નજરે પડતી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) તરલા મહેતા બ) સ્નેહલતા ક) સરિતા જોશી ડ) અરુણા ઈરાની

### સુડોકુ-૯૨૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | ૩ | ૭ | | ૬ | | |
| | | | ૪ | | ૧ | ૮ | ૭ | |
| ૬ | | ૩ | | | | | | ૪ |
| | | | | | | ૭ | ૯ | ૫ |
| ૯ | ૩ | | ૨ | | ૫ | | ૬ | ૧ |
| ૪ | ૧ | ૫ | | | | | | |
| ૩ | | | | | | ૯ | | ૭ |
| | ૨ | ૧ | ૯ | | ૪ | | | |
| | | ૮ | | ૧ | ૭ | | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

**સુડોકુ-૯૨૧૯**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૨ | ૫ | ૭ | ૬ | ૧ | ૮ | ૯ |
| ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૮ | ૫ | ૧ | ૨ | ૯ | ૪ | ૭ | ૩ | ૬ |
| ૬ | ૮ | ૭ | ૪ | ૧ | ૯ | ૨ | ૫ | ૩ |
| ૫ | ૨ | ૯ | ૩ | ૮ | ૭ | ૬ | ૧ | ૪ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૨ | ૯ | ૭ | ૮ |
| ૩ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૭ | ૧ | ૪ | ૯ | ૨ | ૮ | ૩ | ૬ | ૫ |
| ૨ | ૬ | ૫ | ૧ | ૪ | ૩ | ૮ | ૯ | ૭ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| भिडंत | ટક્કર |
| भीतर | અંદર |
| भेदिया | જાસૂસ |
| भृकुटि | ભ્રમર |
| भौचक | સ્તબ્ધ |

**ગુજરાત મોરી મોરી રેઃ** લીલા દેસાઈ

**ઓળખાણ પડી?** રાધા સલુજા

**માઈન્ડ ગેમ :** વજૂદ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** પ્રેમ પૂજારી

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

પ્રસિદ્ધ ફિલ્મમેકર મેહબૂબ ખાનએ ૧૯૪૦માં બનાવેલી 'ઔરત'ના કયા એકમાત્ર એક્ટરને 'મધર ઈન્ડિયા'માં પણ લીધો હતો એ જણાવો.

અ) પ્રાણ બ) રાજકુમાર ક) સરદાર અખ્તર ડ) કન્હૈયાલાલ

### માઈન્ડ ગેમ

કઈ અભિનેત્રીએ ૧૩ વર્ષની ઉંમરે ૨૬ વર્ષના રજનીકાંતની માતાનો રોલ તમિલ ફિલ્મમાં કરવાની હિંમત કરી હતી એનું નામ જણાવો.

અ) જયા પ્રદા બ) શ્રીદેવી ક) પદ્મિની ડ) જયાસુધા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નીતા દેસાઈ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરુ કાપડિયા (૧૩) લજીતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતી ખાંડવાલા (૧૬) નિખીલ બંગાળી (૧૭) અમીષી બંગાળી (૧૮) મહેશ એન. સંઘવી (૧૯) તાહેર ઔરંગાબાદવાળા (૨૦) શીરીન ઔરંગાબાદવાળા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) કિરીટ છેડા (૨૩) ભરત કજરીયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) ચેતના છેડા (૨૭) વીણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) કમલ માટલીયા (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલીયા (૩૩) અલકા વાણી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૩૬) જયવંત પદમશી ચિખલ (૩૭) દિપીકા દોશી (૩૮) ડાયના સંતોક (૩૯) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૪૦) પુષ્પા ખોના (૪૧) નિતીન જયંતીલાલ બજરીયા (૪૨) ડગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) પ્રવીણ વોરા (૪૪) અરવિંદ કામદાર (૪૫) ડો. પ્રકાશ કટકીયા (૪૬) મહેશ દોશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) હીના દલાલ (૫૦) રમેશ દલાલ (૫૧) ઈનાક્ષી દલાલ (૫૨) નયના ગિરીશ મિસ્ત્રી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) હમ કાલે હૈં તો ક્યાં હુઆ દિલવાલે હૈં ૨) યાર બીના ચૈન કહા રે પ્યાર બીના ચૈન કહા રે ૩) ઘર આયા મેરા પરદેસી પ્યાસ બુજી મેરી ૪) મૈં સિતારો કા તારાના મૈં બહારો કા ફસાના ૫) તું મેરે સામને મૈં તેરે સામને તુજકો દેખું કે ૬) સુરજ હુઆ મધ્યમ ચાંદ જલને લગા ૭) તેરે ખયાલો મેં હમ તેરી હી બાહો મેં હમ

**ક્વિઝ (બ)** ૧) પ્રેમ પ્રતિજ્ઞા ૨) બેટા ૩) દેવદાસ ૪) ખલનાયક ૫) તેઝાબ ૬) લજ્જા ૭) કોયલા

**આખા દેશે શીખ લેવા જેવું**

# મહારાષ્ટ્રમાં સૌંદાળા ગામ ‘જાતિમુક્ત’ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લાની સૌંદાળા ગ્રામસભાએ સર્વસંમતિથી ગામને જ્ઞાતિમુક્ત જાહેર કર્યું હતું. નાતજાતના ભેદ, અસ્પૃશ્યતા અને સામાજિક અન્યાયને ડામવા માટે આ નિર્ણય લીધો હોવાનું ગ્રામસભા સાથે જોડાયેલા લોકોએ જણાવ્યું હતું.

૫ ફેબ્રુઆરીના રોજ એક સત્તાવાર ઠરાવ મુજબ, ગ્રામ પંચાયતની એક બેઠક સરપંચની અધ્યક્ષતામાં યોજાઈ હતી, જેમાં સભ્યોએ બંધારણમાં સમાવિષ્ટ સમાનતા, ભાઈચારો અને સામાજિક ન્યાયના સિદ્ધાંતો પર આધારિત માનવતાવાદી સામાજિક વ્યવસ્થા ગામમાં સ્થાપવા મામલે ચર્ચા કરી હતી.

ઠરાવમાં જણાવાયું હતું કે નેવાસા તાલુકાના સૌંદાળા ગામમાં જાતિ, ધર્મ, સંપ્રદાય કે વંશના આધારે કોઈ ભેદભાવ રહેશે નહીં અને બધા રહેવાસીઓને સમાન ગણવામાં આવશે.

ગ્રામજનોએ સામૂહિક રીતે ‘મારી જાતિ - માનવ જાતિ’ ની ભાવના અપનાવવાનો સંકલ્પ કર્યો હતો. સરકારી સેવાઓ, પાણીના સ્ત્રોત, મંદિરો, સ્મશાનભૂમિ, શાળાઓ અને સામાજિક કાર્યક્રમો સહિત તમામ જાહેર સ્થળો અને સુવિધાઓ, ભેદભાવ વિના બધા રહેવાસીઓ માટે ખુલ્લી રહેશે, તેમ ઠરાવમાં જણાવાયું છે.

ગ્રામસભાએ એવો પણ ઠરાવ કર્યો હતો કે અસ્પૃશ્યતા, સામાજિક બહિષ્કાર અથવા સામાજિક અન્યાય તરફ દોરી જતી કોઈપણ સામગ્રી પોસ્ટ કે પ્રમોટ કરશે નહીં અને જો આ પ્રકારની પ્રવૃત્તિ થશે તો પગલાં લેવામાં

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ-નાશિક હાઈવે પરની ટ્રાફિક જૅમની સમસ્યાનો માર્ચમાં અંત આવશે

મુંબઈ: મુંબઈ નાશિક હાઈવે પર માજીવાડાથી વડપે સુધીના રોડને પહોળું કરવાનું કામ અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે અને નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ માહિતી આપી હતી કે આ રસ્તો માર્ચ મહિનામાં ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવશે.

આ સાથે થાણેમાં સાકેત બ્રિજનું કામ એક મહિનામાં પૂર્ણ થશે, જ્યારે કલવા-ખારીગાંવ ખાડી બ્રિજને પહોળો કરવાનું કામ અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. આ બ્રિજ આગામી ત્રણથી ચાર દિવસમાં ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવશે. આ બ્રિજ પર ટ્રાફિક શરૂ થતાં થાણે અને ભિવંડીમાં થતી ટ્રાફિક જામથી નાગરિકોને મોટી રાહત મળવાની શક્યતા છે.

થાણે જિલ્લા આયોજન સમિતિએ બુધવારે જિલ્લા કલેક્ટર કાર્યાલય ખાતે નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેની અધ્યક્ષતામાં એક બેઠક યોજી હતી. આ પ્રસંગે એકનાથ શિંદેએ આદેશ આપ્યો હતો કે, ચોમાસાની ઋતુ શરૂ થવામાં હજુ ચારથી પાંચ મહિના બાકી છે. તેથી, જિલ્લાના તમામ મ્યુનિસિપલ સત્તાવાળાઓએ તેમના વિસ્તારોમાં રસ્તાનું કામ હમણાં જ શરૂ કરી દેવું જોઈએ, જેથી ચોમાસાની ઋતુ પહેલા તમામ કામ પૂર્ણ થઈ જાય. જે રસ્તાઓને ડામરથી બનાવવાની જરૂર હોય ત્યાં ડામરનું કામ પૂર્ણ થવું જોઈએ. જ્યાં કોંક્રિટિંગનું કામ ચાલી રહ્યું છે ત્યાં તે ઝડપથી પૂર્ણ થવું જોઈએ. ખાડાઓને કારણે ક્યાંય અકસ્માત અને ટ્રાફિક જામ ન થાય, એવો સ્પષ્ટ આદેશ એકનાથ શિંદેએ આપ્યો હતો. ■

# બોરીવલી સ્ટેશનથી કાન્હેરી ગુફાની બસ કાયમ માટે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બેસ્ટ ઉપક્રમ દ્વારા બોરીવલી રેલવે સ્ટેશનથી કાન્હેરી ગુફા સુધી દોડાવવામાં આવતી એરકંડિશન્ડ બસ એ-૧૮૮ બસને કાયમ માટે બંધ કરી દેવામાં આવી છે. તેથી હવે બોરીવલી સ્ટેશનથી નેશનલ પાર્ક અને કાન્હેરી ગુફા જવા ઈચ્છુક પર્યટકોને પરેશાનીનો સામનો કરવો પડી શકે છે.

મુંબઈ હાઈ કોર્ટના આદેશ અનુસાર પર્યાવરણ અને વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે બેસ્ટ ઉપક્રમ દ્વારા બોરીવલી સ્ટેશન (પૂર્વ)થી કાન્હેરી ગુફા સુધી દોડાવવામાં આવતી એસી બસ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે. સંજય ગાંધી નેશનલ પાર્કના પદાધિકારીઓ દ્વારા બેસ્ટ ઉપક્રમને પત્ર મોકલવામાં આવ્યો હતો. આ દરમ્યાન કાન્હેરી ગુફા જવા ઈચ્છુક પર્યટકોને હવે નેશનલ (જુઓ પાનું ૪) ▶▶

# પાલિકા કમિશનર ઘોડા પર ઓફિસ જતા કેવા લાગશે? હાઈ કોર્ટ

મુંબઈ: અતિક્રમણને કારણે મુંબઈના કેટલાક રસ્તાઓ સાંકડા થઇ ગયા છે, જેને કારણે ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે. બોમ્બે હાઈ કોર્ટે અતિક્રમણની નોંધ લીધી હતી અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) ની ઝાટકણી કાઢી હતી. હાઈ કોર્ટે પાલિકાને કહ્યું કે આવી જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો નજીકના ભવિષ્યમાં કમિશનરને ઘોડા પર સવારી કરીને ઓફિસ જવું પડશે.

પવઈની એક શાળા દ્વારા દાખલ કરવામાં આવેલી એક અરજી પર સુનાવણી કરતા સમયે જસ્ટિસ રવિન્દ્ર ઘુઘે અને અભય મંત્રીની બેન્ચે આ ટીપ્પણી કરી હતી. શાળાની અરજીમાં કહેવામાં આવ્યું હતું કે અતિક્રમણ અંગે અગાઉ ઘણી ફરિયાદો કરવા છતાં પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. શાળાએ ન્યાયાધીશો સમક્ષ રસ્તા પર કરવામાં આવેલા અતિક્રમણના ફોટોગ્રાફ રજૂ કર્યા.

કોર્ટે હિરાનંદાની વિસ્તારમાં ૯૦ ફૂટ પહોળા રોડ અતિક્રમણ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. શાળાએ કહ્યું કે ફૂટપાથ પર ઝૂંપડપટ્ટીઓ બની જતાં, શાળાના બાળકો સહિત અન્ય લોકોને તકલીફ થઇ રહી છે.ન્યાયાધીશ ઘુઘેએ પાલિકાને ફટકાર લગાવતા કહ્યું, હતું કે આ રોડ પર એકસાથે ચાર કાર પસાર થઇ શકે એમ છે, પરંતુ હાલની પરિસ્થિતિ જોઈએ તો માત્ર એક જ લેન જેટલી જગ્યા બચી છે. આવનારા વર્ષોમાં શું થશે? લોકોએ મોટરસાયકલ છોડીને સાયકલનો ઉપયોગ કરવો પડશે, શ્રેષ્ઠ વિકલ્પ ઘોડો છે... ઘોડો ભીડવાળી જગ્યામાંથી પસાર થઇ શકે છે. કલ્પના કરો કે તમારા (બીએમસી) કમિશનર ઘોડા પર બેસીને તેમની ઓફિસ જઈ રહ્યા છે, તેઓ કેવા લાગશે? ■

# પ્રફુલ પટેલ કે અન્ય કોઈનો ફોન આવ્યો ને પ્રવાસનો નિર્ણય બદલાયો: એનસીપી નેતાનો દાવો

મુંબઈ: અજિત પવારના વિમાન પ્રવાસ અને અકસ્માતને લઈને અલગ-અલગ મંતવ્યો સામે આવી રહ્યા છે, ત્યારે રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા પ્રમોદ હિંદુરાવે એક અલગ જ દાવો કર્યો હતો. પ્રમોદ હિંદુરાવે ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું હતું કે અજિત પવાર તે દિવસે વિમાન પ્રવાસ કરવાના જ નહોતા, આગલા દિવસે પ્રફુલ પટેલ કે અન્ય કોઈનો ફોન આવ્યો હતો. તે દિવસે કામમાં વિલંબ થયો હોવાથી તેમણે પ્રવાસનો નિર્ણય બદલ્યો હતો.

રોહિત પવારે અજિત પવારના વિમાન અકસ્માત અંગે અનેક શંકાઓ વ્યક્ત કરી હતી. સાથે જ તેમણે વિમાન કંપનીની કામગીરી પર પણ અનેક સવાલો ઉભા કર્યા છે.

રોહિત પવારે દાવો કર્યો હતો કે, અજિત પવાર પહેલા કાર દ્વારા પ્રવાસ કરવાના હતા, પરંતુ એક નેતા સાથેની મુલાકાતને કારણે તેમને મોડું થયું અને તેમણે પ્રવાસનો નિર્ણય બદલી નાખ્યો. પ્રમોદ હિંદુરાવે તેમના આ દાવાને સમર્થન આપ્યું હતું.

પ્રમોદ હિન્દુરાવે કહ્યું કે, પ્રફુલ પટેલના ફોન પછી અજિતદાદાએ પોતાનો પ્રવાસનો નિર્ણય બદલી નાખ્યો હતો.

મંત્રાલયમાં ફાઇલ અંગે પ્રફુલ પટેલનો ફોન આવ્યા બાદ, દાદાએ ‘બાય રોડ’ ટ્રીપ રદ કરી. તેમણે ફક્ત એટલા માટે હવાઈ મુસાફરી કરવાનો નિર્ણય લીધો કારણ કે તેમની ફાઇલ પર સહી કરવામાં વિલંબ થયો હતો.

અજિત પવાર રોડ માર્ગે જવાના હતા. બધી બેગ ગાડીમાં મુકી દેવામાં આવી હતી, પણ એ જ સમયે દાદાને પ્રફુલ પટેલ કે બીજા કોઈનો ફોન આવ્યો. મંત્રાલયમાં એક ફાઇલ પર સહી કરવાની જરૂર છે. એટલે અજિત પવારે સેક્રેટરીને ફોન કર્યો, ફાઇલ જલદી લાવો, હું એક અઠવાડિયા સુધી ત્યાં નહીં રહું, એમ તેમણે સેક્રેટરીને કહ્યું. પણ ફાઇલ લાવવામાં મોડું થયા પછી, તેમણે ડ્રાઇવરને કહ્યું કે તેઓ હવે વિમાન દ્વારા જઈ રહ્યા છે, એમ પ્રમોદ હિન્દુરાવે કહ્યું હતું. ■

**બિલ્ડિંગ રિડેવલપમેન્ટ અંગે હાઇ કોર્ટે આપ્યો મહત્ત્વપૂર્ણ નિર્ણય**

# અમુક સભ્યોનો વિરોધ બહુમતી દ્વારા લેવામાં આવેલા નિર્ણયને રદ કરી શકે નહીં

મુંબઈ: જર્જરિત અને જોખમી ઇમારતોના રિડેવલપમેન્ટ પ્રક્રિયામાં અમુક સભ્યોનો વિરોધ બહુમતી દ્વારા લેવામાં આવેલા કાનૂની નિર્ણયને રદ કરી શકતો નથી, એવો એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો બોમ્બે હાઈ કોર્ટે આપ્યો છે. માટુંગા (પૂર્વ)માં આવેલી અંદાજે ૮૦ વર્ષ જૂની ઈમારતના પુનઃવિકાસને મંજૂરી આપતા કોર્ટે લઘુમતી ભાડૂતો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી.

માટુંગામાં આવેલી એક સોસાયટીની ઇમારતમાં કુલ ૧૪ ફ્લેટ છે, જેમાં ૧૨ ભાડૂત છે. ઇમારત ખૂબ જ જર્જરિત હાલતમાં હોવાથી, રિડેવલપમેન્ટનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. સોસાયટીના મોટાભાગના સભ્યો આ દરખાસ્ત સાથે સંમત થયા હતા અને સાત પરિવારોએ તેમના ફ્લેટ ખાલી પણ કરી દીધા હતા. પરંતુ બાકીના પાંચ ભાડૂતોએ આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. મ્હાડા દ્વારા કલમ ૯૫ (એ) હેઠળ જારી કરવામાં આવેલી ખાલી કરવાની નોટિસને પડકારતા તેમણે હાઈ કોર્ટમાં રિટ પિટિશન દાખલ કરી હતી. થોડા ભાડૂતોએ પુનર્વિકાસ પ્રોજેક્ટ પર સ્ટે માગ્યો હતો. જોકે, કોર્ટે તેને ફગાવી દેતા કહ્યું કે જર્જરિત અને જોખમી ઇમારતોના કિસ્સામાં જાહેર સલામતી અને સામૂહિક હિતને પ્રાથમિકતા આપવી જોઈએ. ફક્ત થોડા સભ્યોનો વ્યક્તિગત વિરોધ સમગ્ર પ્રોજેક્ટને રોકવા માટે પૂરતો નથી. ■

# બીડ કેન્દ્રમાં ૧૨મા ધોરણની પરીક્ષામાં નકલનો ડ્રોન કેમેરાથી પર્દાફાશ: ૧૭ શિક્ષકો વિરુદ્ધ ગુનો

બીડ: બીડ જિલ્લાના કેન્દ્રમાં ૧૨મા ધોરણની પરીક્ષા દરમિયાન મોટા પાયે નકલનો ડ્રોન કેમેરાથી પર્દાફાશ થયા બાદ ૧૭ શિક્ષકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મંડળ દ્વારા ચૌસાલામાં કેન્દ્ર ૨૨૪ ખાતે લેવામાં આવનારી પરીક્ષાના પહેલા જ દિવસે મંગળવારે મોટા પાયે નકલની ઘટના બની હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીઓ દ્વારા ડ્રોન પર ગોઠવવામાં આવેલા કેમેરાએ ૧૬ પરીક્ષા હોલમાં સુપરવાઇઝરોને કેદ કર્યા હતા, જેઓ નકલ તો રાખી શક્યા નહોતા, પણ વિદ્યાર્થીઓને ખુલ્લેઆમ કોપી કરવામાં મદદ કરી રહ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટનાએ ‘નકલ-મુક્ત’ પરીક્ષા પ્રણાલી સુનિશ્ચિત કરવાના વહીવટીતંત્રના પ્રયાસાનો નબળા પાડ્યા હતા. આ ઘટના વિશે જાણ્યા બાદ બીડના કલેક્ટર વિવેક જોન્સને આ ખામી માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહીનો આદેશ આપ્યો હતો. દરમિયાન નેકનૂર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે પરીક્ષા કેન્દ્રના ચીફ કન્ડક્ટર સહિત ૧૭ શિક્ષકો વિરુદ્ધ બુધવારે રાતે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બીડ જિલ્લામાં હાલ ૧૦૩ કેન્દ્રો પર ૧૨મા ધોરણની પરીક્ષા લેવામાં આવી રહી છે અને ૪૫,૨૪૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં મંગળવારે ૧૨મા ધોરણના અંગ્રેજીના પેપરની પરીક્ષા દરમિયાન કથિત રીતે સામૂહિક નકલ કરવાનો કેસ સામે આવ્યો હતો.

# ઉજ્જવલ નિકમની વિશેષ સરકારી વકીલ તરીકેની નિમણૂક રદ કરવાની માગણી અદાલતે ફગાવી

મુંબઈ: રાજ્યસભાના નામાંકિત સભ્ય તરીકે ઉજ્જવલ નિકમની પસંદગી થઈ હોવાથી તેઓ પોતાની વિરુદ્ધના કેસમાં વિશેષ સરકારી વકીલ તરીકે ચાલુ રહી શકે નહીં, તેથી તેમની વિશેષ સરકારી વકીલ તરીકેની નિમણૂક તાત્કાલિક રદ કરવામાં આવે, તેવી ગેંગસ્ટર વિજય પાલાંડે દ્વારા કરવામાં આવેલી માંગને સેસન્સ કોર્ટે તાજેતરમાં ફગાવી દીધી હતી.

અદાલતના આ નિર્ણયને કારણે નિકમ જ આ કેસમાં વિશેષ સરકારી વકીલ તરીકે કાર્યરત રહેશે.

કથિત સીરીયલ કિલર હોવાનો આરોપ ધરાવતા પાલાંડેએ સત્ર અદાલતમાં આ સંદર્ભે અરજી કરી હતી. તેના પર નિર્ણય આપતા એડિશનલ સેશન્સ જજ આર. જે. પવારે તેમની આ માગણી ફગાવી દીધી હતી.

બંધારણની કલમ ૧૦૨(૧)(એ) માં ક્યાંય પણ એવું કહેવામાં આવ્યું નથી કે, જો કોઈ વ્યક્તિ રાજ્યસભાની સભ્ય હોય તો તે વિશેષ સરકારી વકીલ તરીકે કામ કરી શકતી નથી. તેથી ઉપરોક્ત માંગણી કરીને પાલાંડેએ ગેરસમજ ઉભી કરી હોવાની ટિપ્પણી પણ અદાલતે કરી હતી.

આ ઉપરાંત કોર્ટે પાલાંડેની અરજીને ફગાવી દેતા એ પણ નોંધ્યું હતું કે રાજ્ય સરકારને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૪(૮) મુજબ વિશેષ સરકારી વકીલની નિમણૂક કરવાની સત્તા છે. આ રાજ્ય સરકારનો નીતિગત નિર્ણય છે અને કોર્ટ તેમાં દખલ કરી શકતી નથી. ■

# મ્હાડાની ‘વહેલા તે પહેલા’ યોજનાના ઘરો માટે હવે ડોમિસાઈલ સર્ટિફિકેટ ફરજિયાત

મુંબઈ: મ્હાડાનું મુંબઈ મંડળ એક અઠવાડિયામાં ‘વહેલો તે પહેલો’ યોજના અંતર્ગત ૧૨૦ ઘરોના વેચાણ માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરવા જઈ રહ્યું છે.

આ યોજના હેઠળ ઘર લેવા માટે આધારકાર્ડ, પેનકાર્ડ, જાતિનું પ્રમાણપત્ર અને જાતિની માન્યતાનું પ્રમાણપત્ર આવશ્યક રહેશે, તેમ મંડળ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. પરંતુ હવે ‘વહેલો તે પહેલો’ યોજના હેઠળ ઘર ખરીદવા ઈચ્છુકો માટે મહારાષ્ટ્રના રહેઠાણનો દાખલો ડોમિસાઇલ સર્ટિફિકેટ ફરજિયાત કરવામાં આવ્યો છે. મંડળ દ્વારા આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તે મુજબ કોમ્પ્યુટર સિસ્ટમમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. તેથી, જે લોકો પાસે રહેઠાણનો દાખલો નથી, તેમણે તાત્કાલિક દાખલો

(જુઓ પાનું ૪) ▶▶

# ભિવંડીમાં સગીરાની જાતીય સતામણી: યુવકની ધરપકડ

થાણે: ભિવંડીમાં ૧૬ વર્ષની સગીરાની અનેક મહિનાઓથી જાતીય સતામણી કરનારા ૧૯ વર્ષના યુવક સામે નિઝામપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી.

યુવકની ઓળખ રવિ ચંદનસિંહ ઠાકુર તરીકે થઇ હોઇ સગીરાના ૧૮ વર્ષના ભાઇએ તેની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. સગીરાના ઘરમાં ઑગસ્ટ, ૨૦૨૪માં તેની પ્રથમ વખત જાતીય સતામણી કરવામાં આવી હતી, એમ ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો. આરોપીએ સગીરાને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો અને તેની સાથે ગેરવર્તન પણ કર્યું હતું. (પીટીઆઇ) ■

# નકલી પોસ્ટલ સ્ટૅમ્પ છાપતી ટોળકીના વધુ બે સાગરીતની દિલ્હીથી ધરપકડ

મુંબઈ: નકલી પોસ્ટલ સ્ટૅમ્પ છાપીને વિવિધ રાજ્યોમાં મોકલનારી ટોળકીનો પર્દાફાશ કરીને ત્રણ આરોપીને ઝડપી પાડનારી એમઆરએ માર્ગ તાજેતરમાં આ ટોળકીના વધુ બે સાગરીતની ધરપકડ કરી હતી.

દિલ્હીથી પકડાયેલા બંને આરોપીની ઓળખ મોહંમદ શહાબુદ્દીન સુલતાન શેખ (૨૭) અને વીરેન્દર સહદેવ પ્રસાદ (૪૯) તરીકે થઇ હોઇ તેમની પાસેથી ૨૭.૮૪ લાખ રૂપિયાની નકલી પોસ્ટલ સ્ટૅમ્પ જપ્ત કરવામાં આવી હતી.

પોલીસે આ કેસમાં અગાઉ રાકેશ રામધની બિંદ (૪૨)ને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મુંબઈથી, તો ૧૬ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ શમશુદ્દીન અહમદ મોહંમદ ઇરફાન ગફાર (૩૨) અને શાહીદ અહમદ રઝા (૪૩)ને બિહારથી ઝડપી પાડ્યા હતા. શાહીદ અહમદ રઝા અને શમશુદ્દીન ગફારના બૅંક ખાતાંમાં સાતથી આઠ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા, એવું તપાસમાં જાણવા મળ્યું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ જીપીઓના અધિકારીએ ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે પત્રવ્યવહાર કરીને જીપીઓ પાસેથી આ અંગે માહિતી મેળવી હતી, જેમાં નકલી પોસ્ટલ સ્ટૅમ્પ છાપીને તેને કુરિયર મારફત વિવિધ રાજ્યોમાં મોકલવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# મહાશિવરાત્રી માટે બેસ્ટ દોડાવશે વધારાની બસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાશિવરાત્રીના પાવન દિવસે રવિવાર, ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના દિવસે બેસ્ટ ઉપક્રમ દ્વારા બાબુલનાથમાં આવેલા શિવમંદિરે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડશે. ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને બેસ્ટ ઉપક્રમ દ્વારા સવારના સાત વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી બસ નંબર ૫૭, ૬૭ અને ૧૦૩ નંબરના રૂટ પર વધારાની બસ દોડાવવામાં આવશે. બાબુલનાથ મંદિર પાસે ભક્તોના માર્ગદર્શન માટે બેસ્ટ અધિકારીઓને ખાસ નીમવામાં આવ્યા છે. ■



**ઉપાય:** દાદર સ્ટેશનની બહાર લોકોની હંમેશાં ભીડ જોવા મળે છે ત્યારે ફેરિયાઓને કારણે અવરજવરમાં મુશ્કેલી નડતી હોય છે. તેથી પ્રશાસન દ્વારા હવે ત્યાં ફેન્સિંગ લગાવી દેવામાં આવી છે જેથી ત્યાં કોઈ ફેરિયા બેસી શકે નહીં.

**વિજય માલ્યાને હાઈ કોર્ટની ફટકાર**

# પહેલા ભારત આવો, પછી જ તમારી અરજી સાંભળીશું

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યાને ફટકાર લગાવી હતી. હાઈ કોર્ટે માલ્યા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર વિચારણા કરવાની મનાઈ કરી હતી. કોર્ટે કહ્યું કે જ્યાં સુધી તેઓ ભારત પરત ન ફરે, ત્યાં સુધી તેમના દ્વારા દાખલ કરવામાં આવેલી ફ્યુજિટિવ ઇકોનોમિક ઓફેન્ડર્સ (એફઈઓ) કાયદાની જોગવાઈઓને પડકારતી અરજી પર સુનવણી કરવામાં આવશે નહીં.

નોંધનીય છે કે ભારતમાં ધરપકડથી બચાવ વિજય માલ્યા વિદેશ ભાગી ગયા હતાં,

(જુઓ પાનું ૪) ▶▶

# એક્સપ્રેસ ટ્રેનમાંથી ૩૨ લાખના સોનાના દાગીના ભરેલી બૅગ ચોરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એક્સપ્રેસ ટ્રેનમાં કુરિયર બૉય ઊંઘી ગયો હતો ત્યારે ચોર અંદાજે ૩૨.૭૩ લાખ રૂપિયાના સોનાના દાગીના અને રોકડ ભરેલી બૅગ ચોરી ફરાર થઈ ગયો હતો. રેલવે પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે ચોરને ઓળખી કાઢી તેને પશ્ચિમ બંગાળથી પકડી પાડ્યો હતો.

રેલવેની કલ્યાણ ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ ઝાહીર જમાલ શેખ (૨૮) તરીકે થઈ હતી. તેની પાસેથી સોનાના દાગીના અને ૫૬ હજારની રોકડ મળી ૨૬.૮૮ લાખ રૂપિયાની મતા હસ્તગત કરવામાં આવી હતી. દક્ષિણ મુંબઈના

(જુઓ પાનું ૪) ▶▶

# નબીએ અમ્પાયર સાથે દલીલ કરી એટલે ૧૫ ટકા મૅચ ફી કપાઈ ગઈ, જાણો તેણે શું કર્યું હતું...



અમદાવાદ: અહીં બુધવારે સાઉથ આફ્રિકા સામેની ટાઇ પછીના બે સુપર ઓવરના ડ્રામા પહેલાં અફઘાનિસ્તાનનો ઑલરાઉન્ડર મોહમ્મદ નબી અમ્પાયર જે. મદનગોપાલ સાથે એક બાબતે ઘણી વાર સુધી દલીલબાજી પર ઊતર્યો એટલે નબીએ ૧૫ ટકા મૅચનો દંડ ભોગવવો પડ્યો હતો.

બન્યું એવું કે સાઉથ આફ્રિકાએ ૧૮૮ રનનો લક્ષ્યાંક આપ્યો ત્યાર બાદ અફઘાનિસ્તાનની ૧૩મી ઓવરમાં ટીમ-સ્કોર ૧૨૫-પ્લસ થઈ ગયો હતો એ તબક્કે ૧૪મી ઓવરમાં બૅટ્સમૅન નબીએ અમ્પાયરને કહ્યું કે 'બોલર ઍન્ગિડીએ બોલિંગવાળા હાથ પર જે રિસ્ટ બૅન્ડ પહેર્યું છે એ તેને કાઢી નાખવા કહો, કારણકે લગભગ બૉલ જેવા જ રંગના એ રિસ્ટ બૅન્ડથી મને બૉલ પારખવામાં ખલેલ પહોંચી રહી છે.'

અમ્પાયરે નબીને કહ્યું કે 'એ શક્ય નથી, કારણકે એ રિસ્ટ બૅન્ડ સાઉથ આફ્રિકાના ખેલાડીઓના ક્રિકેટલક્ષી ડ્રેસને લગતો જ એક હિસ્સો છે. કાયદા મુજબ જોઈએ તો એ રિસ્ટ બૅન્ડ બીજા ખેલાડીને ખલેલ પહોંચાડનારું ન કહેવાય. પ્લીઝ, વાત પડતી મૂકો અને ફરી રમવાની શરૂઆત કરી દો.'

જોકે નબીએ દલીલ ચાલુ રાખતાં અમ્પાયરને કહ્યું, 'ના, હું નહીં રમું. તમે જ જુઓ. તમે અમ્પાયર છો. જ્યાં સુધી ઍન્ગિડી એ રિસ્ટ બૅન્ડ નહીં કાઢે ત્યાં સુધી હું બૅટિંગ નથી કરવાનો.' એ તબક્કે સાઉથ આફ્રિકાના કૅપ્ટન માર્કરમે નબીને કહ્યું કે 'તું નાહકની દલીલ કરે છે અને સમય બગાડી રહ્યો છે. અમે ત્રણ મૅચ રમી ચૂક્યા છે અને ક્યારેય આ મુદ્દે કોઈ વિવાદ નથી થયો.' નબીએ માર્કરમને કહ્યું, 'તમારી બીજી મૅચો વિશે મને કોઈ પરવા નથી. તને કહું છું, આ ખોટું થઈ રહ્યું છે.' પછીથી નબીએ અમ્પાયરને ફરી ગુસ્સામાં કહ્યું, 'હું બૉલ બરાબર જોઈ નથી શકતો.' છેવટે નબી તેના પાંચ રનના સ્કોર પર લિન્ડેના બૉલમાં આઉટ થયો હતો. ■

# ભારતે નામિબિયાને હરાવ્યું, પાકિસ્તાનને મોખરાના સ્થાનેથી હટાવ્યું

નવી દિલ્હી: વર્લ્ડ નંબર-વન અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતે અહીં ટી-૨૦ વર્લ્ડ કપમાં આફ્રિકન દેશ નામિબિયાને ૯૩ રનથી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં ગ્રૂપ-એમાં પાકિસ્તાન પાસેથી મોખરાનું સ્થાન આંચકી લીધું હતું. ભારતે નવ વિકેટે ૨૦૯ રન કર્યા બાદ નામિબિયાની નાની ટીમ ૧૯મી ઓવર સુધી રમી ગઈ હતી. એમણે ૧૮.૨ ઓવરમાં ૧૧૬મા રને અંતિમ વિકેટ ગુમાવી હતી. કૅપ્ટન સૂર્યકુમાર યાદવે બોલિંગમાં સમજદારીથી ફેરફારો કર્યા હતા અને તમામ છ બોલરને વિકેટ મળી હતી. હવે રવિવારે કોલંબોમાં ભારતનો પાકિસ્તાન સામે મુકાબલો (સાંજે ૭.૦૦ વાગ્યાથી) છે.

નામિબિયાનો એકેય બૅટ્સમૅન ૩૦ રન પણ નહોતો કરી શક્યો, પણ તેમણે ભારતના વર્લ્ડ-ક્લાસ બોલર્સનો સારો સામનો કર્યો હતો. લૉરેન સ્ટીનકૅમ્પના ૨૯ રન ટીમમાં હાઇએસ્ટ હતા. સૌથી સફળ બોલર વરુણ ચક્રવર્તીએ ફક્ત સાત રનમાં ત્રણ વિકેટ, હાર્દિકે ૨૧ રનમાં બે, અક્ષરે ૨૦ રનમાં બે વિકેટ લીધી હતી. અર્શદીપ, બુમરાહ અને શિવમને એક-એક વિકેટ મળી હતી.

એ પહેલાં, બૅટિંગ મળ્યા બાદ ભારતીય બૅટ્સમેનોએ ધાર્યા જેવું ધમાકેદાર પર્ફોર્મ ન કર્યું અને ૨૦ ઓવરમાં નવ વિકેટે ૨૦૯ રન કર્યા હતા. ઇશાન કિશન (૬૧ રન, ૨૪ બૉલ, પાંચ સિક્સર, છ ફોર) અને હાર્દિક પંડ્યા (બાવન રન, ૨૮ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) સિવાય બીજો કોઈ બૅટ્સમૅન લાંબી ઇનિંગ્સ નહોતો રમી શક્યો.

૧૯મી ઓવરની શરૂઆતમાં ભારતનો સ્કોર ૪/૨૦૫ હતો ત્યારે કૅપ્ટન ઇરેસમસના બૉલમાં હાર્દિકના શૉટમાં સબસ્ટિટ્યૂટ લિશરે બાઉન્ડરી લાઇનની બહાર જતી વખતે બૉલ હવામાં ઉછાળ્યો અને અંદર આવીને કૅચ ઝીલી લીધો હતો. આ કૅચ ટર્નિંગ પૉઇન્ટ બન્યો હતો.



### હાર્દિક-ઇરેસમસની રમૂજી ટક્કર

મેચમાં એક તબક્કે તિલકની વિકેટ લીધા પછી ઇરેસમસે શિવમને બૉલ ફેંક્યો ત્યારે શિવમના શૉટમાં બૉલ ઇરેસમસની ડાબી તરફ આવ્યો ત્યારે અચાનક દોડી આવેલા ઇરેસમસ નૉન-સ્ટ્રાઇક ઍન્ડ પર ઊભેલા હાર્દિક સાથે ટકરાયો હતો. ઇરેસમસ બૉલ રોકવા પ્રયાસ કરી રહ્યો હતો અને હાર્દિક રન દોડવા માગતો હતો. જોકે હાર્દિક તેની ઉપર પડ્યો હતો અને આ હળવી ટક્કરે બધે રમૂજ ફેલાવી હતી.




વિરાટના નામવાળા ટી-શર્ટમાં હાર્દિકને અભિનંદન આપવા આવેલો ચાહક.

### ચાર રનમાં ભારતની ચાર વિકેટ

હાર્દિકની વિકેટ બીજા ચાર રનમાં (૧૦ બૉલમાં) ભારતની બીજી ચાર વિકેટ પડી ગઈ હતી. રિન્કુની ગરબડ બાદ દુબે પોતાના ૨૩ રન પર રનઆઉટ થયો હતો. એ પહેલાં, ઓપનર સંજુ સૅમસન (૨૨ રન, ૮ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર) શરૂઆતની ફટકાબાજી બાદ પોતાના આઠમા બૉલ પર વિકેટ ગુમાવી બેઠો હતો. તેણે નામિબિયા જેવી નાની ટીમ સામે પણ ફૉર્મ પાછું મેળવવામાં સફળ ન થઈ શક્યો. તિલકે પચીસ રન, સૂર્યાએ ૧૨ રન કર્યા હતા, જ્યારે રિન્કુએ ફક્ત એક રન કર્યો હતો અને અક્ષર ઝીરોમાં આઉટ થયો હતો. ■

# શ્રીલંકાએ વન-સાઈડેડ મૅચમાં ઓમાનને ૧૦૫ રનથી હરાવ્યું

પલ્લેકેલ: યજમાન શ્રીલંકાએ ગુરુવારે અહીં ઓમાન સામેની મૅચમાં પાંચ વિકેટે ૨૨૫ રન કર્યા પછી ઓમાનને ૨૦ ઓવરમાં ૯/૧૦૫ સુધી સીમિત રાખીને ૧૦૫ રનથી વિજય મેળવ્યો હતો.

વન-સાઇડેડ બનેલી આ મૅચમાં પવન રત્નાયકે (૬૦ રન, ૨૮ બૉલ, એક સિક્સર, આઠ ફોર), કુસાલ મેન્ડિસ (૬૧ રન, ૪૫ બૉલ, સાત ફોર) અને કૅપ્ટન દાસુન શનાકા (૫૦ રન, ૨૦ બૉલ, પાંચ સિક્સર, બે ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી શ્રીલંકાએ પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૨૫ રન કર્યા હતા. ઓમાનના ભારતીય મૂળના લેફ્ટ-આર્મ પેસ બોલર જિતેન રમાનંદીએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

ઓમાને જવાબમાં જે ફક્ત ૧૦૫ રન કર્યા એમાં એકમાત્ર મોહમ્મદ નદીમ (૫૩ અણનમ, ૫૬ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર)ની હાફ સેન્ચુરી સામેલ હતી. શ્રીલંકન બોલર્સે બીજા બૅટ્સમેનોને બાંધીને રાખ્યા હતા અને સમયાંતરે વિકેટ લઈને છેવટે તેમને ૧૦૫ રન સુધી સીમિત રાખ્યા હતા.

શ્રીલંકાના દુશ્મન્થા ચમીરા તથા આઇપીએલના અનુભવી માહીશ થીકશાનાએ બે-બે વિકેટ લીધી હતી. પવન રત્નાયકેને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

### વર્લ્ડ કપમાં આજે કયા મુકાબલા?


ઑસ્ટ્રેલિયા-ઝિમ્બાબ્વે
(કોલંબો, સવારે ૧૧.૦૦)

કૅનેડા-યુએઇ
(દિલ્હી, બપોરે ૩.૦૦)

નેધરલૅન્ડ્સ-અમેરિકા
(ચેન્નઈ, સાંજે ૭.૦૦)

# 'ખેલો ઇન્ડિયા'માંથી બે કારણસર ૧,૩૪૨ ઍથ્લીટ પડતા મુકાયા

નવી દિલ્હી: ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયાએ ગુરુવારે રાજ્ય સભામાં જાહેરાત કરી હતી કે છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન વિવિધ રમતોમાંથી કુલ ૧,૩૪૨ ઍથ્લીટને 'ખેલો ઇન્ડિયા' પ્રોગ્રામમાંથી પડતા મૂકવામાં આવ્યા છે. આ પગલાં પાછળ કારણ એ હતા કે એમાંના અમુક ઍથ્લીટના પર્ફોર્મન્સ જોઈએ એવા નહોતા અને અન્ય કેટલાકે ડ્રગ્સને લગતાં (ડૉપિંગના) નિયમનો ભંગ કર્યો હતો.



'ખેલો ઇન્ડિયા' પ્રોગ્રામમાં સામેલ ઍથ્લીટોના પર્ફોર્મન્સ વિશે રાજ્ય સભામાં વિગતો માગવામાં આવી ત્યારે માંડવિયાએ જવાબમાં ૧,૩૪૨ ઍથ્લીટને પડતા મૂકવામાં આવ્યા હોવાની જાણકારી આપવા ઉપરાંત એવું પણ કહ્યું હતું કે આ પ્રોગ્રામમાં કુલ ૨,૯૦૫ નવા ઍથ્લીટના નામ પણ ઉમેરવામાં આવ્યા છે.

'ખેલો ઇન્ડિયા' માટેના ઍથ્લીટોના પર્ફોર્મન્સ નિર્ધારિત માપદંડ મુજબ છે કે નહીં એનું પરીક્ષણ દર વર્ષે પ્રોટોકૉલ મુજબ નક્કી કરેલા કૅમ્પમાં કરવામાં આવે છે. કેન્દ્ર સરકારના આ કાર્યક્રમમાં રાષ્ટ્રભરમાં કુલ મળીને ૨૩,૦૦૦થી પણ વધુ ઍથ્લીટોને તાલીમ આપવામાં આવી રહી છે. ■

# સ્મિથ હાઇએસ્ટ ૧૪ કરોડ પાકિસ્તાની રૂપિયામાં ખરીદાયો, ભારતીય રૂપિયામાં એનું મૂલ્ય માત્ર ૪.૫૪ કરોડ રૂપિયા

કરાચી: ટી-૨૦ વર્લ્ડ કપમાં ઈજાગ્રસ્ત ઑસ્ટ્રેલિયન કૅપ્ટન મિચલ માર્શના વિકલ્પ તરીકે તાબડતોબ ટીમમાં સામેલ કરવામાં આવેલો પીઢ બૅટ્સમૅન સ્ટીવ સ્મિથ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)ના પ્લેયર્સ-ઑક્શનમાં આ ટૂર્નામેન્ટના ઇતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બન્યો છે, પરંતુ ભારતીય ચલણમાં ગણતરી કરીએ તો સ્મિથનું મૂલ્ય ભારતના સામાન્ય ખેલાડી જેટલું છે. સ્મિથને સિયાલકોટ સ્ટૅલિયન્સ નામના નવા ફ્રૅન્ચાઇઝીએ ૧૪ કરોડ પાકિસ્તાની રૂપિયામાં ખરીદ્યો છે. જોકે ભારતીય ચલણમાં એનું મૂલ્ય માત્ર ૪.૫૪ કરોડ રૂપિયા છે.

### કયા વિદેશી ખેલાડીઓ રમશે?

પાકિસ્તાને પીએસએલનું આયોજન ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની સીઝન દરમ્યાન જ કર્યું છે અને પીએસએલમાં રમનારા મોટા ભાગના વિદેશી ખેલાડીઓ એવા છે જેમને આઇપીએલના ઑક્શનમાં એક પણ ફ્રૅન્ચાઇઝીએ નહોતા ખરીદ્યા. એમાં ડેવિડ વૉર્નર, ઍડમ ઝૅમ્પા, ડેરિલ મિચલ, ડેવૉન કૉન્વે, માર્ક ચૅપમૅન, મુસ્તફિઝુર રહમાન, રાઇલી રોસોઉ, તબ્રેઝ શમ્સી, દાસુન શનાકા, કુસાલ મેન્ડિસ અને માર્નસ લબુશેનનો સમાવેશ છે.



સ્ટીવ સ્મિથ ન્યૂ લૂક સાથે ભારત આવ્યો છે.

### ૧૧મી સીઝન, પણ પહેલી વાર ઑક્શન

નવાઈની વાત એ છે કે પીએસએલની આ ૧૧મી સીઝન છે, પણ આ વખતે પહેલી જ વખત ખેલાડીઓની હરાજી રાખવામાં આવી હતી. અગાઉ ડ્રાફ્ટ ફૉર્મેટને આધારે ખેલાડીઓની પસંદગી કરવામાં આવતી હતી.

### બાબર, નસીમ, સઇમના ભાવ જાણી લો...

બુધવારે લાહોરમાં આયોજિત હરાજીમાં આઠ ફ્રૅન્ચાઇઝીએ કુલ ૧૦૩ ખેલાડીને ખરીદ્યા હતા જેમાં પેસ બોલર નસીમ ખાન ૮.૬૫ કરોડ પાકિસ્તાની રૂપિયામાં સૌથી મોંઘો પાકિસ્તાની પ્લેયર બન્યો હતો. જોકે ભારતીય ચલણમાં નસીમ ખાનના સાઇનિંગ કૉન્ટ્રૅક્ટનું મૂલ્ય માત્ર ૨.૮૧ કરોડ રૂપિયા છે. તેને ઇસ્લામાબાદ યુનાઇટેડે ખરીદ્યો હતો. આ જ ટીમે ઑલરાઉન્ડર ફહીમ અશરફને ૮.૫૦ પાકિસ્તાની રૂપિયા (ભારતીય ચલણમાં ૨.૭૬ કરોડ રૂપિયા)માં ખરીદ્યો હતો.

બાબર આઝમને પેશાવર ઝલ્મી નામના ફ્રૅન્ચાઇઝીએ ૭.૦૦ કરોડ પાકિસ્તાની રૂપિયા (ભારતીય ચલણમાં ૨.૨૭ કરોડ રૂપિયા)માં રીટેન કર્યો છે. જોકે રીટેન કરવામાં આવેલા ખેલાડીઓમાં પાકિસ્તાની ઓપનર સઇમ અયુબ સૌથી મોંઘો છે. તેને પેશાવર ઝલ્મી ટીમે ૧૨.૨૦ કરોડ પાકિસ્તાની રૂપિયા (ભારતીય ચલણમાં ૩.૯૬ કરોડ રૂપિયા)માં રીટેન કર્યો છે. ■

# મૉસ્કા બંધુઓ સિડનીમાં ઊછર્યા, ઇટલીમાં ક્રિકેટ રમ્યા, મુંબઈમાં ઐતિહાસિક અને વિક્રમજનક મૅચ-વિનર બન્યા

▸ નેપાળને આંચકો આપીને વર્લ્ડ કપમાં ઇટલીનો પહેલો વિજય: પૉઇન્ટ્સ-ટેબલમાં ઇંગ્લૅન્ડથી આગળ થયું

મુંબઈ: વાનખેડે સ્ટેડિયમમાં રવિવાર, આઠમી ફેબ્રુઆરીએ નેપાળની ટીમે ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપમાં પોતાની પહેલી જ મૅચમાં જબરદસ્ત લડત આપી હતી, બ્રિટિશરોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા અને ફક્ત ચાર રનના તફાવત સાથે હાર સ્વીકારી હતી ત્યાર બાદ એવું લાગતું હતું કે ગુરુવારે આ જ સ્થળે નેપાળની બળુકી ટીમ ઇટલીની નવીસવી ટીમને ધોળે દિવસે તારા દેખાડશે, પણ બન્યું સાવ ઊલટું. ફૂટબૉલ-ક્રેઝી ઇટલીની ટીમે નેપાળને ૧૦ વિકેટે હરાવીને ક્રિકેટ વર્લ્ડ કપના ઇતિહાસમાં પોતાનું નામ લખાવી દીધું હતું અને આ સિદ્ધિ શ્રીલંકન મૂળના ક્રિશન કાલુગામાગે (૪-૦-૧૮-૩) નામના લેગ-સ્પિનર અને મૉસ્કા અટકવાળા બે ભાઈઓએ અપાવી હતી. ક્રિશનને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

ક્રિકેટ વર્લ્ડ કપના ઇતિહાસમાં ઇટલીની આ બીજી જ મૅચ હતી અને એમાં એણે પ્રથમ વિજય મેળવ્યો. પૉઇન્ટ્સ-ટેબલમાં ગ્રૂપ-સીમાં ઇટલીએ ઇંગ્લૅન્ડને પાછળ રાખી દીધું હતું. વેસ્ટ ઇન્ડિઝ પ્રથમ સ્થાને, સ્કૉટલૅન્ડ બીજા નંબરે, ઇટલી ત્રીજા, ઇંગ્લૅન્ડ ચોથા અને નેપાળ પાંચમા ક્રમે છે.







જસ્ટિન મૉસ્કા અને તેનો મોટો ભાઈ ઍન્થની મૉસ્કા

મૉસ્કા બંધુઓનો ઑસ્ટ્રેલિયાના સિડની શહેરમાં ઉછેર થયો હતો. તેઓ ઇટલી વતી ક્રિકેટ રમે છે અને મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં તેમણે પોતાના દેશને ઐતિહાસિક જીત અપાવી છે. નેપાળની ટીમ બૅટિંગ મળ્યા બાદ માત્ર ૧૨૩ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને ઇટલીએ વિના વિકેટે ૧૨.૪ ઓવરમાં (૪૪ બૉલ બાકી રાખીને) ૧૨૪ રનનો લક્ષ્યાંક મેળવીને જીત હાંસલ કરી લીધી છે. ઇટલીનો આ પહેલો જ ક્રિકેટ વિશ્વ કપ છે. હજારો નેપાળ-તરફી પ્રેક્ષકો ઉદાસ થઈને સ્ટેડિયમમાંથી પાછા ગયા હતા. ઇટલીનો આ ટૂર્નામેન્ટની પ્રથમ મૅચમાં સ્કૉટલૅન્ડ સામે ૭૩ રનથી પરાજય થયો હતો.

### બે ભાઈઓનો હાઇએસ્ટ ભાગીદારીનો વિક્રમ

ઇટલીને માત્ર ૧૨૪ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ ઓપનર ૩૧ વર્ષીય જસ્ટિન મૉસ્કા (૬૦ અણનમ, ૪૪ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) અને તેના મોટા ભાઈ ૩૪ વર્ષીય ઍન્થની મૉસ્કા (૬૨ અણનમ, ૩૨ બૉલ, છ સિક્સર, ત્રણ ફોર)ની જોડીએ વિકેટ ગુમાવ્યા વગર ૧૨૪ રન બનાવીને ઇટલીને ૧૦ વિકેટે ઐતિહાસિક વિજય અપાવ્યો હતો. જસ્ટિન મૉસ્કા અને ઍન્થની મૉસ્કાની ૧૨૪ રનની અતૂટ ભાગીદારી સમગ્ર ટી-૨૦ ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં બે ભાઈઓએ જેટલી પણ ભાગીદારીઓ નોંધાવી છે એમાં સર્વશ્રેષ્ઠ છે. નેપાળના છમાંથી એક પણ બોલરને વિકેટ નહોતી મળી. સંદીપ લમીછાનેને ૩૧ રનમાં એકેય વિકેટ નહોતી મળી.

### ૧૨૩માં ઑલઆઉટ થતાં હજારો નેપાળીઓ ઉદાસ

એ પહેલાં, નેપાળની લડાયક ' ટૉક ઑફ ધ ટાઉન' ટીમે ૧૯.૩ ઓવરમાં માત્ર ૧૨૩ રનમાં ઑલઆઉટ થઈ જતાં નેપાળના હજારો પ્રેક્ષકોએ નિરાશ થવું પડ્યું હતું. આરિફ શેખ નામના નેપાળી બૅટ્સમૅનના ૨૭ રન ટીમમાં હાઇએસ્ટ હતા. કૅપ્ટન રોહિત પૉડેલ માત્ર ૨૩ રન અને ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરીનો વિશ્વવિક્રમ ધરાવનાર દીપેન્દ્રસિંહ ઍઇરી માત્ર ૧૭ રન બનાવી શક્યો હતો. કુલ ૬૯ ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચ ઉપરાંત આઇપીએલમાં પણ રમી ચૂકેલો જાણીતો ખેલાડી સંદીપ લમીછાને ફક્ત પાંચ રન કરીને આઉટ થઈ ગયો હતો. ઇટલીના લેગ સ્પિનર ક્રિશન કાલુગમાગેએ સૌથી વધુ ત્રણ વિકેટ તથા ઑફ સ્પિનર બેન મનેન્ટીએ બે વિકેટ લીધી હતી. ઇટલીના સ્પિનર્સના કાંડાની અને આંગળીની કરામતનો નેપાળીઓ પાસે કોઈ જવાબ નહોતો. ■

## દેશ વિદેશ

# 'ભારત બંધ'ની નહીંવત્ અસર

નવી દિલ્હી : દેશભરમાં સેન્ટ્રલ ટ્રેડ યુનિયનોના સંયુક્ત મંચે ગુરુવારે કેન્દ્ર સરકારની કથિત કામદાર વિરોધી, ખેડૂત વિરોધી અને દેશ વિરોધી, કોર્પોરેટર તરફી નીતિઓના વિરોધમાં હડતાળની જાહેરાત કરી હતી જેની સામાન્ય જનજીવન નહીંવત અસર જોવા મળી હતી. એક રિપોર્ટ્સ અનુસાર, ઓડિશા, કેરળ, તમિળનાડુ, ગોવા, ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને પંજાબ સહિતના રાજ્યોમાં મિશ્ર પ્રતિભાવ જોવા મળ્યો હતો. ૧૨ કલાકના રાષ્ટ્રવ્યાપી હડતાળને કારણે ઓડિશામાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું. ગુજરાતમાં તેની બહુ ઓછી અસર પડી હતી. મોટાભાગની સેવાઓ અને વાણિજ્યિક સંસ્થાઓ રાજ્યભરમાં રાબેતા મુજબ કાર્યરત રહી હતી. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના મુખ્ય શહેરોમાં સામાન્ય જનજીવન પર કોઈ અસર થઈ નહોતી. નેશનલ અને સ્ટેટ હાઈવે સહિત તમામ રસ્તાઓ બ્લોક હોવાના કારણે જાહેર પરિવહન, બજારો, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યવસાયિક સંસ્થાઓ પર અસર થઈ હતી. ભુવનેશ્વર, કટક, બાલાસોર, બહરામપુર અને સંબલપુર સહિત તમામ મુખ્ય શહેરી વિસ્તારોમાં બંધની અસર જોવા મળી હતી. બેન્ક ઓફ ઈન્ડિયા કર્મચારી સંઘના સ્ટેટ ડેપ્યુટી જનરલ સેક્રેટરી ઉમેશદાસે જણાવ્યું હતું કે, હડતાળથી ઝારખંડમાં બેન્કિંગ, વીમા અને કોલસા ક્ષેત્રો પ્રભાવિત થયા છે. ડાબેરી પક્ષો અને કોંગ્રેસે પણ રાજ્યમાં હડતાળને ટેકો આપ્યો છે. છત્તીસગઢમાં અનેક કર્મચારીઓ હડતાળમાં જોડાયા હોવાથી ઘણી રાષ્ટ્રીય બેન્કો બંધ રહી હતી. વીમા કંપનીઓ, પોસ્ટ ઓફિસના કર્મચારીઓની સાથે સાથે મજૂરો અને ખેડૂતોએ પણ હડતાળમાં જોડાયા હતા. ■

# ટ્રમ્પને ઝટકો : કૅનેડા પર ટૅરિફના પ્રસ્તાવના વિરોધમાં અમેરિકી સંસદમાં મતદાન

વોશિંગ્ટન : અમેરિકાની સંસદમાં સાંસદોએ કેનેડાના માલસામાન પર અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ટેરિફને હટાવવા માટે મતદાન કર્યું હતું. ડેમોક્રેટ્સ દ્વારા રજૂ કરાયેલા સુધારાઓને ૨૧૯-૨૧૧ મતથી મંજૂરી આપવામાં આવી હતી, જેમાં છ રિપબ્લિકન સાંસદોએ પણ વિરોધમાં મતદાન કર્યું હતું. આ ઠરાવમાં કૅનેડા પર ટૅરિફ દૂર કરવાની માગ કરવામાં આવી હતી. આશ્ચર્યજનક રીતે ડેમોક્રેટ્સ દ્વારા રજૂ કરાયેલા ઠરાવને શાસક રિપબ્લિકન પાર્ટીનો પણ ટેકો મળ્યો હતો. પ્રસ્તાવ ૨૧૯-૨૧૧ મતથી પસાર કરવામાં આવ્યો હતો. હવે પ્રસ્તાવ સેનેટમાં જશે. જોકે, આ પ્રસ્તાવ પસાર થવાની શક્યતા ઓછી છે કારણ કે તેને ટ્રમ્પની મંજૂરીની પણ જરૂર છે, જે અસંભવિત છે.

ટ્રમ્પને લાગે છે કે ટેરિફની શક્તિ અમેરિકાના વેપારી ભાગીદારોને વાટાઘાટોના ટેબલ પર લાવવા માટે મજબૂર કરી શકે છે પરંતુ સાંસદો પોતાના દેશમાં ટ્રેડ વોરમાં ફસાયેલા બિઝનેસે અને ઊંચા ભાવ સામે ઝઝૂમી રહેલા લોકોના કારણે પડકારોનો સામનો કરી રહ્યા છે.

હાઉસ ફોરેન અફેર્સ કમિટીના ટોચના ડેમોક્રેટ ન્યૂયોર્કના ગ્રેગરી મીક્સે જણાવ્યું હતું કે આજનું મતદાન સરળ છે, ખૂબ જ સરળ છે. શું તમે અમેરિકન પરિવાર માટે જીવનનિર્વાહનો ખર્ચ ઘટાડવા મત આપશો કે એક વ્યક્તિ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રત્યે વફાદારી માટે ભાવ ઊંચા રાખવા માટે મતદાન કરશો? આ મહત્વપૂર્ણ ક્ષણ પ્રમુખના નિર્દેશો પ્રત્યે ગૃહની અસ્વસ્થતાને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા, જ્યારે આર્થિક મુદ્દાઓ મતદારોમાં ગૂંજી રહ્યા છે. સેનેટ પહેલાથી જ કેનેડા અને અન્ય દેશો પર ટ્રમ્પના ટેરિફને નકારી ચૂકી છે. પરંતુ બંને ગૃહોએ ટેરિફ રદ કરવાને મંજૂરી આપવી પડશે અને પ્રમુખના હસ્તાક્ષર માટે ટ્રમ્પને ઠરાવ મોકલવો પડશે અથવા વીટો કરવો પડશે.

ટ્રમ્પે તાજેતરમાં કેનેડાના પ્રસ્તાવિત ચીન સાથેની ટ્રેડ ડીલને લઈને કેનેડાથી આયાત કરાયેલા કેનેડિયન માલસામાન પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી હતી, જેનાથી અમેરિકાના જૂના સાથી અને વડાપ્રધાન માર્ક કાર્ની સાથે તણાવ વધ્યો હતો. હાઉસ સ્પીકર માઇક જોન્સનને આ ટકરાવને ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આગ્રહ કર્યો કે સાંસદો ટૅરિફ અંગેના કેસમાં સુપ્રીમ કોર્ટના પેન્ડિંગ નિર્ણયની રાહ જોવે. ■

# હેલ્થકૅર ક્ષેત્રમાં એચ-વનબી વિઝા ફીમાં છૂટ આપવા ૧૦૦ અમેરિકી સાંસદોની અપીલ

વોશિંગ્ટન : અમેરિકાના ૧૦૦ સાંસદોના એક ગ્રૂપે હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ (ડીએચએસ) ના સચિવ ક્રિસ્ટી નોએમને અપીલ કરી છે કે હેલ્થ કૅર સેક્ટને એચ-વન બી વિઝા કાર્યક્રમ સાથે જોડાયેલા નવા પ્રતિબંધોમાંથી છૂટ આપવામાં આવી છે. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના પત્રમાં સાંસદોએ ૧૯ સપ્ટેમ્બરના પ્રમુખ આદેશ પર ચિંતા વ્યક્ત કરી હતી જેમાં નવી એચ-૧બી વીઝા અરજીઓ દાખલ કરનારા નોકરીદાતાઓ પર ૧,૦૦,૦૦૦ ડોલર ફી લાદવામાં આવી હતી અને ચેતવણી આપી હતી કે આ ફીના કારણે હેલ્થ સિસ્ટમમાં સ્ટાફની અછત સર્જાઈ શકે છે. સાંસદોએ કહ્યું હતું કે પ્રમુખનો આદેશ ડીએચએસને સેક્ટર પ્રમાણે છૂટ આપવાની મંજૂરી આપે છે. જ્યાં સુધી તે રાષ્ટ્રીય હિતમાં હોય અને અમેરિકાની સુરક્ષા અથવા કલ્યાણ માટે ખતરો ના હોય. પત્રમાં સાંસદોએ તર્ક આપ્યો હતો કે હેલ્થ સિસ્ટમને આ પ્રકારની છૂટ મળવી જોઈએ.

સાંસદોએ ફેડરલ ડેટાનો ઉલ્લેખ કર્યો જેમાં ડોકટરો, લેબ પ્રોફેશનલ્સ અને અન્ય સ્કિલ્ડ વર્કર્સની વ્યાપક અછત દર્શાવવામાં આવી છે. તેમણે ચેતવણી પણ આપી હતી કે હોસ્પિટલો અને ક્લિનિક્સ, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારો અને શહેરી સમુદાયોમાં સેવાઓ યથાવત રાખવા માટે આંતરરાષ્ટ્રીય આરોગ્ય કર્મચારીઓ પર વધુ આધાર રાખે છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ અછત ફક્ત સ્થાનિક કર્મચારીઓ દ્વારા પૂરી કરી શકાતી નથી. વધતા ખર્ચના કારણે જરૂરી પોસ્ટ ખાલી રહી શકે છે અને લાખો અમેરિકનોને સારવાર મળી શકશે નહીં. ■

# જાન્યુઆરીમાં રિટેલ ફુગાવાનો દર ૨.૭૫ ટકા

નવી દિલ્હી: વર્ષ ૨૦૨૪ને બેઝ યર ગણતાં ઑલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની નવી શ્રેણી અંતર્ગત જાન્યુઆરીમાં રિટેલ ફુગાવાનો દર ૨.૭૫ ટકા રહ્યો હોવાનું ગુરુવારે બહાર પાડવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. મિનિસ્ટ્રી ઑફ સ્ટેટિસ્ટિક્સ ઍન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન હેઠળ નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસ (એનએસઓ) દ્વારા જાહેર કરવામાં આવેલી કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની નવી શ્રેણીમાં માલસામાનની સંખ્યા ૨૫૯થી વધારીને ૩૦૮ અને સેવાની સંખ્યા ૪૦થી વધારીને પચાસ કરવામાં આવી છે જે કિંમતનું વધુ સારું ચિત્ર પૂરું પાડશે. (એજન્સી) ■

# ભારત સાથેના વેપારી કરાર ઐતિહાસિક: ડૉનલ્ડ ટ્રમ્પ

ન્યૂ યૉર્ક: અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારત સાથેના વેપારી કરારની પ્રશંસા કરી હતી અને તેને ઐતિહાસિક લેખાવ્યા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકાએ જેમની સાથે કરાર કર્યા છે એ ભારત સહિતના અન્ય દેશોમાં કોલસાની નિકાસ વધારશે.અમેરિકા ઊર્જાનું મહાનિકાસકાર બનશે એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે કોલસાની અસાધારણ નિકાસ કરવા માટે છેલ્લા થોડાક જ મહિનામાં અમે જાપાન, કોરિયા, ભારત સહિતના દેશો સાથે ઐતિહાસિક કરાર કર્યા છે. ■

# આઈટી શૅરોમાં જોરદાર વેચવાલીના દબાણથી સેન્સેક્સ ૫૫૮ પોઈન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એઆઇના વિક્ષેપોની ચિંતા અને મજબૂત યુએસ આર્થિક ડેટા પછી ફેડ રેટ ઘટાડાની આશા ઓછી થઈ જવાના કારણે સેન્ટિમેન્ટ ખરડાઇ જતાં આઇટી શેરોમાં ભારે વેચવાલી વચ્ચે ગુરુવારે બેન્ચમાર્ક સેન્સેક્સ નીચી સપાટીએ ગબડ્યો હતો. સેન્સેક્સ ૫૫૮.૭૨ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા ઘટીને ૮૩,૬૭૪.૯૨ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૭૧૬.૯૭ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા ઘટીને ૮૩,૫૧૬.૬૭ની ઇન્ટ્રાડે નીચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે, નિફ્ટી ૧૪૬.૬૫ પોઈન્ટ અથવા ૦.૫૭ ટકા ઘટીને ૨૫,૮૦૭.૨૦ પર બંધ થયો.

સત્ર દરમિ.યાન ખાસ કરીને ટેક્નોલોજી શેરોમાં ઘટાડો જોવા મળ્યો, જેમાં ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) લગભગ છ ટકા જેટલું ધોવાણ જોવા મળ્યું હતું અને પરિણામે સેન્સેક્સને ધક્કો વાગ્યો હતો. એચસીએલ ટેક્નોલોજીસ, મહિન્દ્રા અને મહિન્દ્રા, હિન્દુસ્તાન યુનિલિવર, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એટરનલ, એચડીએફસી બેંક, ઇન્ડિગો, કોટક મહિન્દ્રા બેંક અને અદાણી પોર્ટ્સ પણ રેડ ઝોનમાં બંધ થયા હતા.

બીજી બાજુ, બજાજ ફાઇનાન્સ, આઇસીઆઇસીઆઇ બેંક, ટ્રેન્ટ, ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, એશિયન પેઇન્ટ્સ, બજાજ ફિનસર્વ, ટાઇટન, લાર્સન અને ટુબ્રો, ભારતી એરટેલ અને ટાટા સ્ટીલ ટોપ ગેઇનર્સમાં સામેલ હતા. બીએસઇ મિડકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૦.૪૮ ટકા ઘટ્યો, જ્યારે સ્મોલકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૦.૨૮ ટકા ઘટ્યો હતો. ક્ષેત્રીય સૂચકાંકોમાં, ફોકસ્ડ આઇટી સૌથી વધુ ૫.૪૦ ટકા ઘટ્યો, ત્યારબાદ ૫.૨૯ ટકાના ઘટાડા સાથે આઇટી ઇન્ડેક્સનો ક્રમ રહ્યો હતો.

હિંદુસ્તાન યુનિલીવરે આઇસ્ક્રીમ બિઝનેસના લાભની અસરે ડિસેમ્બર ક્વાર્ટરમાં બમણાંથી વધુ ઉછાળા સાથે રૂ. ૬૬૦૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૨૯૮૯ કરોડ રહ્યો હતો. ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડમાં સરકારી સ્ટેક સેલ માટે ઓએફએસનું સબ્સક્રિપ્શન ઓપન થઇ ગયું છે. ટાઇટને ડિસેમ્બર ક્વાર્ટરમાં ૬૦.૮૪ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૬૮૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બ્રિટાનીયા ઇન્ડસ્ટ્રીઝે ડિસેમ્બર ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૭ ટકાનો વધારો નોંધાવયો હતો. અશોક લેલેન્ડે ૫.૧૯ ટકાના વધારા સાથે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૮૬૨.૨૪ કરોડનો નફો નોંધાવ્યો છે.

ડિજિટલ બેંકિંગ અને ફિનટેક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઇડર નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસ લિમિટેડ (એનપીએસટી)એ નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં ક્રમિક વૃદ્ધિ નોંધાવી છે, જેમાં આવક વધીને રૂ. ૫૭.૧૭ કરોડ થઈ છે અને કરવેરા પછીનો નફો વધીને રૂ. ૧૧.૫૪ કરોડ થયો છે. વાર્ષિક ધોરણે, નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરની તુલનામાં ત્રિમાસિક ગાળામાં આવક ૧૪૫.૯૩ ટકા વધારો દર્શાવે છે.

એઆઈને કારણે સર્જાનારા ડિસરપ્શન અંગે વધતી ચિંતાઓ, અમરિકાના મજબૂત જોબ ડેટા અને બેરોજગારી દરને જોતાં યુએસ ફેડરલ દ્વારા દર ઘટાડાની ઘટી ગયેલી અપેક્ષાઓને કારણે આઈટી ઇન્ડેક્સમાં ધોવાણ જોવા મળ્યું હતું, જેના કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ ખરડાઇ ગયું હોવાનું જણાવતાં જીઓજિતના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું કે, વૈશ્વિક સ્તરે એઆઈ સેવાલક્ષી ક્ષેત્રોમાં માર્જિનને સંકુચિત કરીને અને વોલેટિલિટીમાં વધારો કરીને બજારોને નવો આકાર આપી રહ્યું છે.

ભારતમાં, આ ટેકનોલોજી પરિવર્તન ડિલિવરી સમયરેખાને ઝડપી બનાવીને અને વોલ્યુમ-આધારિત કાર્યોને સ્વચાલિત કરીને આઈટી સેવાઓને માળખાકીય રીતે રૂપાંતરિત કરે એવી શક્યતા છે, જેનાથી પરંપરાગત હેડકાઉન્ટ-આધારિત આઉટસોર્સિંગ મોડેલ સામે પડકાર ઊભો થશે. યુએસ અને ઈરાન વચ્ચેના ભૂ-રાજકીય તણાવ અને આઈટી ક્ષેત્રમાં નબળું પડી રહેલું સેન્ટિમેન્ટ રોકાણકારોને નજીકના ગાળામાં સાવચેતીભર્યું વલણ અપનાવવા માટે પ્રેરી શકે છે.



એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ત્રણ ટકાથી વધુ વધીને બંધ થયો હતો. જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ પણ સકારાત્મક નોંધ પર બંધ થયો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ બેન્ચમાર્ક નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો. યુરોપિયન બજારો મધ્ય-સત્ર સોદામાં ઊંચા મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા. બુધવારે યુએસ ઇક્વિટી બેન્ચમાર્ક નીચા સ્તરે બંધ થયો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારે (૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬) રૂ.૯૪૩.૮૧ કરોડના ઇક્વિટી ખરીદ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો રૂ. ૧૨૫.૩૬ કરોડના શેરના ચોખ્ખા વેચાણકર્તા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૨૭ ટકા ઘટીને ૬૯.૨૧ પ્રતિ બેરલ બોલાયું હતું. બુધવાર (૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬)ના રોજ, ૩૦ શેરોવાળો બીએસઈ સેન્સેક્સ ૪૦.૨૮ પોઈન્ટ ઘટીને ૮૪,૨૩૩.૬૪ની સપાટીએ, જ્યારે એનએસઈ નિફ્ટી ૧૮.૭૦ પોઈન્ટ વધીને ૨૫,૯૫૩.૮૫ની સપાટીએ બંધ થયો હતો. ભારતનો ન્યુટ્રાસ્યુટિકલ ક્ષેત્ર ફાર્મા કરતાં દસ ગણો વિકાસ પામશે, એવી આગાહી એફએસએસએઆઇ દ્વારા કરવામાં આવી છે. ભારતનો ન્યુટ્રાસ્યુટિકલ ઉદ્યોગ વિકસીત ભારત ૨૦૪૭ના વિઝન સાથે ગાઢ રીતે જોડાયેલો છે. ભારતનું ન્યુટ્રાસ્યુટિકલ બજાર ૨૦૩૧ સુધીમાં બમણું થવાનું છે. આ માહિતી ઇન્ફોર્મા માર્કેટ્સના મેનેજિંગ ડિરેક્ટર યોગેશ મુદ્રાએ વિટાફૂડ્સ ઇન્ડિયા સંદર્ભે પત્રકારો સાથેની વાતચીતમાં આપી હતી. ભારતના ન્યુટ્રાસ્યુટિકલ ક્ષેત્ર ૨૦૩૦ સુધીમાં ૧૫થી૧૮ ટકાના સીએજીઆર સાથે આઠથી નવ અબજ ડોલર સામે ૨૦થી ૩૦ અબજ ડોલરને આંબી જવાનો અંદાજ છે, વિટાફૂડ્સ ઇન્ડિયાની ચોથી આવૃત્તિ મુંબઈમાં ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાઇ રહેલા આ ત્રણ દિવસીય કાર્યક્રમમાં ભારતના ન્યુટ્રાસ્યુટિકલ, ફંકશનલ ફૂડ્સ, બીવરેજીસ અને ફૂડ સપ્લીમેન્ટ્સ ઇકોસિસ્ટમને સંયુક્ત કરવામાં આવશે.

મુંબઇઃ શેરબજારમાં ફોકસ્ડ આઈટી અને આઈટી ઈન્ડેક્સમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરો સૌથી અધિક વધ્યા હતા અને માર્કેટ કેપ રૂ.૨.૫૧ લાખ કરોડ ઘટ્યું હતું. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૪,૨૭૩.૯૨ના બંધથી ૫૫૮.૭૨ પોઈન્ટ્સ (૦.૬૬ ટકા) ઘટ્યો હતો.સેન્સેક્સ ૮૩,૯૬૮.૪૩ ખૂલી ઊંચામાં ૮૪,૦૬૧.૬૨ અને નીચામાં ૮૩,૫૧૬.૬૭ સુધી જઈને છેવટે ૮૩,૬૭૪.૯૨ બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૧૩ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૧૭ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૪૬ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૮૬ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૦ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૦૫ ટકા ઘટ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૪.૯૯ લાખ કરોડથી રૂ.૨.૫૧ લાખ કરોડ ઘટીને રૂ.૪૭૨.૪૮ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૪ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૧૯ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૧૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૦૭ ટકા અને ટોપ ૧૦ બેન્ક્સ ૦.૦૬ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ફોકસ્ડ આઈટી ૫.૪ ટકા, આઈટી ૫.૨૯ ટકા, રિયલ્ટી ૧.૫ ટકા, એનર્જી અને ઓઈલ એન્ડ ગેસ ૧.૧૮ ટકા, સર્વિસીસ ૦.૮૧ ટકા, એફએમસીજી ૦.૪૩ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૩૮ ટકા અને પીએસયુ બેન્ક ૦.૩૫ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૬૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૧,૬૩૪ સ્ક્રિપ્સ વધી હતી, ૨,૫૮૨ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૫૨ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૧૪૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૧૧૧ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૦ સ્ક્રિપ્સને ઉપલી અને ૭ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે બજાજ ફાઈનાન્સ ૩.૧૭ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૮૬ ટકા, ટ્રેન્ટ ૧.૫૨ ટકા, બીઈએલ ૧.૪૩ ટકા, સ્ટેટ બેન્ક ૦.૮૦ ટકા, ટાઈટન ૦.૬૮ ટકા, એશિયન પેઈન્ટ ૦.૬૫ ટકા, બજાજ ફિનસર્વ ૦.૪૭ ટકા અને લાર્સન ૦.૨૮ ટકા ઘટ્યા હતા, જ્યારે ટેક મહિન્દ્ર ૫.૯૯ ટકા, ઈન્ફોસિસ ૫.૭૯ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૫.૪૧ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૪.૮૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૨૩ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૧૩ ટકા, રિલાયન્સ ૧.૨૭ ટકા,ઈટર્નલ ૦.૯૩ ટકા,કોટક બેન્ક ૦.૭૬ ટકા,એચડીએફસી બેન્ક ૦.૭૧ ટકા,ઈન્ડિગો ૦.૬૬ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૫૯ ટકા, મારુતિ ૦.૫૮ ટકા અને એક્સિસ બેન્ક ૦.૫૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૫૩.૭૩ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૨૨૯ સોદામાં ૧,૫૦૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫૪,૩૧,૦૯૭ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૭,૬૧,૩૮,૨૭૯.૨૩ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં ૧૭ પૈસાનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં શરૂ થયેલી છૂટીછવાઈ લેવાલી સાથે ટ્રેડરોની માનસિકતામાં આવેલા બદલાવ ઉપરાંત આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૯ પૈસના ઉછાળા સાથે ૯૦.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો. વધુમાં રિઝર્વ બૅન્કે બૅન્કિંગ યંત્રણામાં પ્રવાહિતા જળવાઈ રહેવાની બાંયધરી આપી હોવાને કારણે પણ રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૭૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૦.૫૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૬૫ અને ઉપરમાં ૯૦.૪૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસા વધીને ૯૦.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ગબડ્યો હતો.

ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું કે અમેરિકા-ભારત વચ્ચે થયેલી ટ્રેડ ડીલની અમેરિકાએ જાહેર કરેલી ફેક્ટ શીટને આરંભિક તબક્કે બજારે આવકાર આપ્યો હતો, પરંતુ ત્યાર બાદ ભારત અમેરિકી ઔદ્યોગિક ઉત્પાદનો અને ખાદ્ય અને કૃષિ ઉત્પાદનોની વિશાળ શ્રેણી પરની આયાત જકાતમાં ઘટાડો કરશે અથવા ડ્યૂટી દૂર કરશે એવા નિર્દેશો મળતાં બજારમાં ચિંતા વ્યાપી હતી. જોકે, ગઈકાલે વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે ભારતે સંવેદનશીલ ચીજોના વેપાર બાબતે બહુ સ્પષ્ટતા સાથે વાટાઘાટ કરી છે અને વચગાળાના કરારમાં મુખ્ય સેગ્મેન્ટોનાં હિતો જાળવવામાં આવ્યા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ૯૬.૭૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૨૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૪૩.૮૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૫૮.૭૨ પૉઈન્ટનો અને ૧૪૬.૬૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# અમેરિકી ફેડરલના રેટ કટનો આશાવાદ ઓસરતા વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૭૩૧૬ ઘટી અને સોનામાં ₹ ૧૬૭૨ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


મુંબઈ: ગઈકાલે જાહેર થયેલા અમેરિકાના જાન્યુઆરી મહિનાના રોજગારના ડેટા અપેક્ષા કરતાં વધુ મજબૂત આવતાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકવાનો ત્વરીત નિર્ણય લે તેવો આશાવાદ ઓસરી જતાં આજે લંડન ખાતે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૩૧૬નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૬૫થી ૧૬૭૨નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા મજબૂત થયો હોવાથી આયાત પડતરોમાં ઘટાડો થવાને કારણે પણ ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચાંદીના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૭૩૧૬ના ઘટાડા સાથે રૂ. ૨,૫૯,૧૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં વધુ ઘટાડાના આશાવાદને કારણે સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહી હતી. તેમ જ આજે સોનામાં પણ ભાવઘટાડાના આશાવાદે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હતી અને વિશ્વ બજાર પાછળ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૬૫ના ઘટાડા સાથે રૂ. ૧,૫૫,૦૨૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૬૭૨ના ઘટાડા સાથે રૂ. ૧,૫૫,૬૫૦ના મથાળે રહ્યા હતા.



દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૫૦૬૪.૨૯ ડૉલર અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ૫૦૮૬.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૮૩.૪૭ ડૉલર આસપાસ રહ્યા હતા. ગઈકાલે અમેરિકા જોબ ડેટાની જાહેરાત પૂર્વે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૫૧૦૦ ડૉલર અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૮૬ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા, પરંતુ ત્યાર બાદ ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી રેટકટનો આશાવાદ ઓસરી જતાં ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ ઓલે હાસને જણાવતાં ઉમેર્યું હતું કે હવે ચીનની નવાં લ્યુનાર વર્ષની રજાઓ ટૂંક સમયમાં શરૂ થવાની હોવાથી પાંખાં કામકાજો અને પ્રવાહિતા ઓછી રહેતાં ભાવ વધુ દબાણ હેઠળ આવી શકે છે. ગત જાન્યુઆરી મહિનામાં અમેરિકામાં ૭૦,૦૦૦ની અપેક્ષિત વૃદ્ધિ સામે રોજગારીમાં ૧,૩૦,૦૦૦નો ઉમેરો થયો હતો અને બેરોજગારીનો દર પણ ઘટીને ૪.૩ ટકાના સ્તરે રહ્યો હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા.

જોકે, હવે બજાર વર્તુળોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના બેરોજગારી ભથ્થું મેળવવા માટેના અરજદારોના ડેટા અને આવતીકાલે જાહેર થનારા ફુગાવાના ડેટા પર સ્થિર થઈ છે.

# નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં આગેકૂચ



મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની અમુક ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૩ વધી આવ્યા હતા. તેમ જ આજે નિકલની આગેવાની હેઠળ કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ, એલ્યુમિનિયમ અને ઝિન્ક સ્લેબમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી નવ સુધીનો સુધારો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર ટીનમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો અને ચાર સત્રની તેજીનો અંત આવ્યો હતો. આજે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૩ વધીને રૂ. ૧૬૪૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૨૮૦ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૪૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૨૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૪૨ અને કોપર સ્ક્રેપ હેવી તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૨૧૧ અને રૂ. ૩૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર ટીનમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૪૭૦૮ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨૨૦, રૂ. ૧૨૦૧, રૂ. ૭૩૮ અને રૂ. ૧૯૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ખાંડમાં વધુ ₹ ૧૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે મિલોની વેચવાલીના દબાણ સામે સ્થાનિક સ્તરની તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૦૦થી ૩૭૫૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહી હતી. જોકે, મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦ની અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ની પીછેહઠ જળવાઈ રહી હતી. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, એકંદરે માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૨થી ૩૯૩૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૪૨થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૭૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૨૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



### પાંખાં કામકાજો અને વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે આયાતી તેલમાં નરમાઈ

# વધુ પુરવઠો અને ઓછી માગ ક્રૂડ પામતેલના ભાવ દબાણ હેઠળ રાખશે: દોરાબ મિસ્ત્રી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટિવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૪ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ હતા. તેમ જ ગઈકાલે શિકાગો ખાતે પણ સોયાતેલના વાયદામાં બાવીસ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ નિર્દેશો હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે વધુ ભાવ ઘટાડાના આશાવાદ વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી હાજરમાં આયાતી તેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. તેમ જ આજે મથકો પાછળ દેશી તેલમાં પણ પીછેહઠ જોવા મળી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૧૦ કિલોદીઠ સરસવમાં રૂ. ૫૦ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ગુજરાતના મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૬૦નો અને લૂઝમાં રૂ. ૪૦નો ઉછાળો આવ્યો હોવાથી સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૩૦ વધી આવ્યા હતા.

તાજેતરમાં કુઆલાલમ્પુર ખાતેની એક પરિષદમાં ગોદરેજ ઈન્ટરનેશનલ લિ.નાં ડિરેક્ટર અને સ્થાનિક ખાદ્યતેલ બજારના અગ્રણી વિશ્લેષક દોરાબ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે પામતેલમાં વધુ પુરવઠો અને ઓછી માગ રહેતાં આગામી જુલાઈ મહિના સુધી મલયેશિયન ક્રૂડ પામતેલના વાયદામાં ભાવ દબાણ હેઠળ ટનદીઠ ૩૮૦૦થી ૪૩૦૦ રિંગિટની રેન્જમાં રહે તેવી શક્યતા છે. તેમ જ ઈન્ડોનેશિયા શેષ વર્ષ દરમિયાન બાયોડીઝલના બી૪૦ ધોરણો જાળવી રાખે તેવી શક્યતા છે, પરંતુ જો વાયદામાં ક્રૂડ પામતેલના ભાવ ૪૦૦૦ રિંગિટની અંદર ઉતરે તો બી૫૦ ધોરણો અપનાવે તેવી શક્યતા નકારી ન શકાય, એમ તેમણે ઉમેર્યું હતું.

આજે ગુજરાતના ગોંડલ મથકે મગફળીની ૫૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૫૦થી ૧૫૬૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૮૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૪૫૦થી ૧૫૬૦માં થયા હતા. આ સિવાય ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં દેશાવરોની માગને ટેકે હાજરમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૬૦ વધીને રૂ. ૨૭૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૪૦ વધીને રૂ. ૧૭૫૦માં થયા હતા.

# મહાશિવરાત્રિના પર્વના અનુસંધાને સોમનાથમાં ૬૦ ટન રેતીમાંથી તૈયાર થશે રેતશિલ્પ



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહાશિવરાત્રિના પર્વના અનુસંધાને સોમનાથમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ભક્તિ, ભોજન અને ભજનના આ ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવા આવતા શ્રદ્ધાળુઓ માટે સોમનાથ ટ્રસ્ટના સંકલનમાં રહી અને વહીવટી તંત્રની તમામ તૈયારીઓ પૂર્ણતાના આરે છે. આ પર્વમાં ભાવિકોને સોમનાથના આંગણે ઓરિસ્સાથી પધારેલા સેન્ડ આર્ટિસ્ટની કલાકૃતિઓ પણ માણવા મળશે.

કલાકૃતિઓ અંગે સેન્ડ આર્ટિસ્ટ નારાયણ સાહૂએ જણાવ્યું હતું કે, અમે ખૂબ જ ખુશ છીએ કે અમને મહાશિવરાત્રિના આ પર્વ પર સોમનાથ આવવાનું સદ્નસીબ પ્રાપ્ત થયું છે. અહીં અમને ત્રણ સ્કલ્પચર આર્ટ બનાવવાની તક મળી છે.

અન્ય રેત કલાકારોનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, મારી સાથે ઓરિસ્સાથી સુબોલ્લા મહારાણા અને જીતેન્દ્ર મહારાણા આવ્યા છે. રેતશિલ્પના માધ્યમથી અમે અહીં અમારી કલાનું પ્રદર્શન કરીશું.

આ રેતશિલ્પ તૈયાર કરવામાં ૬૦ ટન રેતી અને આશરે ૨ થી ૩ હજાર લિટર પાણીનો વપરાશ થશે. અમે ત્રણ દિવસમાં અમે ત્રણ આર્ટ તૈયાર કરીશું.

ગણપતિજી, શિવ-પાર્વતી અને કાર્તિકિયના સ્કલ્પચરનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે અમે એક આર્ટ ૨૪ કલાકમાં તૈયાર કર્યું છે. ખૂબ જ મહેનતથી આ સેન્ડ આર્ટ તૈયાર કરવામાં આવે છે.

રાત-દિવસની મહેનતથી તૈયાર કરાયેલા આ આર્ટમાં કોઈ કેમિકલનો વપરાશ કરવામાં આવતો નથી. અન્ય આર્ટમાં સોમનાથ મંદિર અને શિવતાંડવની કૃતિઓ તૈયાર કરવામાં આવશે. ■

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 'ઔષધીય વનસ્પતિ ઉદ્યાન વિસ્તરણ અને પ્રાકૃતિક ખેતી પ્રકલ્પ'નો આરંભ

(અમારા પ્રતિનિધિ તરફથી) (ફોટો છે રાજ્યપાલ નામે)

અમદાવાદઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગુરુવારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે બાયોસાયન્સ ભવન દ્વારા નવનિર્મિત બોટનિકલ ગાર્ડનમાં 'ઔષધીય વનસ્પતિ ઉદ્યાન વિસ્તરણ અને પ્રાકૃતિક ખેતી પ્રકલ્પ'નો શુભારંભ કરાવ્યો હતો. આ અવસરે રાજ્યપાલે સિંદૂરના છોડનું રોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલે ગાર્ડનમાં નિર્માણ પામેલા તળાવ અને ગ્લાસ હાઉસની મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ દ્વારા ઉગાડવામાં આવેલા વિવિધ પાકનું નિરીક્ષણ કર્યું હતું. પર્યાવરણ જતન, જૈવવિવિધતા સંરક્ષણ અને ગૌ-આધારિત કૃષિને પ્રોત્સાહન આપવા બદલ તેમણે વિભાગના વડા, પ્રોફેસરશ્રીઓ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉપસ્થિતોને સંબોધતાં જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિએ પોતાના જન્મદિવસે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેની સંભાળ લેવી જોઈએ અને આગામી



જન્મદિવસ સુધી તેનો ઉછેર કરવો જોઈએ. આથી પર્યાવરણ રક્ષણમાં આપણાં સૌની જનભાગીદારી મજબૂત બનશે. વિદ્યાર્થીઓ દ્વારા ગ્લાસ હાઉસમાં બાયો એન્ઝાઇમ ફર્ટિલાઇઝર, હર્બલ સિરમ-શેમ્પૂ, ઓર્ગેનિક માઇક્રો ગ્રીન્સ અને ઓર્ગેનિક ઓઇસ્ટર મશરૂમ જેવા પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા, જેને રાજ્યપાલશ્રીએ રસપૂર્વક નિહાળ્યા અને માહિતી મેળવી હતી.

આ પ્રસંગે બહેડા, ફાલસા, જંગલી બદામ, જાસૂદ, પીલુડી, મીઠો લીમડો, શેતૂર, સિંદૂરી, અર્જુન, સાદડ, બીલી, રાયણ, ગરમાળો, ખાખરો, કરમદા, પારસ પીપળો, ગુગળ, ફણસ, કરંજ, નીલગિરી સહિત વિવિધ પ્રજાતિના વૃક્ષોનું મહાનુભાવો અને વિદ્યાર્થીઓ દ્વારા વાવેતર કરવામાં આવ્યું હતું. ■

# જામનગરમાં આંગણવાડીમાં કામ કરતી મહિલાઓએ રેલી કાઢી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં આંગણવાડીમાં કામ કરતી મહિલાઓએ પોતાની વિવિધ માગણીઓ મામલે રજૂઆત કરવા એક દિવસની હડતાલ પાડી હતી અને રેલી કાઢી હતી, જેમાં ૪૦૦ જેટલી મહિલાએ પોતાની માગણીઓને જિલ્લા કલેક્ટર સમક્ષ મૂકી હતી.

આ મહિલાઓએ મહેનતાણા મામલે ફરિયાદો કરી હતી. આ સાથે અન્ય ૨૧ માગણી પણ તેમણે રાખી હતી.

તેમની ફરિયાદ અનુસાર હેલ્પરને રૂ.૨૦,૪૦૦ અને કાર્યકર બહેનોને રૂ.૨૪,૮૦૦નો પગાર મંજૂર થયો છે, તેમ છતાં ચૂકવવામાં આવતો નથી અને વધુ કામગીરી કરાવવામાં આવે છે.

આ સાથે તેમણે સ્માર્ટ ફોનમાં ઘણી કામગીરી કરવાની હોય છે, પરંતુ ફોન આપવામાં આવ્યા નથી. ■

# ભાવનગરને શનિવારે મળશે ઈ-બસ સિટી સર્વિસ, વડા પ્રધાન ઉદ્‌ઘાટનમાં વર્ચ્યુઅલી હાજર રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરમાં લાંબા સમયથી રાહ જોવાતી સિટી બસ સેવાનું ઉદ્‌ઘાટન ૧૪ ફેબ્રુઆરીના રોજ થશે. આ લોન્ચિંગ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ હાજરીમાં થશે, જેમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી હાજરી આપશે. પ્રથમ તબક્કામાં, આઠ રૂટ પર બસોનું સંચાલન શરૂ થશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

ઉદ્‌ઘાટન દિવસથી વહીવટીતંત્ર આઠ રૂટ પર ૫૦ સિટી બસો તૈનાત કરવા માટે તૈયાર છે. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના લગભગ ૧૬ અધિકારીને આ માટેની જવાબદારી સોંપવામાં આવી છે. સમારંભ દરમિયાન સંઘવી ઇ-બસોને લીલી ઝંડી આપશે, જ્યારે વડા પ્રધાન વર્ચ્યુઅલી જોડાશે.

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ઈ-બસ પ્રોજેક્ટ હેઠળ, ભાવનગરને ૧૦૦ ઇલેક્ટ્રિક બસો ફાળવવામાં આવી છે. આમાંથી ૫૦ બસો પહેલેથી જ આવી ગઈ છે, જ્યારે બાકીના કાફલાની ડિલિવરી ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે. ઘણા સમયથી લોકો આ સેવાની રાહ જોતા હતા. શહેરના ૧૩ વોર્ડ્સને આ બસસેવામાં આવરી લેવાશે. ■

# અંજારના વરસામેડીમાં લોખંડના સળિયા ભરતી વેળાએ લાગેલા વીજ શોકથી કિશોરનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં અપમૃત્યુના બનાવોનો વણથંભ્યો સિલસિલો જારી રહ્યો હતો જેમાં એક તલાટી મંત્રીના પુત્ર સહિત ત્રણ લોકોના અકાળે મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી.

અંજારના વરસામેડી ખાતે એક છકડામાં લોખંડના સળિયા રાખતી વેળાએ જોરદાર વિજ શોક લાગતા ગાંધીધામના નૈતિક અશોક ભાનુશાળી (ઉં.વ.૧૭)નું મોત નીપજ્યું હતું જયારે ભચાઉ નજીક સર્જાયેલા હિટ એન્ડ રનના બનાવમાં છૂટક ડ્રાઇવિંગ કરનારા પ્રકાશ પરબત અવારીયા (કોળી) નામના ૨૫ વર્ષીય યુવાનનું મોત થયું હતું તેમજ બંદરીય મુંદરાના બોરાણા સર્કલ નજીક મોટરસાઇકલ અને ટ્રેઇલર વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ૨૬ વર્ષીય મનીષ કુશ્વાહા નામના પરપ્રાંતીય યુવાને જીવ ખોયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામમાં રહેનાર નૈતિક ભાનુશાળી ગત રાત્રે અંજારના વરસામેડી ગામની ગાયત્રી સોસાયટી ખાતે છકડામાં લોખંડના સળિયા રાખવાનું કામ કરી રહ્યો હતો. આ વેળાએ કિશોરના હાથમાં રહેલો લોખંડનો સળિયો ઉપરથી પસાર થતી મુખ્ય વીજ લાઇનને અડકી જતાં તેના જોરદાર વીજ શોક લાગ્યો હતો. ઘવાયેલા આ કિશોરને સારવાર અર્થે લઇ જવાતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

બીજી તરફ, ભારે વાહનોની અવરજવરને કારણે અકસ્માત ઝોન બની રહેલા ગાંધીધામ-ભચાઉ ધોરીમાર્ગ પર આવેલી સતલુજ હોટેલ સામે એક જીવલેણ હિટ એન્ડ રનનો અકસ્માત સર્જાયો હતો જેમાં પગપાળા જઈ રહેલા તલાટી કમ મંત્રીના નાના પુત્ર પ્રકાશને કોઈ અજાણ્યા વાહને હડફેટમાં લેતા તેનું ગંભીર ઇજાઓને પગલે મોત નીપજ્યું હતું.

કરુણ બનાવ અંગે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ મૃતકના મોટાભાઇ યોગેશ અવારિયાએ ભચાઉ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સાત વર્ષના દીકરા અને ચાર વર્ષની પુત્રીનો પિતા પ્રકાશ મૂળ ભચાઉના કલ્યાપર ગામનો રહેવાસી હતો અને મોટાભાઈના પરિવાર સાથે વરસામેડી ગામમાં રહેતો હોવાનું જાણવા મળી રહ્યું છે.

દરમ્યાન, વધુ એક જીવલેણ માર્ગ અકસ્માતનો બનાવ વહેલી સવારના છ વાગ્યાની આસપાસ મુંદરા ખાતે બનવા પામ્યો હતો જેમાં મૂળ ઉત્તર પ્રદેશના બલિયાનો, મુંદરા સ્થિત એક ખાનગી કંપનીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવનારો મનીષ કુશ્વાહ નાઈટ ડ્યૂટી પૂર્ણ કરીને પરોઢે સહકર્મી અતુલ તુલસીદાસ સોલંકી (રહે. મૂળ કોઠારા, અબડાસા હાલ રહે હિંગળાજ નગર, બારોઈ, મુંદરા)ની મોટરસાઇકલ પર પાછળ બેસીને ઘર તરફ જતો હતો ત્યારે પાછળથી ધસી આવેલાં ટ્રેઇલરે ટક્કર મારી દીધી હતી જેમાં મનીષનું ટ્રેઇલર તળે કચડાઈ જવાથી મોત નીપજ્યું હતું જયારે અતુલનો આબાદ બચાવ થયો હતો. મુંદરા પોલીસે ટ્રેલર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# લાઠીના ભવાની ગાર્ડનનું ₹૧.૨૬ કરોડના ખર્ચે સૌંદર્યીકરણ



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની વિવિધ નગરપાલિકાઓમાં બંજર થયેલા ઉદ્યાનોને પુનઃવિકસિત કરવામાં આવી રહ્યાં છે, તેમજ નવાં બાગ-બગીચાઓ પણ વિકસિત કરવામાં આવી રહ્યાં છે, જેમાં લાઠીના ભવાની ગાર્ડનનો પણ સમાવેશ થાય છે. આ ભવાની ગાર્ડનને પુનઃવિકસિત કરીને નંદનવન જેવો આલીશાન હરિયાળો બગીચો બનાવવામાં આવ્યો છે, જેનો આજે લાઠીના નાગરિકો ભરપૂર લાભ ઉઠાવી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, અમૃત ૨.૦ હેઠળ રાજ્યની શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ₹૧૧૭.૫૬ કરોડના ખર્ચે કુલ ૧૩૧ બગીચાઓ વિકસિત કરવાનો લક્ષ્યાંક છે, જેમાંથી ૭૦ બગીચાઓનું વિકાસકાર્ય પૂર્ણ થઈ ગયું છે, જ્યારે બાકીના ૬૧ બગીચાઓને વિકસિત કરવાનું કાર્ય હાલ પ્રગતિમાં છે. રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર લાઠી નગરપાલિકા વિસ્તારમાં સ્થિત ભવાની ગાર્ડન બંજર થઇ ગયો હતો, જેનો શહેરીજનો કોઈ ઉપયોગ કરતા ન હતા. અમૃત ૨.૦ યોજના હેઠળ રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે આ બગીચાને પુનઃવિકસિત કરવાનું નક્કી કર્યું હતું. આજે ભવાની ગાર્ડનની સંપૂર્ણ કાયાપલટ થઈ હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું.

બગીચામાં જે વૃક્ષો પહેલેથી હતા એને જાળવવામાં આવ્યા છે અને વોકવે તેમ જ બગીચાની આસપાસ દેશી પ્રજાતિઓના વૃક્ષોને ઉછેરવામાં આવ્યા છે, જેથી પ્રવાસી અને સ્થાનિક પક્ષીઓ માટે કુદરતી નિવાસસ્થાન બનાવી શકાય. તમામ વયજૂથના નાગરિકોને ધ્યાનમાં રાખીને આ બગીચાનો વિકાસ કરવામાં આવ્યો છે, જેમાં વિવિધ પ્રવૃત્તિઓ માટેના સ્થળો પણ વિકસિત કરવામાં આવ્યા છે, જેમાં ખુલ્લો લોન વિસ્તાર, બાળકોને રમવા માટેનો વિસ્તાર, ઓપન જિમ એરિયા એટલે કે શારીરિક કસરતો કરવા માટેનો વિસ્તાર, યોગ અને નોલેજ સેન્ટરનો સમાવેશ થાય છે. બગીચાની મધ્યમાં શ્વેત અશ્વોનું એક આકર્ષક ફાઉન્ટેન સ્કલ્પચર પણ બનાવવામાં આવ્યું છે, જે આ બગીચાના સૌંદર્યમાં વધારો કરે છે. ₹૧.૨૬ કરોડના ખર્ચે ૧૦,૯૩૬.૩૫ ચોરસમીટર વિસ્તારમાં સમગ્ર ભવાની ગાર્ડન વિકસિત કરવામાં આવ્યો છે, જેનો શહેરીજનો ભરપૂર લાભ મેળવી રહ્યા છે, તેમ રાજ્ય સરકારે માહિતી આપતા જણાવ્યું હતું. ■

# અંજારમાં ૧.૮૩ લાખના અંગ્રેજી શરાબના જથ્થા સાથે યુવકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છ પંજાબની જેમ નશાખોરીનું જાણે હબ બની ચૂક્યું હોય તેમ લગભગ દરરોજ ડ્રગ્સ, શરાબ જેવા માદક પદાર્થો ઝડપાતા રહે છે તેવામાં અંજારના જી.આઇ.ડી.સી. નવાનગર ખાતે એક મકાનમાંથી સ્થાનિક ગુન્હાશોધક શાખાએ રૂ.૧,૮૩,૪૦૦ના અંગ્રેજી પ્રકારના શરાબના જથ્થા સાથે એક યુવકને ઝડપી પાડયો હતો, જયારે અંજાર તાલુકાના ખેડોઇ નજીક એક હાઇવે હોટલ કમ ઢાબા નજીકથી માદક પદાર્થ ગાંજા સાથે એક શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, અંજાર નવાનગર જી.આઇ.ડી.સી. વિસ્તારમાં હનુમાન દાદાના મંદિર પાસે રહેનાર શૈલેષ રઘુરામ મારા (ગઢવી) શરાબનો વેપલો કરતો હોવાની મળેલી પૂર્વ બાતમીના આધારે એલસીબીએ શૈલેષના ઘરે દરોડો પાડ્યો હતો જેમાં વિવિધ બ્રાન્ડનો કુલ રૂ.૧,૮૩,૪૦૦નો ભારતીય બનાવટનો અંગ્રેજી શરાબનો જથ્થો મળી આવ્યો હતો.

# વીરપુરમાં જલારામ બાપાની પુણ્યતિથિએ સમગ્ર ગામે સ્વૈચ્છિક બંધ પાળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જગવિખ્યાત યાત્રાધામ વીરપુરમાં પૂજ્ય જલારામ બાપાની ૧૪૫મી પુણ્યતિથિ આસ્થાભેર ઉજવવામાં આવી હતી. આ નિમિત્તે વહેલી સવારે બાપાના પરિવારજનો દ્વારા તેમના સમાધિ સ્થળે વિધિવત્ પૂજા-અર્ચના અને આરતી કરવામાં આવી હતી. પૂજ્ય બાપા પ્રત્યે અપાર શ્રદ્ધા અને આદર વ્યક્ત કરવા માટે વીરપુરના તમામ નાના-મોટા વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર સ્વૈચ્છિક રીતે બંધ રાખીને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પૂજ્ય જલારામ બાપાની જન્મભૂમિ અને કર્મભૂમિ ગણાતા વીરપુરમાં દરરોજ દેશ-વિદેશથી લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડે છે. નોંધનીય છે કે બાપાએ શરૂ કરેલું સદાવ્રત છેલ્લા ૨૦૫ વર્ષથી અવિરતપણે કાર્યરત છે, જ્યાં કોઈ પણ ભેદભાવ વગર શ્રદ્ધાળુઓને ભોજન કરાવવામાં આવે છે. વિક્રમ સંવત ૧૯૩૭ મહા વદ દશમીના દિવસે બાપા વૈકુંઠવાસ પામ્યા હતા. ■



**દેને કો ટુકડા ભલા, લેને કો હરિનામઃ**

સૌરાષ્ટ્ર એ સંતોની ભૂમિ છે. અહીં ભજનની સાથે ભોજનની પરંપરા રહી છે. સૌરાષ્ટ્રની અનેક જગ્યાઓ આજે પણ તેના હરિહરના નાદ માટે ખ્યાત છે. હાલ જૂનાગઢમાં ગિરનાર તળેટીમાં ભગવાન ભવનાથના સાંનિધ્યમાં ચાલી રહેલા મહાશિવરાત્રિના મેળામાં ઠેરઠેર અન્નક્ષેત્રોની સેવા ચાલી રહી છે. રાતદિવસ થાક્યા વિના સૌરાષ્ટ્રવાસીઓ મેળામાં આવનારા માનવોની જઠરાગ્નિ ઠારીને માનવસેવાથી પ્રભુસેવાનો અનેરો લહાવો લઈ રહ્યા છે. (તસવીરઃ હરેશ જોશી)

# પટણા ડી.આર.આઈ.એ ગાંધીધામમાંથી નકલી ચલણી નોટના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામ શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં અચાનક ત્રાટકેલી પટણાની ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સની ટુકડીએ એક મારુતિ-સુઝુકી સ્વીફ્ટ કારમાંથી નકલી ચલણી નોટના થપ્પા ભરેલા થેલા સાથે બે જણને ફિલ્મીઢબે ઝડપી પાડતાં ચકચાર પ્રસરી જવા પામી છે.

પૂર્વ બાતમીના આધારે પટણા ડી.આર.આઇ. અને ગાંધીધામ ડી.આર.આઇ. દ્વારા સંયુક્ત કવાયત હાથ ધરવામાં આવી હતી જેમાં નકલી ચલણી નોટના જથ્થા સાથે કચ્છમાં આવેલા શખ્સોને ઝડપી પાડવા માટે ગાંધીધામના રેલવે મથક નજીક વોચ ગોઠવવામાં આવી હતી. બાતમી મુજબની સ્વીફ્ટ કારને અટકાવવાનો પ્રયાસ કરાતાં આરોપીઓએ સ્વીફ્ટ કાર આગળ હંકારી દીધી હતી. ડી.આર.આઇ.એ તેનો પીછો કરી તેમને આંતરી લીધા હતા અને પથ્થર વડે કારના કાચ તોડી, અંદરથી બે શખ્સને દબોચી લીધા હતા. કારની તપાસ દરમ્યાન નકલી ચલણી નોટ ભરેલા થેલા મળી આવ્યા હતા જેને સ્થાનિક ડી.આર.આઇ.ની કચેરીએ લઇ જવાયા હતા. દરમ્યાન, તાજેતરમાં પટણા ખાતે ડી.આર.આઇ.એ નકલી ચલણી નોટના કારોબારનો પર્દાફાશ કર્યો હતો. આ કૌભાંડમાં ગાંધીધામની કડી ખૂલતાં આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# ખાવડાના આર.ઈ પાર્કમાં સ્થિત પ્લાન્ટમાંથી રૂ. ૭ લાખના સ્ટ્રીંગ કેબલ ચોરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ખાવડાના વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કમાં આવેલા એક પ્લાન્ટમાં લાગેલી સોલાર પ્લેટોમાંથી કિ.રૂ.૭,૦૦,૦૦૦ કિંમતી સ્ટ્રીંગ કેબલનું ચોરી જવાતાં વધુ એકવાર અહીંની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

ખાવડા પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ખાવડાના કુરન પાસે આવેલા આર.ઈ. પાર્કમાં એમ.એસ.ચૌહાણ ઈન્ફ્રા વેન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડ હસ્તકના પ્લાન્ટમાં અલગ-અલગ બ્લોક્સમાં ઇન્સ્ટોલ થયેલી સોલાર પ્લેટોમાં લગાવાયેલા સ્ટ્રીંગ કેબલ જેની કિં. રૂ. ૭,૦૦,૦૦૦ની અજાણ્યા શખ્સ દ્વારા ચોરી કરવામાં આવી હતી. હાલ આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. ■